
સંતવાણી ગ્રંથાવલિ ૮

# મહર્ષિ વિનોબા ભાવે



# મહર્ષિ વિનોબા ભાવે

# (Maharshi Vinoba Bhave)

મીરા ભટ્ટ
(ભાવનગર)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦ ૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે,
આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**અઢાર રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. अथातो ब्रह्मजिज्ञासा | ૧ |
| ૨. શાંતિ–ક્રાન્તિના સંગમ તીર્થે | ૧૭ |
| ૩. ભોંભીતર પાંગરતું બ્રહ્મબીજ | ૨૫ |
| ૪. પરંધામનો પરમહંસ | ૩૫ |
| ૫. ભૂદાનનો પ્રજાસૂય યજ્ઞ | ૪૬ |
| ૬. સૂક્ષ્મ પ્રવેશ અને કર્મમુક્તિ | ૫૭ |
| ૭. પવનારી વાણી–દિલ જોડો | ૬૮ |
| ૮. दरिया लहर समाई | ૭૭ |
| વિનોબાની વાણી | ૮૯ |

# १. अथातो ब्रह्मजिज्ञासा

બીમાંથી અંકુર ફૂટે અને કળી થાય, કળીમાંથી ફૂલ અને ફૂલમાંથી ફળ.... આ પ્રક્રિયા આ નરબીજમાં જોવા નથી મળતી. માનવબીજ હોવાને લીધે થોડુંઘણું દેહતત્ત્વ તો હોય જ, પણ તેમ છતાંય જાણે આ બીજ એવું દેખાતું હતું, જેમાં અભૌતિક, અપાર્થિવ તેવા બ્રહ્મતત્ત્વનો અંશ મહત્તર હતો. શરીર તો જન્મથી જ નબળું. મા કહેતી ''વિન્યો છ મહિના કાઢે તો ઘણું!'' પણ આવા કૃશ દેહે પણ જીવનની સર્વોચ્ચ સાધના સધાઈ.

એટલે તો છ વર્ષની નાનકડી વયે એની દોસ્તી બંધાય છે શંકરાચાર્ય સાથે. આમ તો મહારાષ્ટ્રના ચિત્તપાવની અગ્નિહોત્રી બ્રાહ્મણશ્રેષ્ઠને ત્યાં જન્મ, જ્યાં ભારતીય સંસ્કૃતિનું ધર્મતેજ સહજ ઝળહળતું હતું. પુરાણયુગના કોઈ ઋષિએ પેટાવેલા અગ્નિની જ્યોતિ આજ સુધી અખંડિત અને સતેજ રાખી એનાથી જ રસોઈ અને ધાર્મિક વિધિના યજ્ઞો પ્રગટે અને અંતિમ સંસ્કાર પણ એનાથી જ થાય, આવી પરંપરાને જાળવનારા પ્રાચીનપ્રેમી શંભુરાવદાદાને ત્યાં ૧૮૯૫ની ૧૧મી સપ્ટેમ્બરે ગાગોદેના વતનમાં નરહરિ ભાવેનો પહેલો સુપુત્ર વિનાયક જન્મે છે.

આ ધર્મનિષ્ઠ દાદા ચાંદ્રાયણ વ્રત કરતા, જેમાં ચંદ્રોદય થાય પછી જ ઉપવાસ છૂટે. ચંદ્રોદય એક સમયે તો રોજ થાય નહીં. ક્યારેક રાત્રિના પહેલા પહોરેય થાય અને ક્યારેક પાછલી રાતેય થાય. પણ જ્યારે થાય ત્યારે બાળકોને જગાડી, શ્લોકો-મંત્રો સાથે ચંદ્રની આરતી કરી ચંદ્રને પ્રણામ કરાવતા. અડધી રાતેય ભગવાનનાં દર્શન કરાવવાની દાદાની આ લગને વિનાયકના

બાળહૃદયમાં અથાગ પ્રભુપ્રીતિ ભરી દીધી. દાદા પાસેથી જ ગણેશોત્સવમાં ઘડાતી ગણપતિની મૂર્તિ અને પાછી એ જ મૂર્તિ પાણીમાં પધરાવી દેવાના રિવાજ પાછળ રહેલી અનાસક્તિ કેળવવાની દૃષ્ટિ પણ દાદા પાસેથી જ લાધી.

દાદાની પ્રભુપરાયણતાનેય ચાર ચાંદ લગાડે તેવી તો વળી હતી મા. રખુમાઈ (રુક્મિણીદેવી) દેખાવે સુંદર, વર્ણ ગોરો, મોટી મોટી આંખો, નમણો અને ઘાટીલો બાંધો. ભણેલી તો નહોતી, પણ દાદાએ ઘરની દીવાલો પર મોટા મોટા અક્ષરે શ્લોકો લખી રાખેલા તે વાંચી વાંચી જીવન સાર્થક કરી શકાય તેટલું અક્ષરજ્ઞાન મેળવી લીધેલું. બુદ્ધિ અત્યંત ધારદાર. મા-બેટાના સંવાદો તો જાણે જીવતાં વેદ-ઉપનિષદ! રખુમાઈ એ નોખી માટીની નારી હતી. એનામાં રહેલાં અનાસક્તિ, વૈરાગ્ય, બ્રહ્મનિષ્ઠા, વ્યાપક પ્રેમ વગેરે તત્ત્વો પ્રગટ થયાં વિનોબા દ્વારા; પરંતુ વિનોબાની આ બધી સંપદા જાણે માના જ વારસામાંથી સીધી ઊતરી આવી હોય તેવું લાગે છે. આખો દિવસ એના હોઠ ઉપર ભગવાન આવીને હસતા-ખેલતા હોય. વહેલા પરોઢિયે ઊઠી ઘંટીના ઘરર અવાજ સાથે સંતોનાં અભંગો ગાતી. રસોઈ કરતી વખતે પણ ભજનની કોઈક ને કોઈક કડી ગણગણવાનું ચાલુ જ હોય! વળી આ ભક્તિ કોઈ કૃતિ વગરની ઘેલી શાબ્દિક ભક્તિ નહોતી. સેવા સાથે નિરહંકારીપણું જીવનમાં પ્રગટાવવા મથતી આ ભક્તિ હતી. આખો દિવસ કામ ચાલ્યા કરતું. બપોરે સૌને ખવડાવી-પીવડાવી બારેક વાગ્યે ખૂણામાં સ્થાપેલા દેવઘરમાં પહોંચી જતી અને મૂર્તિ સામે બેસીને કાંઈક શ્લોક-ભજન બોલતી અને પછી પોતાના કાન પકડીને કહેતી, ''હે અનંતકોટિ બ્રહ્માંડ-નાયક, તું

મારા અપરાધ માફ કર!'' અને પછી આંખોમાંથી આંસુની ધારા વહેતી. આ આંસુઓની ધારાઓનો સાક્ષી બનતો નાનકડો વિન્યો. એના હૃદયની ધરતીને ભીંજવવા, ભક્તિ અને શ્રદ્ધાનાં ફૂલ ઉગાડવા આ ધારા ગંગા-જમુનાની ધારા બની જતી. એટલું જ નહીં, ભગવાન 'અનંત-કોટિ-બ્રહ્માંડ-નાયક'ની વ્યાપકતાથી હૃદય ફાટું ફાટું થઈ જતું. માની આ રોજિંદી ઘટનાને યાદ કરીને મોટા થયા પછી કેટલીય વાર વિનોબાએ આંસુની ધારા વહાવી માની ભક્તિને પ્રેમનાં ફૂલ ચડાવ્યાં છે.

પિતાજીનો સ્વભાવ જ એવો ઉદાર હતો કે એ પોતાને ઘેર કોઈ ને કોઈ વિદ્યાર્થી કે ગરીબ વ્યક્તિને આશ્રય આપતા. તે વખતે કોઈ ગરીબ વિદ્યાર્થી સાથે રહેતો હતો. ક્યારેક કશુંક ખાવાનું વધી પડે તો મા પોતે તે વાસી ખાવાનું ખાઈ લેતી અથવા વધારે હોય તો પોતાના વિન્યાને આપતી. પેલા વિદ્યાર્થીને કાયમ તાજી રસોઈ પીરસે. વિન્યો રોજ આ તમાશો જોતો. એક દિવસ મજાકમાં કહે, ''મા, તું પોતે અમને શીખવે છે કે બધા તરફ સમભાવ રાખવો જોઈએ, કોઈના તરફ પક્ષપાત ન કરવો જોઈએ. પણ પેલા ભાઈને તો તું કદી વાસી ખાવાનું પીરસતી નથી, કાં તું ખાય છે, કાં મને પીરસે છે! તો આટલો ભેદભાવ તો તું પણ રાખે છે ને?''

ત્યારે અભણ ગણાતી મા જવાબ આપે છે, ''બેટા, તારી વાત સાચી છે. હજુ મારામાંથી ભેદભાવ ગયો નથી. એટલી મારી આસક્તિ સમજ. મારા હૃદયમાં તારા માટે પક્ષપાત છે. તું મને પુત્રસ્વરૂપ દેખાય છે અને પેલો છોકરો મને ભગવદ્સ્વરૂપ દેખાય છે. હકીકતમાં તો બધા જ ભગવદ્સ્વરૂપ દેખાવા

જોઈએ, પરંતુ મોહને લીધે તું મને પુત્રસ્વરૂપ દેખાય છે. જે દિવસે તું મને ભગવાન જેવો દેખાઈશ તે દિવસે આ ભેદભાવ ખતમ થઈ જશે, બેટા!''

ભેદભાવ પણ કેવો? સંતાન પ્રત્યે પુત્રભાવના તો અન્ય પ્રતિ ભગવદ્ભાવના! આ જ માતાએ પોતાના ત્રણેય પુત્રોને નાનપણથી મંત્ર ગાંઠે બાંધી આપેલો કે 'દે તે દેવ અને રાખે તે રાક્ષસ'. અને સહજવૈરાગી મોટાભાઈ એવા વિનાયકદાદાની પાછળ પાછળ બંને લઘુ બંધુ બાળકોબા અને શિવાજી પણ સંન્યાસને જ વર્યા. એક જ પરિવારનાં ત્રણેય સંતાન બાળબ્રહ્મચારી નીકળે તો એ પરિવારની પરમવંદનીય કુળમાતાને ધન્યવાદ આપવા જ પડે! નિવૃત્તિનાથ, સોપાન, જ્ઞાનદેવ તથા મુક્તાબાઈની સંત-શૃંખલા જેવી ભાવે-પરિવારની, રખુમાઈ-કુળની આ અનોખી મોતીમાળા હતી.

નાનકડા વિન્યાને નાનપણથી જ શંકરાચાર્યનો છંદ! શંકરાચાર્ય તો પ્રખર વૈરાગી, મહાન સંન્યાસી! બસ, જીવનના આંગણે સમજણનું ફૂલ ખીલ્યું, ના ખીલ્યું અને ગુરુ મળી ગયો. તેમાં વળી મા તો નાનપણથી જ રામદાસ સ્વામીનાં અભંગો ઘરમાં વહાવ્યા કરતી, એટલે દાસબોધની ઊંડી અસર ચિત્ત પર પડી હતી. લગ્ન વખતે ગોર મહારાજ-'સાવધાન! સાવધાન! શુભ મંગલ સાવધાન!'- બોલે છે અને બાર વર્ષના રામદાસ લગ્નની ચોરીમાંથી નાસી જાય છે. આ ઘટનાની અસર પણ ચિત્ત ઉપર ઊંડી પડી હતી.

દશમે વર્ષે બાળકને જનોઈ આપવાનો રિવાજ. આ બાળકો માટે પણ ઉપનયનની મંગળવિધિ યોજાઈ. મહારાષ્ટ્રના રિવાજ

પ્રમાણે બટુક બ્રહ્મચારી વિદ્યાપ્રાપ્તિ માટે નાસવાનું કરે ત્યારે તેના મામા એને ઊંચકીને મંડપમાં પાછો લઈ આવતાં પ્રલોભન આપે, ''તું પાછો ચાલ તો તને મારી દીકરી દઈશ.''

આ જનોઈ પ્રસંગે, દશ વર્ષની કુમળી વયે વિનાયકે આજન્મ નિષ્ઠાપૂર્વક બ્રહ્મચર્ય પાળવાની ભીષ્મપ્રતિજ્ઞા જાહેર કરી. એમને માટે આ વૈરાગ્ય અંદરથી ઊગેલો છોડ હતો, જેના ઉપર માની ભક્તિ અને પિતાના વિજ્ઞાનનું સિંચન, પોષણ, રક્ષણ સતત વરસતું રહી સંપુટોના સંપુટ ચડ્યા.

પોતાની આ પ્રતિજ્ઞાનું પ્રતિપળ ભાન પણ રહેતું. ખાવું-પીવું, પહેરવું-ઓઢવું બધું જ નિરાળું. મરચાં-મસાલા વગરની રસોઈ જોઈએ, સૂતી વખતે ગાદલું હઠાવી કામળો નાખે, કલાકો તડકામાં ડુંગરા ખૂંદવા જોઈએ, પણ પગમાં ચંપલ ના પહેરે. કુટુંબમાં લગ્નપ્રસંગ આવે તો જમણવારનું જમે નહીં.... આવું બધું તો ઘણું! મા તો ઝીણીએ ઝીણી વિગતની સાક્ષી હોય. નૈષ્ઠિક બ્રહ્મચારી એવા પુત્રની કંડારાતી મૂર્તિ એનાથી અજાણી થોડી હોય? ઘણી વાર એ મજાકમાં કહેતી, ''વિન્યા તું સંન્યાસનું નાટક તો બહુ કરે છે, પણ હું જો પુરુષ હોત ને તો તને દેખાડી આપત કે સંન્યાસ કોને કહેવાય?'' - ''હું જો પુરુષ હોત ને?'' - આ શબ્દો વિનાયકના હૃદયે એવા તો ઝીલ્યા કે જે પાછળથી સ્ત્રીમાત્રને માટે નવી સંભાવના ખોલવાનું દ્વાર બની ગયા. પોતાના જીવનનાં અંતિમ વર્ષોમાં બ્રહ્મવિદ્યાની લગનવાળી સ્ત્રીઓ માટે જે બ્રહ્મવિદ્યા મંદિરની સ્થાપના કરી, તેના મૂળમાં હતો - માનો આ વસવસો!

એ મા આમ પણ કહેતી, ''બેટા, ગૃહસ્થાશ્રમી સુપુત્ર તો

૪૨ પેઢી તારે, પણ સંન્યાસી સુપુત્ર તો એકોતેર પેઢી તારે.'' આ હતી માની ખૂબી. પુત્રની વૈરાગ્યવૃત્તિને કદી એણે પાછી પડવા દીધી નથી, સદાય એને પાળી-પોષી-ઉછેરી, સફળ બનાવી. દીકરો પરણે, ઘર-વાડી વસાવે અને વંશવેલો લીલોછમ રાખે. આવી ઝંખના મોટા ભાગની માતા સેવતી હોય! પણ આ મા કાંઈક જુદી જ માટીની હતી. સોળ વર્ષનો દીકરો ઘર છોડીને જતો રહે છે, અડખેપડખેથી સ્ત્રીઓમાંથી કોઈ બોલી ઊઠે છે, ''આજકાલના છોકરાઓનું આવું! ઉછેરીપાછેરીને મોટા કરીએ અને પછી ઘર મૂકીને થાય વહેતા.'' ત્યારે મા પોતાના દુ:ખને ઝાટકો મારી ફેંકી દેતી તરત જ બોલી ઊઠે છે, ''મારો દીકરો કાંઈ મોજમજા માણવા કે નાટકચેટક કરવા ઘર છોડીને નથી ગયો, એ તો વધારે સારા હેતુ માટે ઘર છોડીને ગયો છે! દેશ અને ઈશ્વરની સેવા કરવા એણે ગૃહત્યાગ કર્યો છે, અને મને એનું ગૌરવ છે.''

મા એક તરફ વિન્યાની ગુરુ હતી તો બીજી તરફ વિન્યાની વડાઈ પણ એ જાણતી-સમજતી હતી. જે બાબતમાં બીજા કોઈ તરફથી સંતોષ-સમાધાન-કારક પ્રત્યુત્તર નહીં મળે તે વિન્યા પાસેથી મળી શકશે એવો એને વિશ્વાસ હતો. એક વખતે માએ ચોખાના એક લાખ દાણા ગણીને ઈશ્વરને સમર્પિત કરવાનો સંકલ્પ કર્યો. પ્રભુને ચરણે પ્રસાદ ધરવાનો હતો, એકે ચોખો ખંડિત હોય તે તો કેમ ચાલે? અક્ષત ચોખા જોઈએ, વળી એક લાખ. એટલે રોજ ચોખા ગણવાનો ક્રમ ચાલ્યો.

હવે પિતા હતા વૈજ્ઞાનિક. એ તો સમયને ત્રાજવે તોલે. રોજ આ એકેક દાણો ગણવાનો ધંધો જોયા કરે. એક દિવસ કહે,

''આ શું એકેક દાણો ગણતી બેઠી છો! એક તોલો ચાવલ જોખીને એમાં ગણી લે કે કેટલા દાણા થાય છે અને પછી હિસાબ કરીને તારા એક લાખ ચોખા પૂરા કરી લે તો ઘડીકમાં વાત પતી જશે. અને એવું લાગે તો મૂઠી બે મૂઠી ચોખા વધારે જ નાખી દેવા એટલે ઓછા પડવાનો કશો ડર જ નહીં.''

પિતાની દલીલ સામે મા કોઈ વળતો જવાબ તો આપી ના શકી, પરંતુ એમની વાતને અંદરથી કોઈ ટેકો મળ્યો નહીં. બહાર ગયેલો વિનુ જ્યારે ઘેર આવ્યો ત્યારે તરત માએ પૂછ્યું, ''વિન્યા, ચોખાના આ લાખ દાણા એકેક ગણીને અર્પણ કરવાનો રિવાજ છે, તો તેનું શું રહસ્ય છે, કહે જોઉં!''

''મા, તું આ રોજ એકેક દાણો ગણી ગણીને, જોઈ-તપાસીને અક્ષત દાણો પ્રભુને ચડાવે છે, તે કોઈ ગણિતનું કામ નથી. એ તો છે ભક્તિ. પ્રત્યેક દાણો પસંદ થતી વખતે ઈશ્વરના નામની એટલી ગાંઠ પાકી બંધાય છે, ઈશ્વરચરણોમાં તદ્રુપતા સધાય છે, આ જ વાતનું મહત્ત્વ છે! ત્રાજવામાં એકીસાથે જોખી નાખીએ તો આ ભક્તિ થોડી મળે?''

માને ગળે એકદમ વાત ઊતરી ગઈ. એ રાતે પિતાજીને પણ જવાબ સાંભળી નિરુત્તર થઈ જવું પડ્યું. ભક્તિનું માહાત્મ્ય ગાતાં આ જ વાતને જુદી રીતે વિનોબાએ કહી છે કે શિવજીને માથે ઘડો ભરીને પાણી એકસામટું રેડી દઈએ તોપણ ચાલે, પરંતુ આપણે તો એમના શિરે એકેક ટીપું ટીપું... અભિષેક કરીએ છીએ. આ છે ભક્તિનું રહસ્ય! સતત ભરતું ઝરણું!

પૌરાણિક શાસ્ત્રો પ્રત્યે જોવાની વિનોબાની દૃષ્ટિ નાનપણથી જ આવી વિધાયક હતી. પુરાણપુરુષોએ એક રિવાજ ચલાવ્યો,

સદીઓથી લોકસમુદાયે એને ભક્તિભાવપૂર્વક નભાવી ટકાવ્યો, તો તે ચીજમાં રહેલી શાશ્વતતાને શોધી સંઘરી લેવાની કળા આ સત્ય-શોધકમાં હતી. પરિણામે પ્રાચીનતાનો વૈભવ એનામાં છલોછલ છલકાયો અને વત્તામાં અર્વાચીનતાની સમૃદ્ધિ પણ તેમાં ઉમેરાઈ.

આઠ વર્ષની વયે જ જ્ઞાનેશ્વરીનું મરાઠી ગદ્ય ભાષાંતર હાથમાં આવી ચડેલું. પોતે તો મોટા બ્રહ્મચારી, એટલે ખાસ્સા ઠાઠપૂર્વક ધર્મગ્રંથ ખોલીને બેઠા. આરંભમાં જ શંખ વાગવા લાગ્યા, રણભેરીઓ ગૂંજવા લાગી, પૃથ્વી ડોલવા લાગી!... વાહ, ભાઈ, વાહ! સરસ છે આ ગીતા તો! બરાબર રંગ જામ્યો, હવે જોરદાર યુદ્ધ થશે... ઉત્સાહભેર વિન્યાએ તો બીજો અધ્યાય ખોલ્યો, પણ આ શું? અર્જુન તો ગાંડીવ નીચે ઉતારી દઈ ઠંડોગાર થઈને બેઠો!... અને પછી એને સમજાવવા ભગવાને જે કાંઈ કહ્યું તેમાંથી તો શબ્દેય પલ્લે પડે તેવો ન લાગ્યો. 'ગીતા એટલે લડાઈ નહીં' આટલું નિષેધક જ્ઞાન ત્યારે તો ગાંઠે બંધાયું... પરંતુ પછી તો શાળાકીય અભ્યાસ દરમિયાન જ જ્ઞાનેશ્વરી બરાબર સમજી લીધી. અને ક્રમશઃ ગીતાનું એટલું ઊંડું અવગાહન થયું કે જીવનના અંતિમ પર્વમાં પણ બધા ગ્રંથો છૂટ્યા, પણ નાનકડી 'ગીતાઈ'એ ચારપાઈ ન છોડી.

નાનપણથી જ વિનાયકને જ્ઞાનમાં સત્યશોધનનું એક ભારે મોટું સાધન દેખાતું. એમણે તો જીવનની વ્યાખ્યા જ 'जीवनम् सत्यशोधनम्' કરી છે. આ સત્યશોધનમાં ઘણાં આયામો કામ લાગ્યાં, પરંતુ સાધકાવસ્થાના ઉષ:કાળમાં તો જ્ઞાને સિંહભાગ ભજવ્યો. વિદ્યાર્થીકાળ અત્યંત તેજસ્વી કાળ! ચિત્ર તો જાણે

તરસી ધરતી! મેઘનું એક ટીપું પડ્યું ના પડ્યું અને એ ઝીલી લેતો. જ્ઞાનની અદમ્ય પિપાસા! શાળામાં તો પિતાજીની ઈચ્છા મુજબ ફ્રેંચ લેવું પડેલું, પણ સંસ્કૃત સાવ છોડી દેવાય તે તો કેમ ચાલે! વળી મા પણ ટોકનારી હતી જ, ''અલ્યા વિન્યા, સવારના પહોરમાં આ યેસ ફેસ શું શરૂ કર્યું, શ્લોકો ગોખ, શ્લોકો!'' વડોદરાની એક મોટી દેણગી હતી – સયાજીરાવ પુસ્તકાલય. વિનાયકે મિત્રમંડળી સહિત આ પુસ્તકાલયનો ખૂબ લાભ લીધો. બાળપણમાં જેટલી લીલા ઘરમાં કરી છે, તેટલી જ લીલા આ પુસ્તકાલયમાં અને દોસ્તો સાથે શેરીમાં પણ થઈ છે. ખૂબ વાંચ્યું! જૂના મરાઠી સાહિત્યમાંથી તારવી તારવીને મલાઈ જેવું ઉત્તમ બધું હજમ કરી દીધું. મોરોપંતની 'આર્યાભારત' અને 'કેકાવલી' તો ફરી ફરી વાંચી. આ બધાં ઉપરાંત ગણિતનું જ્ઞાન પણ અત્યંત તેજસ્વી હતું. એમનાં ત્રણ પ્રિય પુસ્તકોમાં પહેલી છે ગીતા, બીજી છે ઈસપનીતિની કથા અને ત્રીજી આવે છે યુક્લિડની ભૂમિતિ. એમનું આખું જીવન ગણિત પર મંડાયેલું છે.

પિતા નરહર ભાવે ખૂબ સ્વમાની, અક્કડ, વ્યવસ્થાના આગ્રહી અને વૈજ્ઞાનિક. શિસ્ત તો જોઈએ જ. સોળ વર્ષ સુધી વિનાયકને કાયમ સવાર પડે અને સૂરજ ઊગે તેમ પિતાની પરસાદી મળતી રહી. રોજ કાંઈક ને કાંઈક ભૂલ નીકળે જ; અને માર પડે. પણ સોળમે વર્ષે એમણે જ સામેથી એ બંધ કરી દીધું. प्राप्ते तु षोडशे वर्षे पुत्रम् मित्रमिव आचरेत्! મામાં ભક્તિ ભરી હતી, તો પિતામાં ભર્યું હતું વિજ્ઞાન. કળા પણ હતી. એટલે જ સુવ્યવસ્થિત, શિસ્તબદ્ધ જીવનના તેઓ આગ્રહી હતા. એમના પોતાના જીવનમાં પણ સાદાઈ, સંયમ, નિયમિતતા અને સાતત્યનું

પ્રાધાન્ય હતું. સંગીત પણ તેઓ જાણતા. સ્વમાની સ્વભાવ હતો. મા તો ૧૯૧૬માં ગઈ, ત્યારથી ૧૯૪૭ સુધી એકલા જ રહ્યા, કારણ ત્રણેય દીકરાઓ તો દેશને વરી ચૂક્યા હતા.

વિરલ હતું બંનેનું દાંપત્યજીવન! પિતા વૈજ્ઞાનિક, મા આધ્યાત્મિક. અધ્યાત્મ અને વિજ્ઞાનના આ સંગમતીર્થે પરમવૈરાગ્યનું ફૂલ ઊગ્યું હતું. ૪૦ વર્ષની વયે મા પિતાને સંસારમુક્ત થવા વ્રતસ્થ બનવાની ઈચ્છા પ્રગટ કરે છે. તો સંયમી પિતા તેમાં સંમતિ આપી માર્ગ મોકળો કરે છે. આવા સંયમ-ભક્તિ-પ્રધાન વાતાવરણમાં ત્રણેય ભાઈ, તથા એક બહેન જીવનનું સમત્વ જાળવતાં ઊછર્યાં.

મા તો જાણે વિન્યાનો ભાઈબંધ. વાંચતાં વાંચતાં કાંઈક માને સંભળાવવા જેવું લાગે તો સંભળાવતો જાય, પૂછવા જેવું લાગે તો પૂછતો જાય. એક દિવસે 'ભક્તવિજય' વાંચતાં વાંચતાં વિન્યો માને કહે છે, ''મા, આવા સંતો તો માત્ર પ્રાચીન કાળમાં જ સંભવે!'' ''બેટા, સંતો તો આજે પણ છે જ. આપણને ખબર નથી એટલું જ. સંતો ન હોત તો આ પૃથ્વી ટકી રહી છે તે કોના તપથી?'' અને ત્યારથી વિનોબાની સંતત્વની ખોજ શરૂ થઈ જાય છે. અને છેવટે તુલસીદાસજી કહે છે તેમ ''સંતોને તું બહાર શોધતો ક્યાં સુધી ફરીશ? 'નિજ અંગ, સત સંગ' - તારા પોતાનામાં જ તું સંતત્વને પ્રગટાવ.'' એ વાતને સાર્થક કરે છે. ૧૯૧૨ના એ દિવસો! ઘરમાં મા સાથે જ્ઞાનગોઠડી ચલાવે છે, તો બહાર મિત્રો સાથે. મહાદેવ મોઘે એક વાર કહે છે, ''મહારાષ્ટ્રમાં સંતો તો ઘણા બધા. એકને યાદ કરીએ તો બીજા ભુલાય તેવા. પણ કોંકણસ્થ બ્રાહ્મણોમાંથી કોઈ સંત

પાક્યો હોય તેવું જાણમાં નથી.''

''ચાલ, આપણે મહારાષ્ટ્રના સંતોની યાદી કરીએ અને તેમનાં ગોત્રો શોધીએ એટલે ખ્યાલ આવશે.'' અને બંને ભેરુ બેઠા. જોતજોતામાં યાદી તો બની ગઈ, પણ વાત સાચી, કોંકણનું કોઈ સુવર્ણ કંકણ હાથ ના લાગ્યું. મોઘેભાઈનું તો મોં પડી ગયું, પણ ત્યારે વિનાયક બોલી ઊઠ્યો, ''ચાલ ત્યારે, આવું જ છે તો કોંકણસ્થ બ્રાહ્મણોમાં સંત હું થઈશ.'' ભવિષ્યમાં ભૂદાનયજ્ઞ શરૂ થતાં એક વાર છાપામાં 'સંત વિનોબા ભાવે' અંગે કશુંક વાંચ્યું ત્યારે મોઘેની આંખો નાનપણની આ ઘટના સ્મરી છલોછલ છલકાઈ ઊઠી.

આવું જ થયું ગીતાનું. મા એક વાર ગીતા-પારાયણમાં બેઠી. સાંજે ઘેર આવીને કહે, ''અરે વિન્યા, આ સંસ્કૃત ગીતા મને સમજાતી નથી. તું મને મરાઠી ગીતા લાવી દે ને?''

વિન્યો ત્રણચાર ગીતા ઉપાડી લાવ્યો, એ વાંચીને મા બોલી, ''આ તો સંસ્કૃત જેટલું જ અઘરું છે.''

''આનાથી સહેલો અનુવાદ તો નથી મળતો, મા!''

''તો પછી તું જ મને અનુવાદ કેમ નથી કરી આપતો?''...

વિન્યો તો માના મોં સામું અવાક્ અપલક જોઈ જ રહ્યો! મા, તારો તારા બેટા પરનો આ વિશ્વાસ!... અને એક દિવસે એ વિશ્વાસને ફળ બેસે છે. જેલજીવનમાં માના લાડલા વિન્યાએ ગીતાનો મરાઠી પદ્યાનુવાદ 'ગીતાઈ' પૂરો કર્યો અને મહારાષ્ટ્રનાં તમામ સંતાનોને એક અપૂર્વ 'મા'ની ભેટ મળી ગઈ. આવી વહાલસોયી મા જ્યારે પૃથ્વી પરથી વિદાય થઈ ત્યારે વિન્યાને થાય છે કે, ''મા હવે મને ગીતામાતાની ગોદમાં છોડીને ગઈ છે.

મા ગીતે, અત્યાર સુધી માના દૂધ કરતાં પણ તારા દૂધે જ મારા હૃદય તથા બુદ્ધિનું પોષણ કર્યું છે અને હવે આગળ પણ મને તારો જ સહારો છે.'' છતાંય પોતાની સાથે માની એક સાડી અને માની આરાધ્ય મૂર્તિ લઈ જાય છે, જે સાડી હંમેશાં માથા નીચે ઓશીકા રૂપે રહી અને પાછળથી પેલી કવિતાઓની સાથે એક જીવતીજાગતી કવિતા બનીને ગંગાનદીમાં સમર્પિત થઈ. પેલી મૂર્તિ આશ્રમના કાશીબાના પૂજાઘરમાં ભળી ગઈ.

એક બાજુ શાળાકીય અભ્યાસ તો ચાલુ હતો, પણ બીજી બાજુ આંતરયાત્રાની ગતિ પણ જોરદાર વેગ પકડી રહી હતી. વિનાયકની સૂક્ષ્મ જ્ઞાનદષ્ટિમાં જગત, તેનું પ્રયોજન અને જગન્નિયંતા સાથેનો અનુબંધ પાકો બેસી રહ્યો હતો. ઇન્ટરની પરીક્ષાના દિવસો નજીક આવતા હતા. નાપાસ થવાનો તો કોઈ પ્રશ્ન જ નહોતો, પરંતુ સવાલ હતો જીવન-પરીક્ષાનો!

મા રસોઈ કરતી હતી ત્યાં સામે ચૂલા પાસે વિન્યો આવીને બેઠો. એના હાથમાં કાંઈક કાગળિયાં હતાં. થોડી વારમાં તો ગોળ ગોળ વાળી એ કાગળિયાં ચૂલામાં ફેંકવા લાગ્યો. ''શું બાળે છે, બેટા?''

''એ તો મેટ્રિક વગેરે પરીક્ષાઓનાં સર્ટિફિકેટ!''

''કેમ રે?'' મા ચોંકી ઊઠી.

''મારે હવે એની જરૂર નથી. મારે ક્યાં નોકરી કરવી છે?''

''પણ આજે જરૂર નથી, તો કાલે જરૂર પડશે. ભલે ને પડ્યાં રહ્યાં.'' માએ દલીલ કરી.

''ના, દોરડું કાપવું તે કાપવું, પાછા ફરવાનો કોઈ પ્રશ્ન જ નથી!''... નિશ્ચય અડગ હતો.

દિનપ્રતિદિન જીવનનું લક્ષ્ય વધુ ને વધુ સ્પષ્ટ થતું જતું હતું. આમ તો ૧૯૧૨થી ગૃહત્યાગનો વિચાર આવતો હતો, પણ વિચારને પાકા અડીખમ નિર્ણયમાં ફેરવવા ચાર વર્ષનો વધુ સમય જવા દીધો.

આમ, જીવનની વીસી પૂરી થઈ ના થઈ, ત્યાં જીવનની દિગ્દિગંતવ્યાપી ક્ષિતિજો વિધવિધ ફાળો ભરવા એને પોકારવા માંડી. એક બાજુ શંકરાચાર્યથી માંડીને સંત જ્ઞાનેશ્વર સુધીની સંતસંન્યાસી પરંપરા એને બ્રહ્મપ્રાપ્તિની અનેક વણખેડી ક્ષિતિજો ખેડવા ખેંચી રહી હતી, તો બીજી બાજુ તત્કાળ સાંપ્રત પરિસ્થિતિનો સ્વરાજ્યપ્રાપ્તિનો યુગધર્મ પાર પાડવા લાલ, પાલ અને બાલ, અને શ્રી અરવિંદ પણ બોલાવી રહ્યા હતા. જીવનની ચાદરનું મૂળભૂત પોત હતું બ્રહ્મમય, પરંતુ એના પર રાષ્ટ્રભક્તિ, સ્વાતંત્ર્યપ્રાપ્તિનાં સપનાંની ભાત પણ હવે તો ઊઠવા માંડી હતી. એ બધું તો એના સ્થાને હતું જ, પરંતુ આ પણ એક નરી વાસ્તવિકતા હતી કે વિરાટના આ જીવ માટે ઘર હવે ઘણું નાનું, સાંકડું પડે તેમ હતું. ઘર તરફની કોઈ ફરિયાદને તો લવલેશ સ્થાન નહોતું. વિનાયક પોતે જ કહે છે કે, ''કેટલીક ચીજોને મૂળ પર જ કુહાડો ઝીંકીને તોડી નાખવી જોઈએ. ત્યાં 'ધીરે ધીરે' અને 'ક્રમશ:' જેવા શબ્દો વાપરવા એ બરાબર નથી. ૧૯૧૬માં મેં ઘર છોડ્યું. આમ તો ઘરની પરિસ્થિતિ કાંઈ એવી નહોતી કે ત્યાં મારું રહેવાનું અશક્ય થઈ પડે. મા તો મને એવી મળી હતી કે જેને હજી આજે પણ રોજ સંભારું છું. પિતાજીનું ઉદ્યમીપણું, અભ્યાસવૃત્તિ, સ્વચ્છ અને સુઘડ રહેવાની ટેવ, સજ્જનતા વગેરે ગુણો સૌ કોઈને અનુકરણીય

લાગશે. પણ આ બધું હોવા છતાં પણ મને લાગ્યું કે હવે આ ઘરમાં હું સમાઈ શકું તેમ નથી.''

અને સંન્યાસીએ આ દોરડું પણ કાપ્યું. મુંબઈ ઈન્ટરની પરીક્ષા આપવા નીકળ્યા હતા. સુરત સ્ટેશનેથી જ દિશા બદલી નાખીને ૧૯૧૬ની ૨૫મી માર્ચે મુંબઈને બદલે પહોંચ્યા કાશી. સુરત સ્ટેશને જ માતાપિતા માટે પત્ર લખેલો, જે પરીક્ષા પૂરી થયા પછી જ મિત્રે માબાપને સોંપવાનો હતો. તેમાં લખ્યું હતું, ''-તમને એ વાતનો ભરોસો હશે કે હું ગમે ત્યાં જઈશ પણ મારા હાથે કશુંય અનૈતિક કામ નહીં થાય.''

પત્ર વાંચીને પિતાને થયું કે જઈ જઈને એ ક્યાં જવાનો છે? ચારછ દિવસ આમતેમ ભટકીને પાછો ઘેર આવશે! પણ દીકરાને નખશીખ ઓળખનાર માવડી કહે, ''ના, હું વિન્યાને સારી રીતે ઓળખું છું. હવે એ પાછો નહીં આવે. કેમ કે એ પ્રતિજ્ઞા કરીને ગયો છે. એ બ્રહ્મની ખોજ માટે નીકળ્યો છે.''

સત્યની ખોજમાં નીકળેલો સાધક સૌ પ્રથમ તો સુસજ્જ થવા પહોંચે છે વિદ્યાધામ સમા વારાણસીમાં. ગંગાકિનારે એક નાનકડા ઘરના ચોથે માળે ૮' X ૫'ની એક ઓરડીમાં જ્ઞાનોપાસના આરંભાય છે. સાથે 'ભોળો' નામનો એક સાથી છે. વડોદરાની જેમ અહીં પણ પુસ્તકાલયોને બીજું ઘર બનાવી દીધું અને જે ધર્મગ્રંથોનો અભ્યાસ કરતાં ઓછામાં ઓછાં બાર વર્ષ લાગે, તે થોડા જ મહિનાઓમાં આત્મસાત્ કરી લીધા. પોતાની ઓરડીમાંથી દિવસમાં એક વાર નીચે ઊતરે. અન્નક્ષેત્રમાં ભોજન માટે જાય. પહેલો ઘંટ વાગે ત્યાં ભાણા પર બેસી જતા. હજી બીજા વિદ્યાર્થીઓ આવે, ગોઠવાય, ભાણું

પિરસાય, મંત્ર બોલાય ત્યાં વિનાયકનું દોઢ કલાકી ગીતા-પારાયણ પૂરું પણ થઈ જતું. અર્જુનની એકાગ્રતા એમને વરેલી હતી. આ અન્નક્ષેત્રમાં એક ટંક જમવાનું અને દક્ષિણામાં બબ્બે પૈસા મળતા. સાંજે એક પૈસાનું દહીં અને એક પૈસાનાં બાફેલાં શક્કરિયાં લઈને વાળુ કરી લેતા. રોજ રાતે ગંગાકિનારે અસીમ આકાશની નીચે જઈને બેસતા. દિવસભર જ્ઞાનયજ્ઞ ચાલતો, એની તેજકણીઓ બનીને રાત્રે કવિતાઓ ફૂટતી. જ્યોતિષીઓ કહે છે કે વિનોબાના હાથમાં હૃદયની રેખા જ નહોતી, પણ ગંગાતટે રાત્રિની નિસ્તબ્ધ નિરવતામાં વિનાયકના હૃદયની સમૃદ્ધિ ઊછળતી. વિનાયક એ સ્ફુરેલા કાવ્યને કાગળ પર ટાંકી લેતો, ફરી ફરી વાંચતો, સુધારતો અને અંતે જ્યારે સર્વાંગસુંદર પરિપૂર્ણ કૃતિ બન્યાનો સંતોષ અનુભવતો ત્યારે એ જ કાગળનો પડિયો બનાવી તેમાં કવિતાદીપ પ્રગટાવી પ્રસન્ન ચિત્તે ગંગામૈયાને ખોળે એ વહાવી દેતો. સુન્દરતાનું જન્મવું એ જ એની સાર્થકતા. સૌંદર્ય જન્મે તે માટેના સંજોગો ઊભા કરી દેવા તે જ સાધના. વિનાયક માટે કાવ્યસર્જન તે દિવસ આખાની સાધનાની ફલશ્રુતિ હતું. ફળ પ્રભુચરણે સમર્પિત ન થાય તો એ ગીતામાતાનો લાડલો બેટો કેવો?

કાશીમાં રહે અને પંડિતો સાથે ભેટો ન થાય તે તો કેમ બને? પણ જોયું કે જીવનલક્ષી જ્ઞાનોપાસના વિરલ પંડિતોમાં છે. શબ્દોની આતશબાજી તો ઘણી ઊડતી. હિંદુ તત્ત્વજ્ઞાન એટલે 'આત્મા પરબ્રહ્મ'થી નાની વાત તો કોઈના મોંએ ચડે જ કેવી રીતે? 'આત્મા-પરમાત્મામાં દ્વૈત છે કે અદ્વૈત?'- શાસ્ત્રની ચર્ચાનો આ સનાતન વિષય. એ પણ ક્યારેક આવી ચર્ચાસભામાં

ઊપડી જતો અને ધ્યાન દઈને સાંભળતો. બુદ્ધિપ્રતિભા તો વિલક્ષણ હતી જ, કોઈનું તે તરફ ધ્યાન નહોતું એટલું જ. એક વખતે આવી વિવાદસભામાં છેવટે ઠર્યું કે અદ્વૈતવાદીઓ જીત્યા. ત્યારે વિનાયકે ટૂંકું પણ પાયાનું મર્મવેધક સત્ય ઉચ્ચાર્યું, 'અદ્વૈતવાદીઓએ દ્વૈતવાદી સાથે ચર્ચા કરી એ જ સિદ્ધ કર્યું છે કે તમે વ્યવહારમાં દ્વૈતને સ્વીકાર્યું. હકીકતમાં તો દ્વૈતવાદીઓને આપણામાં સમાવી લઈ વાસ્તવિક અદ્વૈત સિદ્ધ કરવું જોઈએ.'' એમને અદ્વૈત ચર્ચામાં એટલો રસ નહોતો, જેટલો અદ્વૈત ચર્યામાં. અદ્વૈતની સ્થાપના એ વિનાયકને મન જીવનની સાર્થકતાનો વિષય હતો, કેવળ વિતંડાવાદનો નહીં.

ભારતીય સંસ્કૃતિને એક બાજુ સમજી રહ્યા છે ત્યાં બીજી બાજુ કાશીનગરીની ગંદકી અને ધર્મના નામે ચાલતાં ધતિંગ પણ ધ્યાનમાં આવે છે. પિતા પાસેથી મળેલા સંસ્કાર હતા કે સ્વચ્છતા તો પ્રભુતા પાસે પહોંચવાનું પ્રબળ માધ્યમ છે. શુચિતા દેહ-મન-બુદ્ધિને પેલે પાર લઈ જઈ છેવટે આત્મદર્શન કરાવી આપવાની સંભાવના ધરાવે છે. પણ કાશી એટલે તો જાણે નર્યું નરક! આ કેવી પુણ્યનગરી! આ કેવું મોક્ષધામ! વિચાર અને આચરણ વચ્ચે ફેલાયેલી પહોળી-ઊંડી ખીણનો ખ્યાલ આવતો ગયો, સાથોસાથ દેશની ગુલામી, અંગ્રેજોની જોહુકમી અને પ્રજાની નિર્માલ્યતા પણ ધ્યાનમાં આવતી ગઈ. આ બાજુ શાંતિમય હિમાલય પોકારતો હતો તો બીજી બાજુ ક્રાન્તિકારી બંગાળ પણ હાકલ ઉપર હાકલ કરતું હતું. આતંકવાદી ક્રાન્તિકારીઓ સાથે ભળી જઈ અંગ્રેજોને ખબર પાડી દેવાનું, કમ સે કમ એક અંગ્રેજને ગોળી દઈ ઢાળી દેવાનું, મનમાં ઊગી આવતું.

પણ હજી કાંઈ પાકી ગાંઠ વળે તે પહેલાં તો બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉદ્‌ઘાટન પ્રસંગે મહાત્મા ગાંધી કાશી આવે છે અને એની બેસન્ટની કૃપાથી મળેલી બેચાર મિનિટમાં એવી તીખી, તમતમતી, વેધક વાતો કરે છે કે પ્રમુખ પોતે સભાત્યાગ કરે છે. તે પ્રસંગે આવેલા રાજામહારાજાઓની ખુરશીઓ પણ ફટોફટ ખાલી થઈ જાય છે અને આકાશ ગાજી ઊઠે એટલી તાળીઓથી લોક મહાત્માજીને વધાવી લે છે...

તાળીઓનો આ ગડગડાટ વિનાયકના કાને પણ જઈ અથડાય છે. છાપામાં અહેવાલ વાંચતાં જ યુવાન લોહી ઊકળી ઊઠે છે અને લાંબી પ્રશ્નોત્તરી કરતો એક પત્ર મહાત્મા ગાંધીને અમદાવાદ લખે છે, જેના જવાબમાં મળે છે બે વાક્ય – ''પત્રમાં કેટલું લખાય? રૂબરૂ જ આવી જાઓ.'' અને ગાંધીના સૂતરના કાચા તાંતણે ખેંચાઈ ગયેલો આ હિમાલયનો જીવ પોતાના જીવનનાં પચાસ જેટલાં વર્ષ ગાંધીવિચારને સાકાર કરતો સાર્થક કરે છે. આમ 'अथातो ब्रह्मजिज्ञासा' માટે નીકળેલો સાધક નથી પહોંચતો હિમાલય કે નથી પહોંચતો બંગાળ, પણ પહોંચે છે ત્રીજી જ મંજિલે, જ્યાં એને મળે છે હિમાલયની શાંતિ તથા બંગાળની ક્રાન્તિનો સુભગ સંગમ!

## ૨. શાંતિ-ક્રાન્તિના સંગમ તીર્થે

૧૯૧૬ની ૭મી જૂને, હિમાલય જવા નીકળેલો જીવ આવી પહોંચે છે અમદાવાદના કોચરબના સત્યાગ્રહ આશ્રમમાં. તે વખતે બાપુ રસોડામાં હતા, શાક સમારવાની ફરજ બજાવી રહ્યા

હતા. મુલાકાત ત્યાં જ લેવાઈ. પડખે બેસાડી હાથમાં ચપ્પુ પકડાવી આપતાં કહ્યું, ''લો, શાકભાજી સમારો!''

વાહ! સંન્યાસીના હાથમાં દંડ નહીં, કમંડળ નહીં, પોથી નહીં અને છરી!... અણઘડ હાથે શાક સમારાતું ગયું, વાતો થતી ગઈ અને એ બેઠકમાંથી ઊભા થયા ત્યારે બંને જાણે વર્ષોથી પરસ્પર ઓળખતા હોય તેમ પોતીકા બની ગયા. અને પછી તો પરસ્પર પ્રેમભાવ, આત્મીય ભાવ, આદરભાવ અને અહોભાવ! વિનાયકના ધ્યાનમાં ધીરે ધીરે આવતું ગયું કે અહીં ઠાલા શબ્દો નથી, અહીં તો શબ્દ કૃતિને અનુસરે છે, પ્રથમ અવતરે છે કૃતિ. આચાર અને વિચારની એકવાક્યતાનો મધુર સંગમ બાપુના વ્યક્તિત્વમાં એ નિહાળે છે અને એમને થાય છે કે બસ, જે જોઈતું હતું તે મળી ગયું. વળી સાવ નાનકડી વ્યાપ્તિ નથી બાપુના આચાર-વિચારની. સમસ્તને પોતાના બાહુઓમાં આલિંગવા તત્પર એવો આ વિરાટ મનુષ્ય છે. પેલો હિમાલય તો સંતોના તપનો પુંજ! તો આ હિમાલયમાં પણ તપ હતું, ત્યાગ હતો, સમર્પણ હતું, ભક્તિ હતી અને સમસ્ત સમાજને ઊંચે ચડાવતો કર્મયોગનો પ્રચંડ સૂરજ પણ ઝળહળતો હતો. અને વિકારમુક્તિની સાધના પણ હતી. વિનાયકને તો પોતાના જીવનની ત્યાગતપોમયી સાધના આદરવાનો એક જીવતો જાગતો હિમાલય જ સાંપડી ગયો અને એ ડૂબી ગયો સાધનાની ગુફામાં.

બાપુની ઝીણી નજરે પહેલી જ મુલાકાતમાં ચકાસી લીધેલું કે મુનિજીના હાથને કામ કરવાની ટેવ નથી. વળી તબિયત પણ નાજુક છે. પણ એની વૃત્તિ? થોડા જ દિવસોમાં બાપુ જુએ છે કે આશ્રમના ઊંડા કૂવામાંથી આખો દિવસ પાણી ખેંચી ઝાડવાંને

પાવાની સખત મહેનત કરે છે આ ૯૮ રતલનો દૂબળો-પાતળો છોકરો! સામસામે બેસી ઘંટી પર દળવા બેસે છે, ચોખા વીણે છે, સંડાસ સાફ કરે છે અને સાથોસાથ ચાલે છે અધ્યયન, મનન, ચર્ચા અને પછી અમલ. આ બધી ચર્ચા દરમ્યાન હીર ઝળક્યા સિવાય કેવી રીતે રહી શકે? બાપુના ધ્યાનમાં આવી જાય છે કે આ માટી કાંઈક નોખી છે. એક દિવસ પૂછે છે, ''આવે શરીરે આવડી મહેનત કેવી રીતે કરી શકો છો?'' ''સંકલ્પ બળથી!'' – ટૂંકો ને ટચ જવાબ, પણ એમાં હિમાલય જેટલું વજન હતું...

જે કાંઈ અંતરંગ પરિચય થયો, તેનાથી સમજાયું કે આ માણસ તો મહારાષ્ટ્રની સંતપરંપરાનો વારસદાર હોય તેવું કૌવત ધરાવે છે, અને મહારાષ્ટ્રમાં જ્ઞાનોબા, તુકોબા તેમ આશ્રમમાં વિનાયકને બાપુ તરફથી 'વિનોબા'નું નવું લાડકું નામ મળે છે; અને જોતજોતામાં તો મૂળ નામ વિસરાતું ચાલ્યું. બાપુને એ પણ ખબર પડે છે કે વિનોબા ઘર છોડીને કાશી ગયેલા, અને હજી ઘરના લોકોને એની ભાળ મળી નથી એટલે એ નરહરિ ભાવેને પત્ર લખે છે, ''આપનો ચિરંજીવી વિનોબા મારી સાથે છે. આટલી નાની ઉંમરમાં તમારા દીકરાએ જે તેજસ્વિતા અને વૈરાગ્યભાવના ખીલવી છે, તે ખીલવતાં મારે વર્ષો સુધી ધીરજપૂર્વક મહેનત કરવી પડી છે.'' બાપુએ એક વાર પોતાના સાથી એન્ડ્રૂઝને કહેલું, ''વિનોબા આશ્રમનાં દુર્લભ રત્નોમાંના એક છે. તેઓ આશ્રમને પોતાના પુણ્યથી સીંચવા આવ્યા છે. પામવા નથી આવ્યા, આપવા આવ્યા છે.''

મહાત્મા ગાંધીનું આશ્રમી જીવન એટલે ભારે પરિશ્રમી

જીવન. સાધકોનો વિશ્રામ જ આ શ્રમ! તેમાં વળી ભારતની ગરીબાઈ, અછત અને અપાર સંકટોનાં ચિત્ર દિવસે દિવસે વધુ સ્પષ્ટ થતાં જાય છે એટલે તપશ્ચર્યા વધતી જાય છે. પણ શરીર પાસેથી વધારે પડતું કામ લેવાય છે. પરિણામે વિનોબાનું વજન ઘટે છે અને નબળાઈ વધે છે. થોડો હવાફેર અને થોડોક વતનનો પરિચય થઈ જાય એ દૃષ્ટિએ વિનોબા બાપુ પાસેથી એક વર્ષની છુટ્ટી લઈ મહારાષ્ટ્ર જાય છે. ત્યાં શ્રી નારાયણ શાસ્ત્રી મરાઠેની વાઈની પ્રાજ્ઞ પાઠશાળામાં છ માસ રહી ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય, મનુસ્મૃતિ, પાતંજલ યોગદર્શન ઉપરાંત ન્યાયસૂત્ર, વૈશેષિકસૂત્ર તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું અધ્યયન કરે છે. સંસ્કૃતનો તલસ્પર્શી અભ્યાસ પણ થાય છે. સાથોસાથ ગાંધીનું આશ્રમી જીવન અહીં પણ સાતત્યપૂર્વક ટકાવી રાખતાં સાદું, મીઠા વગરનું પરિમિત ભોજન લઈ કુલ ૧૧ પૈસામાં જીવન ચલાવે છે. રોજ ૬થી ૮ શેર દળે છે. વળી વિદ્યાર્થીઓને ગીતા, જ્ઞાનેશ્વરી, ઉપનિષદો તથા હિન્દી, અંગ્રેજી ભાષા શિખવાડે છે. ૪૦૦ માઈલની પદયાત્રા દરમિયાન 'વેદશાસ્ત્રસંપન્ન વિનાયક શાસ્ત્રી ભાવે'નાં ગીતાપ્રવચનો પણ ગામેગામ ગોઠવાય છે. આ જે કાંઈ ગણાવાયું તે તો મોટું મોટું કામ, ઝીણું ઝીણું તો વળી ઘણું થયું. વર્ષભરની સમગ્ર સાધનાકાળનો પરિચય કરાવતો એક સુંદર પત્ર બાપુને મોકલ્યો જેમાં લખ્યું, ''જ્યારે જ્યારે સ્વપ્નાં પડ્યાં છે ત્યારે પણ એક જ વિચાર મનમાં આવે છે કે ઈશ્વર મારી પાસેથી સેવા લેશે કે?''... પત્ર વાંચીને બાપુ ગળગળા થઈ બોલી ઊઠ્યા, ''ગોરખે મછંદરને હરાવ્યો! ભીમ છે, ભીમ!'' અને વિનોબાને

વહાલપૂર્વક સરસ મજાનો જવાબ પાઠવ્યો, ''તમારે સારુ કયું વિશેષણ વાપરવું? તમારો પ્રેમ અને તમારું ચારિત્ર્ય મને મોહમાં ડુબાવી દે છે. તમારી પરીક્ષા કરવા હું અસમર્થ છું. તમે કરેલી પરીક્ષાનો હું સ્વીકાર કરું છું અને તમારે વિશે પિતાનું પદ ગ્રહણ કરું છું... તે પદને લાયક બનવા પ્રયત્ન કરીશ અને જ્યારે હું હિરણ્યકશ્યપ નીવડું ત્યારે પ્રહ્લાદ ભક્તની જેમ મારો સાદર નિરાદર કરજો.'' ...પત્ર લખ્યા પછી પાછું બોલાઈ ગયું, ''વિનોબાએ તો હદ કરી.''

વિનોબાનું બ્રહ્મનિષ્ઠ આંતરપોત બાપુ સમક્ષ ખુલ્લું થઈ ગયું હતું. આ પછી પણ એમણે એક વાર વિનોબાને લખેલું કે, ''તમારા જેવો ઉચ્ચ આત્મા બીજો મેં ક્યાંય જોયો નથી.'' આ પત્ર તો ફાડીને વિનોબાએ નાખી દીધેલો, પણ એક શિષ્યના હાથમાં કાગળના ટુકડા આવી ગયા. આવી પ્રશસ્તિઓમાં અટકી કે ફસાઈ જાય તેવો તો આ આત્મા જ નહોતો.

પહેલેથી જ વિનોબાનો સ્વભાવ અતડો હતો. એ ખાસ કોઈમાં હળતાભળતા નહીં. ભલા પોતે અને પોતાનું કામ. દૂબળીપાતળી કાયાવાળો એક યુવાન પોતાની ધૂનમાં ને ધૂનમાં કલાકો કામ કરતો રહે તો લોકોને ક્યાંથી ખબર પડે કે અંદર કઈ પ્રતિભા બેઠી છે? કોઈ મહેનતુ જુવાનિયો છે એટલું લાગે! પરંતુ એક દિવસ સાંજે રોજનું કામ પતાવી સાબરમતીને કિનારે રેતીમાં બેસી જોરજોરથી વેદમંત્રો તથા ઉપનિષદની ઋચાઓ ગાવા મંડ્યા. એ જ વખતે કૉલેજના કેટલાક જુવાનિયાઓ આ સાંભળી ગયા. એમને થયું કે કોઈ વિદ્વાન પંડિત લાગે છે. બીજે દિવસે આશ્રમમાં આવી પૂછપરછ કરી કે આવા આવા

દેખાવવાળા ભાઈ પાસે અમારે સંસ્કૃત શીખવું છે! પેલા ભાઈ તો એ સાંભળી હસવા જ લાગ્યા, ''અરે, એમની પાસે શું ધૂળ સંસ્કૃત શીખશો? એ તો ગૂંગો છે ગૂંગો!'' પણ પેલા છોકરાઓ તો હઠ પકડીને પહોંચ્યા વિનોબા પાસે. ત્યારે એ કોદાળીથી ખેતર ખોદી રહ્યા હતા. છોકરાઓએ ખૂબ વીનવ્યા ત્યારે સંસ્કૃત શીખવવા તૈયાર થયા. ત્યારે પેલા ભાઈને અને એ ભાઈ દ્વારા પછી આખા આશ્રમને ખબર પડી કે આ મૂંગો વિનોબા નથી, આ તો છે પંડિત વિનોબા. પાછળથી તો 'આચાર્ય'નું વિશેષણ પણ અનેક અન્ય વિશેષણોની સાથે વિનોબાની આગળ પલાંઠી મારીને બેસી ગયું, પણ પ્રારંભમાં તો આશ્રમ-સાથીઓને ઠીક ઠીક અંધારામાં રાખી શક્યા.

પણ આ આશ્રમવાસ દરમ્યાન વેદાંત-વિદ્યાની એક દિવસે કસોટી થઈ. એક દિવસે સવારે સાબરમતી નદીમાં નાહતાં નાહતાં અચાનક પાણીનું તાણ આવ્યું અને વિનોબા એ તાણમાં ખેંચાવા લાગ્યા. વિનોબાને તો તરતાં આવડતું નહોતું, નદીકાંઠે પણ કોઈ માણસનું ધ્યાન હતું નહીં કે જે બચાવે. જોતજોતામાં તો એ વધુ ને વધુ દૂર તણાવા લાગ્યા. એટલામાં કિનારે ઊભેલા લોકોનું ધ્યાન ખેંચાય છે... ''અરે અરે, વિનોબા ડૂબે છે. બચાવો, કોઈ બચાવો...!''

પણ તે જ સમયે નદીના પૂરઝડપે વહેતા પાણીમાંથી એક અવાજ સંભળાય છે, ''બાપુને કહેજો કે વિનોબા જાય છે. આત્મા અમર છે, દેહ નશ્વર છે... આત્મા અમર છે, દેહ નશ્વર છે.'' મૃત્યુની ક્ષણ સામે આવીને ઊભી છે, ત્યારે ડૂબતો માણસ 'બચાવો - બચાવો'ની બૂમો નથી પાડતો, પણ

રગેરગમાં ઊતરી ગયેલું વેદાંત વદે છે કે 'આત્મા અમર છે, દેહ નશ્વર છે.'

પછી તો એક નાનકડી ટેકરી જેવું રસ્તે આવી જાય છે અને કાળદૂત કાનમાં ગણગણાટ કરી ખાલી હાથે જ પાછો વળી જાય છે. પણ અહીં તો ન મૃત્યુનો ડર છે, ન જીવનની લોલુપતા! 'યૂં भी वाहवाह है और वूं भी वाहवाह है' - આશ્રમવાસીઓ તો આ મરણોદ્ગાર સાંભળીને સ્તબ્ધ જ થઈ ગયા.

બાપુએ ભલે કહ્યું કે વિનોબા આશ્રમ પાસેથી લેવા નહીં, પણ આપવા આવ્યા છે, પરંતુ વિનોબા આખી વાતને જુદી જ રીતે મૂલવે છે.

''બાપુના આશ્રમમાં હું આવ્યો અને આશ્રમનું જે કંઈ જીવનસ્વરૂપ મારી દૃષ્ટિએ મેં જોયું, તેમાંથી મને ઘણું મળ્યું, અને તેને પરિણામે જીવન એકરસ અને અખંડ છે તેનો અનુભવ મને થયો... તે પહેલાં હું સાધના કરતો હતો, તે કેવળ ભાવના રૂપે હતી, પણ આશ્રમની સાધના પછી મને આંખ જ પ્રાપ્ત થઈ. બાપુનો આશ્રમ મારે માટે દૃષ્ટિદાયી માતૃસ્થાન છે.'' ભારતનું અત્યાર સુધીનું અધ્યાત્મ એકાંગી અધ્યાત્મ હતું. બ્રહ્મવિદ્યા રાષ્ટ્રના ફલક પર પ્રત્યક્ષ કર્મક્ષેત્ર પર ઊતરતી નહોતી. ગાંધીજીના યુગકાર્યમાં મહત્ત્વની બાબત હતી તે આ હતી કે સત્ય, અહિંસા જેવાં પાયાનાં સનાતન મૂલ્યોને સામાજિક જીવનમાં દાખલ કરવાનાં હતાં. બંગાળની ક્રાન્તિમાં દેશને આઝાદ કરવા માટે મરી મીટવાની તમન્ના હતી. દેહને નશ્વર સમજી ફેંકી દેવાની તત્પરતા વેદાંતી વિનોબાને ગમી જાય તે સ્વાભાવિક હતું, પરંતુ ગાંધીવિચાર તો દુશ્મનને મિત્ર બનાવી

અસત્યને મટાડવાનો પુરુષાર્થ ચીંધતો હતો. ગાંધી ચીંધ્યો સ્વરાજ્ય-માર્ગ શરૂ થતો હતો આત્મશુદ્ધિથી. મેળવણ જેટલું સારું હશે તેટલાં દહીં-ઘી-માખણ સારાં નીપજશે. મેળવણ એક વાડકીમાં પડ્યું રહે તો ખાટું થઈ જાય, તેને મેળવી દેવું જોઈએ. એ જ રીતે આત્મજ્ઞાની ગુફામાં બેસી રહે તે યોગ્ય નથી. તેણે સમાજ-પરિવર્તન માટે મથવું જોઈએ.

વળી વિનોબા આંતરપરીક્ષણ કરી એ પણ કબૂલે છે કે, ''હું તો સ્વભાવે જંગલી જાનવર જેવો રહ્યો છું. મારી અંદરના ક્રોધના જ્વાળામુખીને અને બીજી અનેક વાસનાઓના વડવાગ્નિને શમાવી દેનારા તો બાપુ જ હતા. મારા પર નિરંતર એમના આશીર્વાદ વરસ્યા છે. હું તો એમનું પાળેલું એક જંગલી પ્રાણી છું. આજે હું જે કાંઈ છું તે બધો બાપુની આશિષનો ચમત્કાર છે.''

શંકરાચાર્યે માણસનાં ત્રણ પરમભાગ્ય ગણાવ્યાં છે. એક, માનવદેહ પ્રાપ્ત થવો; બે, મુક્તિ માટેની ઝંખના અને ત્રીજું, મહાપુરુષની સત્સંગતિ! વિનોબા આ વાક્યને વારંવાર યાદ કરી ગળગળા થઈ અપાર ધન્યતાનો અનુભવ કરતાં કહે છે કે મને આ ત્રણેય પરમભાગ્ય સાંપડ્યાં.

અત્યારે કદાચ મૂલ્યાંકન કરવું થોડું વહેલું પડે. ઇતિહાસનું મૂલ્યાંકન તો સૈકાઓ પસાર થયા પછી જ થતું હોય છે, પણ સામાન્ય નજરે જોઈએ છીએ તો જેમ વીતેલાં વર્ષોમાં શંકર-રામાનુજ, મહાવીર-બુદ્ધ, રામ-કૃષ્ણ-વિવેકાનંદ, એમ લોકોત્તર પુરુષોની બેલડી હાથેહાથ મિલાવીને પૃથ્વી પર ઊતરી આવી, તેવી જ આ ગાંધી-વિનોબાની એક વિશેષ બેલડી એ યાદીમાં ઉમેરાઈ. ગાંધીએ સર્વોદય-વિચારની એક પૂણી

કાંતવાની શરૂ કરી. એ જ્યાંથી અધૂરી છૂટી, ત્યાંથી તંતુ સાંધી લઈ વિનોબાએ એને આગળ કાંતી. હકીકતમાં ગાંધી-વિનોબા બંને મળીને એક પૂર્ણ વિચાર થાય છે, બંને પરસ્પર પૂરક છે, અભિન્ન અંગ સમાન છે. જેમ પુસ્તકમાં એક આવૃત્તિ ખલાસ થઈ જાય તો બીજી સુધારેલીવધારેલી પુનરાવૃત્તિ પ્રગટ થાય છે, તેમ વિનોબા એ ગાંધીની પુનરાવૃત્તિ છે. કાળ બદલાયો તે મુજબના ફેરફાર કરવા પડ્યા, બાકી તત્ત્વત: ગાંધીવિચારને જ આગળ ચલાવ્યો. અણુયુગ આવ્યો, સ્વરાજ્ય મળ્યું, લોકશાહીની સ્થાપના થઈ - કાળપરિવર્તનનાં આ ત્રણ તો મુખ્ય આયામ. એટલે સ્વાભાવિક છે કે કાળાનુસાર પરિવર્તન કરવું જ પડે અને તે વિનોબાએ કર્યું. કાળક્રમે ગાંધી-વિનોબાનાં વ્યક્તિત્વ લોપાઈ જઈ શકે, પરંતુ એમના દ્વારા જીવનના સર્વાંગી ક્ષેત્રનો એક સમગ્ર, પરિપૂર્ણ જીવનવિચાર પ્રગટ થયો છે, તે યુગયુગાન્તર સુધી માનવજાતિ સમક્ષ અખંડ નંદાદીપ બનીને પ્રકાશ પાથરતો રહેશે.

## ૩. ભોંભીતર પાંગરતું બ્રહ્મબીજ

''વિનોબા, વર્ધાનો આશ્રમ સંભાળશો?''

''બાપુ, આપ જે કાંઈ કામ સોંપશો તે મારી શક્તિ પ્રમાણે કરીશ.''

અને આઠમી એપ્રિલ ૧૯૨૧ના દિવસે અમદાવાદ છોડી વિનોબાજી છ સાથીઓ સાથે મહારાષ્ટ્રના વર્ધા ગામે પહોંચે છે. આજની મગનવાડી તે વર્ધાનો ત્યારનો આશ્રમ! હાથઘંટીની પૂજા

કરી એના પર દળીને વિનોબાએ આશ્રમનું ઉદ્દઘાટન કર્યું. ધીરે ધીરે માખીઓ મધપૂડા પાસે એકઠી થતી જાય તેમ વિનોબાની બાળપણની મંડળી પણ એકેક કરતી વર્ધા આવી પહોંચી. એક સરસ મજાનું સાધક અને વળી પાછું દેશ માટે પ્રાણ ન્યોછાવર કરી નાખવા તત્પર તેવું રાષ્ટ્રપ્રેમી મંડળ ત્યાં રચાતું ચાલ્યું.

આ વર્ષો તો ભારતના સ્વાતંત્ર્ય-આંદોલનનાં પાયાનાં વર્ષો. ૧૯૨૦નો જલિયાંવાલા બાગનો ભીષણ હત્યાકાંડ અને બાપુના અસહકાર આંદોલનની ઘોષણા... વાતાવરણમાં ખાસ્સી ગરમી અને ખળભળાટ હતો. બાપુને તો ઘડીનીય નિરાંત નહોતી. દેશના આ ખૂણેથી પેલા ખૂણે સતત રખડવાનું રહેતું, પણ જાણે પોતાની બીજી કાયા સ્થિર કરી દીધી હોય તેમ તેમણે વિનોબાને આશ્રમમાં સ્થિર કરી દીધા હતા. વિનોબા પણ પોતાના રાષ્ટ્રીય વિદ્યાલયમાં નવી પેઢીના ઘડતરના કામમાં એવા જ તલ્લીન થઈ ગયેલા. એ કહેતા, ''હું આવતી પેઢી તૈયાર કરી રહ્યો છું.'' વિનોબામાં રહેલો 'શિક્ષક' આ કાળમાં ખૂબ ખીલ્યો.

પૂરાં બાર વર્ષનું તપ ચાલ્યું. પ્રાચીન કાળના કોઈ તપસ્વી ઋષિનું ગુરુકુળ જ જાણે જોઈ લો! માનસિક, શારીરિક, બૌદ્ધિક, હાર્દિક, સાંસ્કૃતિક એમ સર્વાંગી કેળવણીનો કળાકલાપ ત્યાં ખીલ્યો હતો. 'સૂતરના તાંતણે સ્વરાજ્ય' લાવવાનું હતું, એટલે ખાદીવિદ્યા એ તો વર્ધા આશ્રમનું રાષ્ટ્રીય વીજળી-મથક જેવું મુખ્ય કેન્દ્ર બની ગયું. જે કોઈને ખાદીવિદ્યા શીખવી હોય તેને વર્ધા આવવું જ પડે! આ ખાદીવિદ્યાનો ગુરુ હતો - વિનોબા. જ્ઞાન-વિજ્ઞાનની ચર્ચામાં બાપુ સાથે ખાસ્સું ઝીણું કાંતનારો પંડિત રેંટિયાના તાર કાઢવાની બાબતમાં પણ આટલું

ઝીણું કાંતી શકે તે સૌના માટે કૌતુકનો વિષય હતો, પણ આ તો હતો ઝિંદાદિલ પુરુષ! સામે પડકાર આવે અને પાછો પડે તેવું કાચું દિલ એ નહોતો ધરાવતો. વળી એને તો આ ફાવતું પણ આવી ગયેલું કારણ કે રેંટિયાના તારેતારની સાથે ભારતના સૌથી છેવાડે ઊભેલા માણસ દ્વારા વિશ્વાત્માની સાથે એકરૂપ થવાની સાધના પણ ચાલતી હતી.

આશ્રમમાં આવતાં પહેલાં જ ભારતીય સંસ્કૃતિના મુખ્ય ધર્મગ્રંથોનો તાગ મેળવી લીધો હતો. પરંતુ આ ગ્રંથો કંઈ એવા ગ્રંથો તો હતા નહીં કે વંચાઈ ગયા અને પછી જાય પસ્તીમાં. વર્ધામાં પણ વિનોબાનો જ્ઞાનયજ્ઞ તો ચાલુ જ હતો. જ્ઞાન અને કર્મની જાણે હોડ ચાલતી. આશ્રમનાં જે કાંઈ પ્રવૃત્તિકાર્યો હતાં તેમાં પણ અગ્રસ્થાને વિનોબા જ હોય! અને એમની ઓરડીમાં પડઘાતી વેદ-વેદાંતની ઋચાઓ એમને જ્ઞાનવેદીમાં પણ મોખરે જ રાખતી. વળી 'મહારાષ્ટ્ર-ધર્મ' નામનું માસિક પણ તેઓ ચલાવતા. આમ આશ્રમજીવનમાં વિનોબાના ગુરુપદે જીવનલક્ષી સર્વાંગી સાધના ચાલતી, જેમાં જ્ઞાન-ભક્તિ અને કર્મનો સમન્વય સાધવાનો પ્રયત્ન થયો. બાપુની જેમ વિનોબામાં પણ 'આચરણ' સૂરજની પ્રભાની જેમ ઝળહળતું, એટલે ત્યારથી લોકોએ સ્વયંપ્રેરણાથી વિનોબાને 'આચાર્ય'નું બિરુદ ભેટ આપ્યું. જોકે વિનોબાને મળેલાં સઘળાં બિરુદો, ભૂષણો, હંમેશાં એક હકીકત સાથે લઈને આવતાં કે આ બિરુદથી વિનોબા વિભૂષિત થાય, એ કરતાં પેલાં બિરુદો જ વિભૂષિત થતાં.

૧૯૨૨માં નાગપુરમાં ઝંડા-સત્યાગ્રહ ચાલ્યો. એકેક વ્યક્તિ સરઘસમાં ઝંડો લઈને નીકળે, પોલીસ એ જ ઝંડાની લાઠીથી

સત્યાગ્રહીને મારે અને પછી ધરપકડ કરે. ધીરે ધીરે જમનાલાલજી, ભગવાનદીન વગેરે બધા આગેવાનો પકડાઈ ગયા એટલે છેવટે ૨૫૦ સ્વયંસેવકો સાથે વિનોબા સત્યાગ્રહ માટે ગયા અને સરકારે એમને પકડી લીધા. આમ આશ્રમજીવનમાં વળી એક નવો વળાંક આવ્યો.

ત્યારે આ માનવરત્નનું હીર ભલે બાપુએ અને આશ્રમવાસીઓએ પારખી લીધું હોય, પણ લોકો અને વળી તેમાંય જેલના અધિકારીઓ માટે તો આ એક ઘરબાર વગરનો રખડતો ભામટો બાવો જ હતો. થોડો વખત નાગપુર જેલમાં રાખી પછી અકોલા જેલમાં લઈ આવવામાં આવ્યા અને ત્યાં એમની સખત તાવણી શરૂ થઈ. વિનોબાનું મનોબળ અજેય હતું, સંકલ્પશક્તિ ઉત્કટ હતી, પણ શરીર તો એમનું નાનપણથી જ નબળું હતું. જેલનો અમાનવીય જુલમ તે કેટલું સહી શકે? ત્યારે પહેલા વર્ગના કેદીઓને પણ રોજનું સવા મણ દળવાનું હોય, માપ મુજબના પથ્થરો ફોડવાના હોય! વૉર્ડરોનું વર્તન તો અત્યંત ક્રૂર અને ગંદું! જીભમાં ગાળ અને પગમાં લાત- આ બે એમની મુખ્ય ખાસિયત! એક વાર તો વિનોબાએ કહ્યું પણ ખરું કે, ''સરકસમાં માણસ પશુ પર જુલમ ગુજારે છે, અહીં જેલમાં પશુ માણસ પર જુલમ ગુજારે છે.'' જયપ્રકાશજીએ પણ જેલના અનુભવો ટાંકતાં કહ્યું છે કે હૃદયમાં રહેલી માનવતાને ટકાવી રાખવાનો પ્રચંડ પુરુષાર્થ કરવો પડે તેવું પાશવી વાતાવરણ જેલમાં હોય છે. પણ વિનોબાની ખૂબી તો એ હતી કે તેઓ આફતને અવસરમાં પલટી દેતા. જોતજોતામાં તો વિનોબાનું જેલજીવન પણ સાધનામંદિર કહો તો

સાધનામંદિર, વિદ્યાધામ કહો તો વિદ્યાધામ અને પ્રેમાળ પરિવાર કહો તો પ્રેમાળ પરિવાર બની ગયું. આનું મુખ્ય કારણ એ હતું કે એમના ચિત્તનું બંધારણ જ એમણે એવું ઘડી કાઢ્યું હતું કે બાહ્ય વાતાવરણની અસર તેમના પર થાય તેના કરતાં એમના વ્યક્તિત્વની અસર જ વાતાવરણ પર વધારે થાય. એટલે તો એ કહેતા, ''મંગળ-શનિ વગેરેની અસર મારા પર જોવાને બદલે મારી અસર એમના પર શું પડે છે તે જોવાનું છે! માણસ જ્યાં જાય ત્યાં પોતાનું વાતાવરણ લઈને જાય તેવું થવું જોઈએ.'' આવો દૃઢ હતો એમનો આત્મવિશ્વાસ. સત્ય સિવાય કોઈની પણ અસર તળે આવી જાય એવું કાચું, તકલાદી, પોલું એમનું વ્યક્તિત્વ જ નહોતું. સાથોસાથ આ પણ એક નક્કર હકીકત હતી કે તેઓ સત્યને સમજવા પણ સદાય તત્પર અને ઉત્સુક હતા. સત્ય અંગે કદીય એ અંતિમ ગાંઠ વાળી લેતા નહીં. પણ સત્યને સમજવું, સત્યને સ્વીકારવું તે એક બાબત છે અને બીજા કોઈના સત્ય સિવાયના પ્રભાવ હેઠળ આવી જવું તે બીજી બાબત છે. એટલે જેલમાં વર્ચસ્વ ધરાવતી પશુતા વિનોબાના દેહ પર પણ કબજો ના કરી શકી તો ચિત્ત, મન પર તો શું કરી શકે? બલકે થયું ઊલટું જ. ધીરે ધીરે વિનોબાની માનવતા, માનવતાથીય મૂઠી ઊંચેરી તેવી અતિમાનવતા જેલરોને સ્પર્શતી ગઈ અને ઘી ઘીના ઠામમાં જઈને સ્થિર થઈ ગયું. ધૂળિયા જેલના સુપરિન્ટેન્ડેન્ટ વૈષ્ણવ સાહેબને ઘેર તો બેઠકરૂમમાં આજે પણ વિનોબાની તસવીર સામે ઝૂલતી દેખાય છે! આવો મિત્રસંબંધ, ગુરુ-શિષ્ય-સંબંધ એ સ્થાપી શક્યા.

વિનોબા એક કુશળ વ્યક્તિ છે, તીવ્ર મેધાવી પણ છે. જેલને

આશ્રમમાં પલટવાની હતી. પરસ્પર પ્રેમભાવ, આદરની ભાવના આશ્રમને આશ્રમ બનાવે છે, આશ્રમના નામનું પાટિયું ચોડી દેવાથી તો કાંઈ આશ્રમ આશ્રમ બનતો નથી. એટલે પહેલું પૂરણ જોઈએ પ્રેમનું. એમણે કહ્યું, ''આજથી રસોડું હું સંભાળીશ. રસોઈનું કામ મારા માથે.'' અને વિનોબા કેવળ રસોઇયા, કેવળ મહારાજ ન બન્યા, એ તો બન્યા મા! રસોઈ તો હતી તેલ-મરચાં વગરની સાદી, પણ એવા ભાવપૂર્વક બનાવતા કે ધીરે ધીરે વિનોબાનું રસોડું મોટું ને મોટું થતું ચાલ્યું. પછી તો માત્ર રાજકીય કેદીઓ જ નહીં, બીજા કેદીઓ પણ તેમાં ભળી ગયા. છેવટે વિનોબાના અથાગ પરિશ્રમ સામું જોઈ જેલરને રોક લગાવવી પડી.

પણ વિનોબા કેવળ 'મા' નહોતા કે વાત્સલ્યનાં પૂર વહાવી થોભી જાય. એ તો ગુરુ પણ હતા. કેવળ દેહના સ્વાસ્થ્યની રક્ષા એ એમનો ચિંતાનો કે ચિંતનનો વિષય નહોતો. મન-બુદ્ધિ-હૃદયના સ્વાસ્થ્યને સંભાળી આત્મશક્તિનું ભાન કરાવવું તે હતું તેમનું આચાર્ય-કાર્ય. પોતે તો સદાકાળ વિદ્યાર્થી રહ્યા જ. જેલમાંય એ શું ના શીખ્યા? દક્ષિણની વેલૂર જેલમાં ગયા તો ત્યાં દક્ષિણની ચારેય ભાષા શીખી લીધી. આ ઉપરાંત કેટલુંક પાયાનું સાહિત્ય-સર્જન પણ જેલમાં જ થયું. ૧૯૩૦-૩૧ દરમ્યાન ગીતાનો પદ્યાનુવાદનો 'ગીતાઈ' ગ્રંથસ્વરૂપે પ્રગટ થયો. ૧૯૩૨ની ધૂળિયા જેલમાં 'ગીતા પ્રવચનો' મુખરિત થયાં, ૧૯૪૦-૪૧ની નાગપુર જેલમાં 'સ્વરાજ્યશાસ્ત્ર' તથા મહારાષ્ટ્રના સંત જ્ઞાનેશ્વર, એકનાથ, નામદેવ વગેરેનાં ભજનોનું ચયન થયું. ૧૯૪૨ની સિવની જેલમાં 'ઈશાવાસ્યવૃત્તિ' તથા

'સ્થિતપ્રજ્ઞ દર્શન' લખાયાં. જેલજીવનમાં જ લોકનાગરી લિપિને અંતિમ સ્વરૂપ મળ્યું.

વળી એમની શિક્ષણ-દૃષ્ટિ પણ કેટલી મર્મજ્ઞ! એક જેલમાં ભારતન્ કુમારપ્પા સાથે થઈ ગયા. એમની માતૃભાષા તામિલ, પણ બધો વ્યવહાર ચલાવે અંગ્રેજીમાં. વિનોબાને હિન્દી શીખવવા કહ્યું તો વિનોબાએ હિન્દી શીખવવાના માધ્યમ રૂપે લીધું - રામચરિત માનસ, અને પહેલા જ વર્ગમાં કહી દીધું કે ''બાઈબલ અને શેક્સપિયર બંનેની પ્રતિભા ભેળાં કરો તો થાય આ તુલસી રામાયણ.''

જેલજીવનની વાતોનોય પાર આવે તેમ નથી. જે કોઈએ એમને જોયા, એમને સાંભળ્યા, એમની સંગતિ જે કોઈએ માણી તે સૌ વત્તોઓછો સ્પર્શ પામીને જ ગયા. નાગપુર જેલની મુલાકાત પછી રાજાજીએ લખેલું, ''...અને જુઓ પેલા વિનોબા! દેવદૂત જેવો એમનો પવિત્ર આત્મા, વિદ્વત્તા, તત્ત્વજ્ઞાન અને ધર્મનાં ઊંચાં શિખરો પર વિહરે છે અને છતાં એ મહાન આત્માએ ધારણ કરેલી વિનમ્રતા એટલી આબાદ છે અને દિલની સચ્ચાઈ એટલી તો સહજ બનેલી છે કે જે અમલદાર એમને જાણતો ન હોય તેને તો એમની મહાનતાની ગંધ પણ ન આવે. જેલરે એમને સોંપેલા પથરા એ બરાબર ફોડ્યે જાય છે. કોઈને ખબર પણ નથી પડતી કે એ માણસ મૂંગે મોંએ કેટકેટલી શારીરિક યંત્રણા સહન કરી રહ્યો છે, પણ જ્યારે એ અંગે અમે સાંભળ્યું ત્યારે અમને તો કમકમાટી છૂટી ગઈ.''

મહાદેવભાઈ દેસાઈએ લખ્યું, ''મૌનના દુર્ભેદ્ય કવચ નીચે તેઓ લપાયેલા છે... પ્રચંડ સાધુતા, ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં

પ્રકાંડ વિદ્વત્તા, તપશ્ચર્યા અને આત્મનિયમનની અદ્વિતીય શક્તિ અને એ સઘળાંના નવનીતરૂપે નીપજી હોય તેવી વિરલ વિનમ્રતા. આપણે બાળક ધ્રુવના ઈશ્વરપ્રાપ્તિ માટેના અફર નિર્ધારની વાત સાંભળીએ છીએ. હજારો આફતો સામે અણનમ રહી ઝૂઝનારા પ્રહ્લાદની સરળ શ્રદ્ધાની કથા પણ સાંભળીએ છીએ અને યમદેવને દરવાજે ભરખાઈ જવાના કોડથી દોટ મૂકનારા બાળક નચિકેતાનું અદ્ભુત પરાક્રમ પણ વાંચીએ છીએ. વાંચીને વિસ્મય થાય કે આવા આધ્યાત્મિક ચમત્કારોથી ભરેલાં એ બાળકો તે કેવાંય હશે! પણ તમે વિનોબાને જુઓ, પછી તમને આ બાળકોનાં પરાક્રમની કલ્પના કરવાનું અઘરું નહીં લાગે.''

આમ જે અંદર સુધી પહોંચી શક્યું તે તો તેમની પાસેથી અઢળક પામીને જ પાછું ગયું. ભલે એ પોતાને 'જંગલી જાનવર' કહે, પણ વાસ્તવમાં તો એ હતા ભારતીય આરણ્યક સંસ્કૃતિની ઉત્તમ નીપજ. એમના ચિત્તના અરણ્યમાં તપ અને શ્રદ્ધાની લીલીછમ ઘેરી વનરાઈઓ હતી; તો વળી હતા પ્રાચીન ઋષિમુનિઓના આકાશગામી ટહુકાર. નાનકડા સાડા ત્રણ હાથના વિસ્તારમાં વસતો આ જીવ નહોતો, આ જીવનો સ્વદેશ તો હતો – ત્રિભુવન!

બાર વર્ષના આ તપોમય પ્રયોગ-જીવનમાં અધ્યયન-અધ્યાપન, રાષ્ટ્રીય કાર્યો, ગ્રામસેવા વગેરે પ્રવૃત્તિઓની સાથોસાથ વિનોબાના અંતરતમે ઘૂમતી બ્રહ્મપ્રાપ્તિની ઝંખનાની ધરી પણ એકધારી ગતિએ ચાલતી જ રહી. આ અંતર્યાત્રાની વિગતો વિનોબા પાસેથી મળે તેવી તો કલ્પનાય ના થઈ શકે. જે કોઈએ તે વેળાએ એમનો સંગ સેવ્યો હોય તે જ થોડુંઘણું કહી

શકે. આપણને તો વિનોબાનું એક અલપઝલપ વાક્ય મળે છે, જે ઘણું બધું કહી જાય છે. ''બાર વરસના એ પ્રયોગ-જીવનમાં અધ્યયન, અધ્યાપન તથા લેખન વગેરે કરવા ઉપરાંત ઉપાસના અને ધ્યાન આદિનો પણ ઘણો મોકો મળ્યો. તે પછી ચિત્તને કંઈક સમાધાન પ્રાપ્ત થયું.'' ...આ 'સમાધાન' તે આપણું ચીલાચાલુ, સીધુંસાદું, આવતું-જતું, ચડતું-ઊતરતું, પ્રવાહી, સસ્તું સમાધાન નહીં પણ ચિત્તની કાંઈક સમ્યક્ સ્થિતિ, ચિત્તની કોઈક પરમ સામ્યાવસ્થા, તેવો અણસાર આવે છે.

આ ગાળા દરમ્યાન ગૂઢ અનુભૂતિઓમાંથી પણ પસાર થવાનું બન્યું હશે તેવો અંદાજ બાપુ સાથેની વાતો પરથી આવે છે. પરંતુ પ્રભુપ્રાપ્તિની સિદ્ધિ તો સ્વયંસિદ્ધ હોય છે, તેને કોઈ બાહ્ય પ્રમાણપત્રની જરૂર રહેતી નથી. ૮૭ વર્ષની જીવનગંગા જ સિદ્ધ કરી આપે છે કે એ કયા બે કાંઠે વહી હશે!

વર્ધા આશ્રમમાં જ્યારે વિનોબા રહેતા હતા ત્યારે તેમનું સ્વરૂપ મસ્ત-ફકીર જેવું હતું. પોતાના અધ્યયનમાં ડૂબ્યા રહેતા, અથવા તો કોઈ કામમાં. મોટે ભાગે એકાંતવાસ જ પસંદ કરે. ઘણા તો એમનાથી ડરતા. ભૂદાનયાત્રાના વિનોબા અને આશ્રમના વિનોબામાં જાણે આસમાન-ધરતીનો ફેર! પેલો ધગધગતો સૂરજનો ગોળો, તો આ પૂનમનો શીતળ ચાંદ! આ વાત તો વિનોબાએ પોતે જ કહી છે, ''મૂળે તો હું જંગલી જાનવર! પરંતુ ગાંધીજીએ જાનવરમાંથી માણસ તો બનાવ્યો, પણ 'જંગલી' હજુ હું કાયમ છું. મારો જન્મ મૂળ કોંકણના જંગલમાં થયો હતો. વળી મને ઉપનિષદોમાં 'બૃહદારણ્યક' ખૂબ ગમે છે. આરણ્યક એટલે સાદી ભાષામાં જંગલી. એમાં

બ્રહ્મને 'अवाकी-अनादर', મીંઢો અને બેપરવાહ કહ્યો છે. આ લક્ષણો મારા તો હાડમાં ઊતરી ગયાં છે.''

બાપુ જ્યારે સેવાગ્રામ રહેવા આવ્યા ત્યારે ક્યારેક બહારથી કોઈ એવી વ્યક્તિ આવે તો તેમને વિનોબા પાસે મોકલી આપે. પણ કોઈ મળવા જાય અને વિનોબા ખોદતા હોય કે વાંચતા હોય, તો પેલાને પૂછી લે કે, ''કેમ આવવાનું થયું?'' હવે પેલા ભાઈ જો કહે કે, ''બસ, આમ જ!'' અથવા તો ''દર્શનાર્થે આવ્યો છું'', તો પોતે પાછા પોતાના કામમાં લાગી જાય. પેલો માણસ રોષે ભરાઈને બાપુ પાસે જઈને કહે, ''તમે કેવા અસભ્ય માણસ પાસે મોકલી આપ્યો? વાત કરવાનીય સભ્યતા તેમનામાં નથી.''

પરંતુ આવું અતડાપણું કે અસંગવૃત્તિ તે પ્રારંભિક સાધકાવસ્થાની એક ઢાલ છે. અંદરની બેઠક જ્યાં સુધી મેરુ સમી અચળ ના થઈ હોય ત્યાં સુધી કઠોર થવું પડે છે. ભૂદાનયાત્રામાં યુવાન સાથીઓને, ખાસ કરીને બહેનોને, એ હંમેશાં કહેતા, ''મજબૂત થાઓ, સખત થાઓ, પેલા નાળિયેર જેવા! બહારનું કવચ તોડ્યું તૂટે ના તેવું અને છતાંય અંદરથી મૃદુલ-મીઠું!''

આશ્રમવાસ દરમ્યાન આ અંદરનો ગર્ભ મીઠો અને વધુ મીઠો, મૃદુ અને વધુ મૃદુ, ઉજ્જવળ અને વધુ ઉજ્જવળ બનતો જતો હતો! પ્રારંભકાળના સાથીઓને ભલે પ્રસાદીમાં નાળિયેરનું કઠણ કવચ મળ્યું, ઉત્તરકાળના સાથીઓને તો એવું મધમીઠું અમૃતજળ મળ્યું કે જે કોઈએ એનો સ્વાદ લીધો તે ધરાયો જ નહીં, ધરાયો જ નહીં!...

# ૪. પરંધામનો પરમહંસ

વર્ધા સત્યાગ્રહાશ્રમમાં બાર વર્ષના તપ પછી નિત્ય વર્ધમાન એવા વિનોબાનું વ્યક્તિત્વ આશ્રમમાં સમાઈ શકે તેટલું રહ્યું નહોતું. ઘરમાં ન સમાયા, આશ્રમમાં પહોંચ્યા.... હવે આશ્રમથી પણ વધારે વ્યાપક થવાની જરૂરિયાત હતી. આ બાર વર્ષમાં 'કર્તાપણાની ભાવના ચાલી ગઈ, ઈશ્વર જ છે એવી પ્રતીતિ થઈ ગઈ.' જેલવાસ દરમ્યાન જપ્ત થયેલો આશ્રમ હજી જપ્તીમાંથી છૂટ્યો નહોતો, એટલે વર્ધાથી બે માઈલ દૂર આવેલ નલવાડીમાં એક ગ્રામસેવા કેન્દ્ર સ્થાપી આજુબાજુ બીજાં ૧૪ કેન્દ્રો સ્થાપ્યાં, જ્યાં અન્ય સેવાઓની સાથોસાથ અસ્પૃશ્યતાનિવારણની કસોટીરૂપ ૩૬ મંદિર અને ૧૪૫ કૂવા હરિજનો માટે ખુલ્લાં મુકાવ્યાં. હરિજન સેવા માટે પ્રત્યક્ષ ભંગી બનવાનું બીડું તો ક્યારનું ઝડપી લીધેલ હતું. આશ્રમનું ભંગીકાર્ય તો સૌ હાથે જ કરતા. આસપાસનાં ગામોનું સફાઈકામ પણ શરૂ થયું. નજીકના દત્તપુરમાં કુષ્ઠધામ પણ સ્થપાયું, જેમાં વિનોબાના સાથી મનોહર દીવાને પોતાનું સમસ્ત જીવન સમર્પણ કર્યું.

નલવાડીમાં ખાદીકાર્ય કેન્દ્રસ્થાને રહ્યું. 'તકલી તો મારો સવા લાખનો ચરખો' કહીને વિનોબાએ એને વસ્ત્રપૂર્ણા સિદ્ધ કરી. સતત આઠ કલાક તકલી પર કલાકે ત્રણસો તારની ઝડપે અતૂટ કાંતતા. તે વખતે ચાર આંટીનું મહેનતાણું બે આના મળતું. વિનોબાએ વસ્ત્રપૂર્ણાને અન્નપૂર્ણા બનાવવા કાંતણની મજૂરી પર જ ગુજરાન ચલાવવાનો નિર્ણય કર્યો. પરિણામે કાંતણનું મહેનતાણું વધ્યું.

આ બધી પ્રવૃત્તિઓ નિમિત્તે લોકજીવનમાં પ્રવેશ થયો. આમેય વિનોબાની મૂળભૂત શ્રદ્ધા કહેવાતા બૌદ્ધિકો કરતાં કોઠાસૂઝ ધરાવતી ગ્રામીણ ભોળી જનતા પર પહેલેથી જ દઢ થઈ હતી. એ કહેતા પણ ખરા કે ગામડિયા લોકોની આંખોમાં મને સંસ્કૃતિનો પસાર થઈ ચૂકેલો ભવ્ય વારસો દેખાય છે. લોકોની નાડ તેઓ પારખતા. એટલે હવે ધીરે ધીરે તેમની સઘળી બાહ્ય પ્રવૃત્તિઓનું મધ્યબિન્દુ આ 'લોક' બનતું ગયું. લોકો જ એમની પ્રયોગશાળા અને લોકો જ એમનું માપયંત્ર!

અસ્પૃશ્યતાનિવારણ, ખાદી, કુષ્ઠસેવા ઉપરાંત ખેતી-ગોસેવાનું કાર્ય પણ ત્યાં ચાલતું. વર્ધામાં આદર્શ ગૌશાળા સ્થપાઈ અને વર્ધાના ગાયના દૂધની એટલી વિખ્યાતિ થઈ કે જેમ સુરતની ઘારી, વડોદરાનો ચેવડો તેમ વર્ધાનું ગાયનું દૂધ! સ્ટેશન પર ગાડી આવે તે પહેલાં ઉતારુઓ ચોખ્ખું દૂધ પીવા તૈયાર થઈ જાય!

વિનોબાના આશ્રમજીવનમાં શ્રમ અને આત્મનિગ્રહ પર ખૂબ ભાર મુકાતો. હકીકતમાં તો આશ્રમ એટલે જ જ્યાં વ્યાપક શ્રમ સમત્વપૂર્વક કરાય તે. એટલે શ્રમાધારિત જીવન હોય તે સ્વાભાવિક છે. ઘણી વખત શ્રમથી કમાઈને જ જે મળે તે ખાવું, તેવા પ્રયોગો થતા. પરિણામે બપોરનું ભોજન તો મળી જતું, પણ સાંજની રસોઈ કરતાં પહેલાં ખિસ્સાની કમાણી તપાસી લેવી પડતી. ક્યારેક એકલી ભાખરી તો ક્યારેક અડધુંપડધું પેટ ભરાય તેટલું પણ મળતું.

આ બધા ઉપરાંત અધ્યયન-અધ્યાપન તો ખરું જ. હવે તો સેવાગ્રામ આશ્રમ પણ સ્થપાઈ ગયો હતો અને બાપુ વચ્ચે વચ્ચે

ત્યાં આવી જતા હતા. જોકે વિનોબા બાપુનો સમય ઓછામાં ઓછો લેતા. બાપુનું તેડું આવે ત્યારે જ જતા. એમની વૃત્તિમાં જ એક પ્રકારની 'અસંગવૃત્તિ' હતી. પ્રેમ સૌને માટે ભારોભાર, પણ વળગણ કોઈનું જ નહીં! મૂળે તો શંકરાચાર્યના શિષ્ય ખરા ને!

આમ ને આમ ૧૯૩૮ની સાલ આવી. શરીર પર પ્રવૃત્તિઓની અને પ્રયોગોની વધારે પડતી તાણ આવી. પરિણામે શરીર લથડ્યું. ગંભીર માંદગી આવી. વિનોબાએ તો પ્રભુ પાસે પહોંચી જવા બિસ્તરા-પોટલાં સંકેલવા માંડ્યાં. એમનું ચિત્ત તો પ્રસન્ન હતું. શણગાર તો એમણે જનમ ધરીને જ શરૂ કરી દીધેલો. હવે તો સાજનને ઘેર જવાની જ વાર હતી!

પણ બાપુ એમ શેના જવા દે? ભાવિ વારસદાર જાહેર કરવાનો હતો. તેડું મોકલ્યું, કહ્યું:

''મારી પાસે રહો. હું તમારી ચાકરી કરીશ.''

''તમે ઘણા બધા દરદીઓના દાક્તર! એમાં હું એક વધારાનો. એમાં મારું તો આવી જ બને!''

''તો હવા ખાવાના સ્થળે જાઓ. મસૂરી, પંચગની, કાશ્મીર, હિમાલય. જ્યાં જવું હોય ત્યાં વ્યવસ્થા થઈ જશે.''

''પવનારમાં જમનાલાલજીનો લાલ બંગલો ખાલી પડ્યો છે. ત્યાં જઈને રહીશ.''

''હા, ગરીબો ક્યાં હવા ખાવાના સ્થળે જઈ શકે છે? પરંતુ પવનારમાં ચિંતન-મનન બધું બંધ કરવું પડશે. આશ્રમ-કામ, કોઈ ઉપાધિ ના રહેવી જોઈએ.'' બાપુએ આદેશ આપ્યો અને વિનોબાએ પવનાર જતાં રસ્તે આવતા પુલ પર જ સંકલ્પ લીધો – संन्यस्तं मया। संन्यस्तं मया। संन्यस्तं मया। મેં છોડ્યું, મેં છોડ્યું

એમ ત્રણ વાર બોલ્યા. સંન્યાસ તો એમણે ક્યારનોય લઈ લીધો હતો. હકીકતમાં સંન્યાસ એ કોઈ લેવાની ચીજ જ નથી. એ તો સહજ વૃત્તિ છે જેને નૈષ્ઠિક બ્રહ્મચર્ય કહેવાય છે. આવો સહજ સંન્યાસ તો વિનોબાને જાણે જન્મસિદ્ધ હતો. ત્યાર બાદ બાર વર્ષના આશ્રમજીવનમાં એ પણ સમજાઈ ગયું હતું કે કર્તાહિર્તા પરમેશ્વર છે. છતાંય કર્તવ્યની એક ધર્મપ્રેરણા ચિત્તમાં ઉત્કટ હતી, જેને પરિણામે શરીર પર બોજો પડતો હતો. અહીં શરીર સુધારવા જતા હતા એટલે આવા કર્તવ્યભાનથી પણ મુક્ત થવાની જરૂર હતી. આમેય જેલવાસના ચિંતનમાંથી એમણે એક ગાંઠ એ પણ વાળી હતી કે કોઈ પણ સંસ્થાના સભ્ય ના રહેવું. બાપુને જ્યારે કહ્યું ત્યારે બાપુએ કહેલું કે, એનો અર્થ હું એમ સમજું છું કે સંસ્થા માટે જે કાંઈ ઘસાવું પડશે તે તો તું ઘસાઈશ જ, પણ એના સભ્યોને મળતો લાભ તું નહીં લે. આમ ગૃહમુક્તિ, સંસ્થામુક્તિ એમ એકેક સોપાન સર કરતા ગયા.

જમનાલાલજીનો આ લાલ બંગલો વર્ધાથી પાંચેક માઈલ દૂર પવનાર નામના ગામમાં ધામ નદીને કાંઠે એક ઊંચી ટેકરી પર આવેલો છે. વિનોબા તો શબ્દોના સ્વામી. સાર્થક કરે તેવું જ નામાભિધાન હોય! ધામ નદીને પેલે પાર આવેલા આ સ્થાનને એમણે 'પરંધામ' નામ આપ્યું. ત્યાં લગભગ બાર મહિના એમની આરોગ્યસાધના ચાલી. ચિત્ત વિકારશૂન્ય તો હતું જ. આ તબક્કે એને વિચારશૂન્ય કરવાની સાધના ચાલી. મહદંશે નિર્વિચાર ભૂમિકામાં જ રહેતા. જ્ઞાનદેવનું એક પુસ્તક પાસે રાખેલું, જેનું પાંચ-દસ મિનિટ ચિંતન કરતા. બાકી સદંતર અકર્મ અને સદંતર નિર્વિચાર! સાવ ખાલીખમ! એમના મૂળ

સ્વભાવને તો ચિત્તની આ સ્થિતિ ખૂબ જ અનુકૂળ હતી. એક વાર બ્રહ્મવિદ્યા મંદિરમાં એક બહેન સામે બેઠેલી. તેને ત્યાં બેસવાનું કારણ પૂછ્યું તો પેલી કહે, ''ખાલી જ બેઠી છું. કશું કામ નથી!'' તો કહે, ''અરે વાહ, ખાલી બેસતાં આવડી ગયું તો તો બધું જ સધાઈ ગયું.'' આવું ખાલી થઈ જવું એ કોઈ નાનીસૂની સાધના નથી. પણ એ સાધના વિનોબાએ સિદ્ધ કરી અને બાર મહિનામાં વિનોબાનું ૪૦ રતલ વજન વધ્યું અને તબિયત પણ સરસ થઈ ગઈ.

આ બાજુ વિશ્વના તખ્તા ઉપર એક ભારે મોટી આફત તોળાઈ રહી હતી. બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. બ્રિટન માટે તો એ જન્મ-મરણનો પ્રશ્ન હતો. ભારત એનો ગુલામ દેશ, એટલે એણે તો એ યુદ્ધમાં ભારતના જાન-માલના બલિ ચડાવવા માંડ્યા. આથી રાષ્ટ્રપિતાનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો. કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં ધરી દીધાં. જાહેરમાં યુદ્ધવિરોધી નીતિનો પ્રચાર કરવાના તથા સરકારનો અસહકાર કરવાના ભારતના સ્વાતંત્ર્યનો સરકારે ઈન્કાર કર્યો. પરિણામે બાપુ સામે સત્યાગ્રહનું પગલું અનિવાર્ય બનીને આવ્યું. આ વખતે બાપુએ વ્યક્તિગત સત્યાગ્રહ કરવાનું ઠેરવ્યું. સ્વાતંત્ર્ય સંગ્રામના એકેકથી ચડે તેવા નરપુંગવો બાપુ પાસે એકઠા થયા હતા. બાપુની ખૂબી જ એ હતી કે એ દરિયો બનીને ચારે બાજુની નદીઓને પોતાનામાં સમાવી શકતા હતા. પણ આ વખતે તો ટકોરા મારીને સત્યાગ્રહીઓ પસંદ કરવાના હતા.

'પહેલા સત્યાગ્રહી તરીકે બાપુ કોને પસંદ કરશે?' હવામાં જોરદાર ચર્ચા ચાલવા માંડી. જવાહરલાલ, સરદાર, ભૂલાભાઈ

જેવાનાં નામ લોકજીભે રમતાં હતાં, ત્યાં અચાનક એક દિવસ બાપુએ વિનોબાને વર્ધા બોલાવ્યા, ''તમારે હસ્તકનાં કામો પતાવતાં તમને કેટલો સમય લાગે? મારે તમને પ્રથમ સત્યાગ્રહી તરીકે જાહેર કરવા છે.''

''મારે મન આપનું તેડું તે યમરાજનું તેડું છે. મારે અહીંથી પવનાર પાછા જવાનીય જરૂર નથી. તમે કહો તો અહીંથી જ સીધો તમે જે કામે મોકલો ત્યાં પહોંચી જાઉં.''

બાપુ પાસે આવ્યા પછીની પ્રત્યેક ક્ષણ 'બાપુની આજ્ઞા'માં જ ગુજારી હતી. પોતાના મનને, બુદ્ધિને કે અંતરઆત્માને વચ્ચે ક્યાંય ક્યારેય લાવ્યા નહોતા. ૧૯૪૦ની ૧૧મી ઑક્ટોબરે બાપુએ પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબાનું નામ જાહેર કર્યું. લોકો તો આ નામ સાંભળી દંગ રહી ગયા. ગાંધીજી ઘણી વાર ન સમજાય તેવું વિચિત્ર પગલું ભરી બેસે છે. આ જાહેરાત પણ લોકોને એવી જ કાંઈ લાગી. ''કોણ છે આ વિનોબા?'' - ચોમેરથી પ્રશ્ન ઊઠ્યો અને બાપુ તથા મહાદેવભાઈની કલમ પર ચઢી ગાંધીના સત્યાગ્રહના સાચા ઉત્તરાધિકારી બની વિનોબા પહેલી વાર વિશાળ રાષ્ટ્રવ્યાપી ફલક પર પ્રસિદ્ધિ પામ્યા.

વિનોબાને તો આમાંનું કશું જ અડી શકે તેમ નહોતું. પ્રસિદ્ધિથી તો તેઓ જોજનો દૂર રહે પણ કર્તવ્યવશાત્ પ્રસિદ્ધિ પણ સામે આવીને ઊભી રહેતી હોય તો તેનાથી એ કેવી રીતે ભાગે? મહાદેવભાઈએ ખૂબ સુંદર પરિચય આપતાં લખ્યું, ''નૈષ્ઠિક બ્રહ્મચારી, પ્રખર વિદ્વાન, સાદાઈને વરેલા, રચનાત્મક કાર્યમાં ખૂંપેલા, તેજસ્વી બુદ્ધિશક્તિવાળા બીજા ઘણા લોકો વિનોબાની તોલે આવી શકે તેવા છે, પણ એમનામાં કેટલીક

એવી વસ્તુઓ છે જે બીજા કોઈમાં નથી. કોઈ નિશ્ચય કર્યો, કોઈ સિદ્ધાંત ગ્રહણ કર્યો તો તે જ ક્ષણથી તેનો અમલ કરવો એ એમનો પ્રથમ પંક્તિનો ગુણ છે. એમનો બીજો ગુણ નિરંતર વિકાસશીલતા છે. આપણામાં ભાગ્યે જ કોઈ એવો હશે કે જે કહી શકે કે હું પ્રતિક્ષણ વિકાસ કરી રહ્યો છું. ગાંધીજી સિવાય બીજા કોઈમાં મેં એ ગુણ જોયો હોય તો તે વિનોબામાં જોયો છે. આ ગુણને લીધે ૪૬ વરસની ઉંમરે તેમણે અરબી જેવી અઘરી ભાષાનો અભ્યાસ કર્યો, કુરાને-શરીફ પઢવા માંડ્યું અને તેના લગભગ હાફેજ થઈ ગયા. 'योगः कर्मसु कौशलम्' એ અર્થમાં વિનોબા સાચા યોગી છે. એમનાં વિચાર, વાણી અને આચારમાં જેવો એકરાગ છે, એવો એકરાગ બહુ થોડા કાર્યકર્તાઓમાં હશે. 'संचार करो सकल कर्मे शान्त तोमार छंद' કવિવર ટાગોરની આ પ્રાર્થના વિનોબા કદાચ પૂર્વજન્મે કરીને આવ્યા હશે, તેથી એમનું જીવન એક મધુર સંગીતમય છે. આવા અનુયાયીથી ગાંધીજી અને એમના સત્યાગ્રહની શોભા છે.''

અને આ વ્યક્તિગત સત્યાગ્રહમાં ૨૯મી ઑક્ટોબરે વિનોબા પકડાયા, ત્રણ માસની સજા થઈ. અને પછી તો સત્યાગ્રહની સાંકળ ચાલી. વિનોબાને અનુસર્યા જવાહરલાલ. જેલમાંથી છૂટીને ફરી સત્યાગ્રહ કર્યો તો ફરી છ મહિનાની સજા. એય સજા પૂરી કરી ફરી પાછો સત્યાગ્રહ, તો છેવટે એક વર્ષની લાંબી સજા ફટકારાઈ.

વાયકમ સત્યાગ્રહ વખતે વિનોબાની એક આંતરિક કસોટી થઈ. વાયકમ એટલે દક્ષિણના કેરળનો એક પ્રદેશ. ત્યાંથી થોડે જ દૂર શંકરાચાર્યનું જન્મસ્થાન કાલડી હતું. દસ-બાર માઈલ

દૂર હશે. પરંતુ જે કામ લઈને ત્યાં ગયા હતા, તેમાં કાલડી જવાનું બંધબેસતું આવતું નહોતું, તો જવાય કેવી રીતે? ન જવાનો નિર્ણય તો કર્યો, પરંતુ રાત્રે ઊંઘ જ ન આવે. આખી રાત નજર સામે કાલડી ગામ અને શંકરાચાર્યની મૂર્તિ તરવરતી રહી. શંકરાચાર્યની અદ્વૈત-નિષ્ઠા, સામે ફેલાયેલી દુનિયાને વ્યર્થ સિદ્ધ કરી નાખનારો એમનો અલૌકિક, પ્રખર વૈરાગ્ય, અને વિનોબા ઉપર થયેલા એમના અનંત ઉપકાર!...આ બધું નજર સમક્ષ આવતું ગયું અને એક ક્ષણ માટે પણ તે સૂઈ ન શક્યા. નિર્ગુણ-નિરાકાર ઈશ્વરી તત્ત્વનો પરિચય કરાવનાર વિનોબાની સગુણતાને હંફાવવા જ જાણે સામે હાજર થઈ ગયો! આવી 'દ્વિધા' વિનોબાના જીવનમાં ગણીગાંઠી પળોમાં જ આવી છે. પણ છેવટે જય થાય છે શંકરાચાર્યના 'તત્ત્વ'નો. શંકરાચાર્યના પોતાના પર પડેલા પ્રભાવ અંગે વિનોબા કહે જ છે કે શંકરાચાર્યે આ પથ્થરને વધુ મજબૂત બનાવ્યો, ગાંધીજીએ આ પથ્થર પર કોતરણી કરી, અને આ પથ્થરમાંથી પાણી વહેવડાવવાનું કામ કર્યું જ્ઞાનદેવે. જ્ઞાનેશ્વરે મારા પાષાણહૃદયને પીગળાવી દીધું. આમ બાહ્ય દૃષ્ટિએ કર્મોના પ્રચંડ ઝંઝાવાત વચ્ચે પણ એમનું આંતરઘડતર ચાલુ જ હતું.

જેલમાંથી છૂટ્યા, પણ પરંધામ આશ્રમ હજી જપ્તીમાંથી મુક્ત નહોતો થયો એટલે થોડો વખત ગોપુરી રહી ફરી આશ્રમના દરવાજા ખૂલ્યા એટલે પવનાર પાછા ફર્યા અને ફરી પાછી પવનારી સાધના શરૂ થઈ.

૧૯૪૬નું વર્ષ હતું. ફરી પાછું રચનાત્મક કામમાં ડૂબી જવાનું હતું. વિનોબાએ પોતાને માટે ભંગીકામ પસંદ કરી લીધું હતું.

પડખે જ સૂરગાંવ હતું. રોજ સવારે સાત વાગ્યે હાથમાં ઝાડુ અને પાવડો લઈને આ બ્રાહ્મણ ભંગી નીકળી પડતો. ગામની ગલીઓ વાળીઝૂડીને સાફ કરવી, મેલું ઉપાડીને ખેતરમાં દાટી આવવું, આ એમનો નિત્યક્રમ. સૂરજ ઊગવાનું ચૂકે તો વિનોબા સૂરગાંવ જવાનું ચૂકે.

પણ તે દિવસે ધર્મસંકટ આવી પડ્યું. વરસાદના દિવસો. વચ્ચેની નદી પાર ન કરાય તેવી રીતે છલકાઈ ઊઠી. નદીકાંઠે જઈને તો ઊભા રહ્યા, પણ હવે શું કરવું? વિચારમાં હતા, ત્યાં સામે કાંઠે કોઈ માણસ દેખાયો. બૂમ પાડીને કહ્યું, ''ભાઈ, મારું એક કામ કરીશ?''

''શું કામ છે, કહો!''

''તારા ગામના વિઠોબાના મંદિરમાં જઈને કહેજે કે તમારો ભંગી રોજની જેમ આજેય આવ્યો તો હતો જ. પણ નદીમાં પૂર છે, એટલે એને પાછા જવું પડ્યું છે. કાલે એ પાછો આવશે ત્યારે બે દિવસનું ચડી ગયેલું કામ પતાવી લેશે.''

પેલો માણસ તો બિચારો બાઘો થઈ બાબા સામું જોતો જ રહ્યો, ''કેમ, મારો સંદેશો બરાબર સમજાયો ને? બોલો જોઉં, શું કહેશો?''

''હા...હા. એ જ કે, વિનોબા આજે આવ્યા હતા. પણ પૂર આવવાથી પાછા ગયા છે.''

''ના, ભાઈલા, ના, એમ નહીં, એમ કહેવાનું કે તમારો ભંગી આવ્યો હતો.''

વરસાદના દિવસોમાં પણ વિનોબા સૂરગાંવ પહોંચી જતા. એ કહેતા જ કે, ''મારો આદર્શ તો સૂર્યનારાયણ છે. સૂર્યનારાયણ

સૌથી મોટો ભંગી છે. આપણે એટલી બધી ગંદકી કરીએ છીએ કે હિંદુસ્તાનને પૂરતો સૂર્યપ્રકાશ ના મળતો હોત તો આપણે બધા ક્યારનાય મરી પરવાર્યા હોત!''

પણ એટલામાં તબિયત બગડી. નવ દિવસ સૂરગાંવ જવાનું અશક્ય થઈ પડ્યું. નવ દિવસ પછી સૂરગાંવ પહોંચ્યા સવારે સાત વાગ્યે, તો ગામ આખું ચોખ્ખુંચટ! પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે, ''ગણપતિ ઉત્સવના દિવસો હતા. અમારે કોઈ પવિત્ર કાર્ય કરવું હતું એટલે ગામના જુવાનિયાઓએ આ બીડું ઝડપી લીધું.''

ભંગીકામ ઘણા સેવકોએ કર્યું છે. પણ અનુભવ શું કહે છે? સફાઈકામ થતું હોય અને કોઈક મા પોતાના બાળકને જાજરૂ જવા બેસાડે અને પછી પેલા સેવકને ઉપાડવા ચીંધે તેવોય અનુભવ છે. પણ અહીંના બ્રાહ્મણ શ્રેષ્ઠ ભંગીના સાતત્યપૂર્વક સફાઈકામની અસર ઠેઠ ચિત્ત સુધી પહોંચી ગઈ હતી. વિનોબાએ કહ્યું, ''આને હું ક્રાન્તિ કહું છું. આવી ક્રાન્તિ કરવાનું કોઈ રાજસત્તાનું ગજું નથી. માટે 'સત્તા વિના સમાજમાં ક્રાન્તિ ન થાય' એનાથી હું સાવ ઊલટું માનું છું. કોઈ પણ સરકાર ક્રાન્તિ નથી કરી શકતી. ક્રાન્તિ કરવાનું કામ સરકાર કે સંસ્થાનું નહીં, પણ વ્યક્તિનું છે.'' આમ વિનોબા આચાર્ય, સંત તો હતા જ, પણ ક્રાન્તિ-તત્ત્વ પણ એમનામાં એટલું જ પ્રબળ હતું. એમને કદીય ઉપર ઉપરની રોજેરોજ રંગ બદલતી રહે તેવી ક્રાન્તિ ખપતી નહોતી. મૂલ્યપરિવર્તનને જ તેઓ ક્રાન્તિ કહેતા. ઉપર ઉપરનાં ડાળખાંપાંદડાં તોડવામાં તેમને રસ નહોતો. મૂળમાંથી જ પરિવર્તન કરીને સમૂળી ક્રાન્તિ સ્થાપવાનું તેમને અભીષ્ટ હતું.

જ્યાં સુધી બાપુ હતા, ત્યાં સુધી રાષ્ટ્રીય ફલક પર વિનોબા બહાર ન આવ્યા અને એકાગ્રપણે સ્વરાજ્યના પાયારૂપ રચનાત્મક કાર્યોનો મોરચો સંભાળતા રહ્યા. દેશની બદલાતી જતી પરિસ્થિતિમાં બાપુ અને તેમના નિકટના સાથીઓ વચ્ચે પણ ઝીણી તિરાડ પડી રહી છે, તેનો તેમને અંદાજ ન આવ્યો અને છેવટે ભારતના ભાગલા થયા. વિનોબાને આનું ખૂબ જ દુઃખ થયું. કાર્યકરોની એક સભામાં એમણે કહ્યું પણ ખરું કે આ એક હિમાલય જેવડી ભૂલ છે! બાપુને જ્યારે વિનોબાના આવા અભિપ્રાયની ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે, ''વિનોબા દિલ્હી આવી જાત અને મારી સાથે રૂબરૂ વાત કરી લેત તો સારું થાત. હવે સંમેલનમાં આગળના કામની રૂપરેખા બનાવીશું.'' પરંતુ બાપુ સેવાગ્રામ આવે તે પહેલાં જ ૩૦મી જાન્યુઆરીનો પૂર્ણાહુતિ પ્રસંગ પ્રગટ થઈ ગયો. પાકિસ્તાન-નિર્માણ અને બાપુનું ખૂન - આ બંને વસ્તુએ એમના હૃદયમાં તીવ્ર મનોમંથન ચલાવ્યું. મૃત્યુથી તો તેઓ હારે તેવા નહોતા, પણ બાપુને જે રીતે મરવું પડ્યું તે ભારતવાસીઓ માટે અસહ્ય હતું. પહેલા ત્રણ દિવસ તો ગુણસ્મરણમાં ગયા, પણ પછી આંખોમાંથી ગંગા-જમુના વહ્યાં. કોઈ બોલી ઊઠ્યું, ''શું વિનોબા પણ રોયા?'' ત્યારે કહે, ''હા, ભાઈ, મને પણ ભગવાને હૃદય દીધું છે અને તે માટે હું ભગવાનનો પાડ માનું છું.''... આંસુની આ સરવાણીએ ગાંધી-વિનોબા વચ્ચે રહેલું નામનું અંતર પણ જાણે ખતમ કરી નાખ્યું.

# ૫. ભૂદાનનો પ્રજાસૂય યજ્ઞ

ભારતવ્યાપી રાષ્ટ્રીય તખ્તા પરથી રાષ્ટ્રપિતા અદૃશ્ય થયા પછી રાષ્ટ્રવ્યાપી ગાંધી-પરિવારની સહજ નજર વિનોબા તરફ વળી. આમ તો બાપુ હતા ત્યારે જ તેમના સાંનિધ્યમાં દેશભરના રચનાત્મક કાર્યકરો સેવાગ્રામમાં ભેળા થાય તેવું વિચારવામાં આવેલું. એ જ સંમેલન ૧૩થી ૧૫ માર્ચ ૧૯૪૮ના દિવસોમાં સેવાગ્રામમાં યોજાયું. રાષ્ટ્રીય એકતા, સાધનશુદ્ધિ વગેરે ગાંધીજીની વાતો વિનોબાએ ખૂબ સુંદર રીતે રજૂ કરી. જવાહરલાલ, રાજેન્દ્રબાબુ વગેરે નેતા પણ તેમાં હાજર હતા. સૌને વિનોબાના અગાધ ઊંડાણની કાંઈક ઝાંખી થઈ. બાપુને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ એ સૂત્રાંજલિ છે એટલે દર બારમી ફેબ્રુઆરીએ દેશભરમાં ઠેર ઠેર સૂત્રકૂટો રચી બાપુને સૂત્રાંજલિ અર્પવાનો તથા 'સર્વોદય મેળો' યોજવાનો નિર્ણય પણ વિનોબાની પ્રેરણાથી આ સંમેલનમાં થયો. 'સર્વોદય સમાજ'ની સ્થાપના પણ એમની પ્રેરણાથી થઈ.

આ સંમેલનમાં જવાહરલાલ સાથે નજીક આવવાનું થયું. પ્રેમ અને મૈત્રીના સંબંધનાં બીજ વવાયાં. જવાહરલાલની માગણીથી દિલ્હીમાં નિરાશ્રિતોના પુનર્વસવાટના કામમાં છ મહિના આપવાનું સ્વીકાર્યું. વિનોબા દિલ્હી તો ગયા જ, એમના સ્વભાવ મુજબ હાથમાં લીધેલા કામને પૂરો ન્યાય મળે તે માટે તેઓ રાતદિવસ મથ્યા. પણ અનુભવે એમને સમજાયું કે સત્તા પર બેઠેલ વ્યક્તિની મંશા એક બાબત છે અને એને અમલમાં મૂકનારા અધિકારી અમલદારોની દાનત તે બીજી બાબત છે.

વહીવટના તથા સત્તાકીય વ્યવસ્થાના અંધાધૂંધ કારભારનો પ્રત્યક્ષ અનુભવ થયો અને વિનોબાને ખાતરી થઈ કે 'સર્વોદય' લાવવો હશે તો આવા નારદમુનિ બનીને લાવી શકાશે નહીં, એટલે છ મહિના પૂરા થતાં જ એ ત્યાંથી પાછા નીકળી આવ્યા.

બાપુ તો ચાલ્યા ગયા. કામ તો અધૂરાં જ પડ્યાં હતાં. હજુય દેશમાં કોમી તંગદિલી તો હતી જ. ગાંધીજીએ અજમેરના મુસલમાનો પાસે જવાનું વચન આપેલું, તે નિભાવવા વિનોબા અજમેર પહોંચ્યા. અઠવાડિયા સુધી લગાતાર સભાઓ યોજાઈ. વિનોબાના હૃદયની બિનસાંપ્રદાયિક ધર્મપરાયણતા અને ઇન્સાનિયતભરી બિરાદરીની સચ્ચાઈ સૌ મુસલમાનોને સ્પર્શી ગઈ અને એ મહોબતના પ્રેરાયા ખુદાના આ બંદાને અજમેરની દરગાહમાં બંદગી કરવા નિમંત્રણ મળ્યું. સાથેની એમની સેવિકા તથા અનુયાયી બહેનોને પણ લાવવા આગ્રહ થયો. મુસ્લિમ જગત માટે આ અભૂતપૂર્વ ઘટના હતી. દરગાહ શરીફમાં રામધૂન લેવાય અને તે પણ સ્ત્રીઓ દ્વારા! ચારે બાજુ કોમી એખલાસ તથા સર્વધર્મસમભાવનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન થયો.

કોમી એકતા તથા અખંડ ભારત વિશેના બાપુના વિચારો સાથે કોઈનો પૂરેપૂરો તાલમેળ બેસતો હોય તો તે વિનોબાજીનો હતો. હિંદુ-મુસ્લિમે પરસ્પર સમરસ થવું જ જોઈએ. એમના પોતાના માટે તો કોઈ પ્રશ્ન જ નહોતો. એ તો વિશ્વમાનુષ હતા, છતાંય પ્રેમને ખાતર અરબી ભાષા શીખી કુરાનની આયતો પણ એ એવી સુંદર પઢતા કે મૌલાના આઝાદે તો એમને 'મોલવી વિનોબા'નું બિરુદ પણ આપી દીધું હતું. પ્રાણીમાત્ર જ નહીં, સચરાચર સકળ સૃષ્ટિમાં વહેતો એક જ બ્રહ્મરસ જેને પરખાઈ

ગયો, તેને હિન્દુ શું કે મુસલમાન શું?

ગાંધીજીના ગયા પછી હવે મારી શી ભૂમિકા? એ અંગે ચિંતન ચાલતું જ હતું. દેશમાં ચારે તરફ ઘોર નિરાશા છવાયેલી હતી. લોકોનાં હૃદય ઘવાયેલાં હતાં, હજી કોમી રમખાણોના જખમ રુઝાયા નહોતા. રાજકારણમાં પડેલા નેતાઓ દેશની અરાજકતાને જેમતેમ સમેટી રહ્યા હતા, લોકસેવકો તો બાપુ ગયા પછી જાણે રાતનો અંચળો ઓઢી અંધકારના દરિયામાં ડચકાં ખાઈ રહ્યા હતા. લોકદેવતાની ઉપાસના છોડી રાષ્ટ્રીય સરકાર પાસે ઝોળી ફેલાવવાની મનોવૃત્તિ પાંગરી રહી હતી. સત્તાધીશોની ભાષા પણ જાણે હવે બદલાઈ ગઈ હતી. સરદાર પટેલે એક જાહેર વ્યાખ્યાનમાં કહ્યું, ''ગાંધીજીની વાત લોકોએ ન માની, તો આપણી તો કોણ માનવાનું? હવે દેશ આઝાદ થયો છે, તો એવા ઉદ્યોગો વિકસાવવા જોઈએ કે જેમાં war-potentiality, યુદ્ધગુંજાશ, હોય.'' જવાહરલાલ નેહરુ પણ પાશ્ચાત્ય ઔદ્યોગિક ક્રાન્તિથી સારી પેઠે અંજાયેલા હતા. બાપુ સાથેના આ બાબતના તેમના મતભેદો જાણીતા છે.

વિનોબાની ઝીણી નજરમાં આ સઘળી પરિસ્થિતિ આવી ગઈ હતી અને એમના મનમાં તુમુલ ચિંતન ચાલી રહ્યું હતું. ગાંધીજીએ પ્રબોધેલો ગ્રામસ્વરાજ્યનો મંત્ર ચિદાકાશમાં ગુંજતો હતો. અહિંસાની શક્તિને સર્વોપરી શક્તિ સિદ્ધ કરવાનો પુરુષાર્થ તેમને પુકારતો હતો... બાપુએ ચીંધેલા એકાદશ વ્રતને સામાજિક સ્વરૂપ આપી સમગ્ર સમાજને શુભ તરફ વાળી આ આમૂલ ક્રાન્તિનાં બી નાખવાનાં હતાં. ગાંધીજીએ શરૂ કરેલી પૂણીને આગળ કાંતવાની હતી.

આખા દેશમાં એ ઘૂમી વળ્યા હતા. લોકો વચ્ચે પણ ગયા, રચનાત્મક સંસ્થાઓના અંતરંગ પણ પિછાણ્યા અને લગભગ પોણા બે વરસ પછી પાછા પવનાર પહોંચ્યા. રાષ્ટ્રને રાજનૈતિક ગુલામીમાંથી મુક્ત કર્યા પછી આર્થિક સ્વાતંત્ર્ય મેળવવું તે મહત્ત્વનું પગથિયું હતું. ભારતની વિશાળ જનસંખ્યાને આર્થિક સ્વાતંત્ર્ય મળે તે માટે દરેકને ભાગે આવતી ટચૂકડી પોણા એકર જમીનમાં ખેતીનો સઘન પ્રયોગ કરી દેખાડાય તે જરૂરી હતું. કોઈ પણ ચીજ જાતે અજમાવ્યા વગર, અમલમાં મૂક્યા સિવાય બીજાને કહેનારો આ આચાર્ય તો હતો નહીં. એટલે આર્થિક ક્ષેત્રના શોષણમુક્તિ તેમ જ સ્વાતંત્ર્ય-પ્રાપ્તિના પ્રયોગરૂપે ૧૯૫૦માં એમણે એક નવો પ્રયોગ શરૂ કર્યો અને એને નામ આપ્યું- કાંચનમુક્તિનો પ્રયોગ. પૈસા અને બજારથી મુક્ત થઈ યથાશક્ય શ્રમાધારિત સ્વાવલંબી જીવન જીવવાનો આ પ્રયોગ હતો. કેવળ કોદાળી-પાવડાથી આ ઋષિખેતી શરૂ થઈ. આશ્રમની જમીન કાંકરા-પથ્થરવાળી, એટલે ૩ ફૂટ જેટલું ઊંડું ખોદીને ઈંટ-પથ્થર વગેરે કાઢવાનું શરૂ થયું. આ ખોદકામ દરમ્યાન આશ્રમભૂમિમાંથી અનેક પ્રાચીન મૂર્તિઓ હાથ આવી. સોનખાતર નાખી, જમીનને ફળદ્રુપ કરી, વળી કૂવો પણ ખોદ્યો. આ જ કૂવો ખોદતી વખતે 'ગીતા પ્રવચનો'વાળી સુવિખ્યાત, ભરત-રામ-મિલનની સુંદર શિલ્પ કલાકૃતિ મળી, જે મૂર્તિને પ્રભુપ્રસાદી સમજી વિનોબાએ મંદિરમાં સ્થાપી. કૂવા ઉપર રેંટ ગોઠવ્યો, જે બળદો દ્વારા નહીં આશ્રમવાસીઓ દ્વારા ચાલતો. સવાર-સાંજની પ્રાર્થનાભૂમિ હતી આ રેંટ! ઈશાવાસ્યના મંત્રો બોલાતા જાય અને પાણીયે નીકળતું જાય.

ભોજન પણ હાથમાં જ લેવાતું, પળેપળનો હિસાબ! વસ્ત્રસ્વાવલંબન માટે સામૂહિક કાંતણ ચાલતું. સાથોસાથ વિચાર-વલોણું પણ ચાલતું. પંચાવન વર્ષના એક દૂબળા-પાતળા-નબળા દેહધારી વ્યક્તિનો આ પ્રયોગ હતો!

અને એટલામાં ૧૯૫૧નું સર્વોદય સંમેલન શિવરામપલ્લી-આંધ્રમાં ભરાવાનું હતું, તેમાં મિત્રોના સત્યાગ્રહથી ૭મી માર્ચે ૩૦૦ માઈલ પગપાળા ચાલીને ત્રીસ દિવસે સંમેલનમાં પહોંચ્યા. આ સંમેલનમાં દેશભરના એકત્રિત થયેલા મિત્રોને વિનોબાએ કહ્યું, ''સ્વરાજ્ય પછી જે કામ કરવાનું છે, તે ખૂબ ઊંડું છે, વળી કઠણ પણ છે. સમાજના પાયામાં પુરાવાનું તે કામ છે. સામાજિક, આર્થિક ક્રાન્તિનું કામ આપણે હવે હાથમાં લેવાનું છે અને એ માટેનો પંચવિધ કાર્યક્રમ આ મુજબ છે: અંત:શુદ્ધિ બહિર્શુદ્ધિ: શ્રમ: શાંતિ: સમર્પણમ્... 'આંતરિક શુદ્ધિ, બાહ્ય શુદ્ધિ, શ્રમ, શાંતિ અને સમર્પણ.' સ્વરાજ્ય પછી 'હાશ'કારો કેવો! કમરને વધુ કસવાની વાત!

પાછા પણ પગપાળા જ વળવાનું નક્કી કરેલું. સાથોસાથ તે વખતની તૈલંગણની તંગ પરિસ્થિતિનો પણ અભ્યાસ કરવાનો હતો. દેશ કોમી તંગદિલીની નાગચૂડમાંથી તો કાંઈક હળવાશ અનુભવી રહ્યો હતો, ત્યાં દેશના આ વિભાગમાં વળી એક નવો જ ઉપદ્રવ શરૂ થયો. દેશનું લોહી બગડ્યું હતું અને એ વિકાસ ગૂમડારૂપે તૈલંગણમાં ફૂટી નીકળ્યો હતો. સામ્યવાદીઓએ ભારે ત્રાસ ફેલાવી જમીનદારો પાસેથી જમીન ઝૂંટવી, ખૂનામરકી કરી ગરીબ ખેતમજૂરોને બહેકાવ્યા હતા. તૈલંગણનો નાનકડો હિંસક પ્રયોગ સિદ્ધ કરી આખા ભારતદેશમાં ચીની ક્રાન્તિનું પ્રતિબિંબ

ઝીલવા તેઓ ઉત્સુક અને કટિબંદ્ધ હતા. મધરાતે ધાડો પાડવી, જાસાચિઠ્ઠીઓ નાખવી, જમીનદારોનાં માથાં કાપવાં અને દિવસે પહાડોમાં સંતાઈ જવું... આ બધી હતી સામ્યવાદીઓની તોડફોડની હિંસક રીતિનીતિ અને બીજી બાજુ સરકારે પણ હિંસાનો જવાબ હિંસાથી વાળવા કમર કસી હતી. પરિણામે તેલંગણ આખું રોમેરોમ સળગી ઊઠ્યું હતું અને લોકો ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યા હતા. ત્રણસો જમીનદારોનાં માથાં વઢાઈ ચૂક્યાં હતાં.

આવી પરિસ્થિતિમાં અને આવા વિસ્તારમાં પ્રમાણમાં ઓછો જાણીતો એવો ભારતમાતાનો એક પનોતો પુત્ર શાંતિસૈનિક બનીને પોતાનું માથું હાથમાં લઈ લોકો વચ્ચે ફરવાનું શરૂ કરે છે. ૧૫મી એપ્રિલ, રામનવમીના પવિત્ર દિવસે આ શાંતિયાત્રા આરંભાય છે, ગામેગામ પગપાળા જાય છે, ઝૂંપડે ઝૂંપડે ફરે છે, લોકોની વીતકો સાંભળે છે, હૈયાવરાળ ઠલવાય છે, પ્રેમની, શાંતિની, ભાઈચારાની, દિલ સાથે દિલ જોડવાની વાતો કરી પદયાત્રિક આગળ વધે છે. હૈદ્રાબાદમાં તો જેલમાં સામ્યવાદીઓને પણ મળવા જાય છે અને કહે છે કે ગરીબી-અમીરી તો મારે પણ મિટાવવી છે, પણ મારે ગરીબોને અને અમીરોને બચાવી લઈ આ દારિદ્ર્યનો રાક્ષસ હણવો છે અને એમાં હું તમારો સાથ ઇચ્છું છું. આવો, આપણે સાથે મળીને શાંતિ અને પ્રેમના રસ્તે આ કાર્ય પાર પાડીએ.

અને ઊગે છે ૧૮મી એપ્રિલનો સૂરજ. પોચમપલ્લી નામના એક નાનકડા ત્રણેક હજારની વસ્તીવાળા ગામમાં આજે મુકામ હતો. સામ્યવાદીઓનું તો આ થાણું ગણાતું. ચારેક ખૂનો પણ

થઈ ગયેલાં. આસપાસનાં ગામોમાં મળીને તો બે વર્ષમાં ૨૦-૨૨ ખૂનો થઈ ચૂકેલાં.

રોજના ક્રમ મુજબ ઘેર ઘેર ફરવાનું શરૂ થયું. શરૂઆત કરી હરિજનવાસથી. લોકો ભેળા થઈ ગયા. હાથ જોડીને દુઃખ ફેડવાની આજીજી કરતાં હરિજનોએ કહ્યું, ''અમે બહુ ગરીબ છીએ, બેકાર પણ છીએ. થોડી જમીન અપાવો તો પેટગુજારો કરીએ.''

''કેટલી જમીન જોઈએ?''

''અમારાં ૪૦ કુટુંબ છે, ૮૦ એકર મળે તો ચાલી રહે.''

''સરકાર સાથે વાત કરીને તમને જમીન અપાવવાનો પ્રયત્ન કરીશ''... વિનોબાનું સહજ આશ્વાસન!

એ જ ગામમાં પ્રાર્થનાસભા થઈ. ગામલોક આખું ભેળું થયેલું. વાતવાતમાં વિનોબાને પૂછવાની સહજ પ્રેરણા થઈ. ''તમારા જ ગામના હરિજન ભાઈઓને પેટિયું રળવા જમીન જોઈએ છે. તમારામાંથી કોઈ એમને મદદ કરી શકે?''

વાહ રે બ્રાહ્મણ મહારાજ! તું કાંઈ દાનમાં કપડાં-લત્તાં, અનાજ-પાણી કે રોકડનાણું, દરદાગીનો માંગી નહોતો રહ્યો, તું તો જિગરના ટુકડા જેવી જમીન માગી બેઠો, જેને માટે તો આખા પ્રદેશમાં લોહીની નદીઓ વહેતી થઈ ગયેલી. શું નીકળી ગયું આ તારા મોંમાંથી?

પણ જેટલી સહજ રીતે પુછાયું, તેટલી જ સહજતાથી સભામાંથી એક માણસ ઊભો થઈ બોલી ઊઠ્યો, ''મારા બાપુની ઇચ્છા હતી કે અમારી ૨૦૦ એકર જમીનમાંથી અડધી જમીન સુપાત્રને વહેંચવી. મારે માટે તો આજે આ મંગળ પ્રસંગ

છે. કૃપા કરીને મારી ૧૦૦ એકર જમીનનું દાન સ્વીકારો.''

વાતાવરણમાં જાણે દિવ્યતાનો સંચાર થયો. વિનોબા પોતે સાંગોપાંગ હાલી ઊઠ્યા. સભા આખી પોતાના કાન પરનો વિશ્વાસ ભૂલી બેઠી અને જોતજોતામાં તો પેલા રામચંદ્રભાઈ રેડ્ડીએ પણ લખી આપ્યું કે ફલાણા ગામની મારી સો એકર જમીન હું આ હરિજનભાઈઓને દાનમાં આપું છું.

અને ઘડિયાળના ટકોરે સૂઈ જનારો વિનોબા તે રાત્રે કેમે કર્યો સૂઈ ના શક્યો. ''આ શું થયું?'' ઘટનાએ જાણે કાળપ્રવાહને થંભાવી દીધો હતો. ''મેં કેવળ પ્રેમપૂર્વક માગ્યું અને આપનારે શ્રદ્ધાપૂર્વક આપ્યું. માગી ૮૦ એકર જમીન, મળી ૧૦૦ એકર!''

''પણ આમ માગવાથી જમીન મળે?'' અંદરનો જ એક અવાજ. ''મળી ને! તેં જોયું નહીં!'' વધુ અંદરથી કોઈક બોલ્યું.

''પણ ભારતમાં તો છ કરોડ ભૂમિહીન; એક કરોડ પાકિસ્તાનમાં ગયા, બાકીના પાંચ કરોડ માટે ઓછામાં ઓછી પાંચ કરોડ એકર જમીન જોઈએ. આટલી બધી જમીન માગી મળે?'' બુદ્ધિએ દલીલ કરી.

''તને અહિંસા પર વિશ્વાસ હોય તો શ્રદ્ધા રાખ. જેણે બાળકના પેટમાં ભૂખ રાખી, એણે જ માની છાતીમાં પહેલેથી દૂધ ભરી રાખ્યું છે! ઈશ્વરની યોજના અધૂરી યોજના હોતી નથી. તારી અહિંસા પરની શ્રદ્ધા સામે આ પડકાર છે. ઝીલી લે! ઝીલી લે!''... અવાજ પડઘાતો ગયો અને બીજા દિવસનો સૂરજ પોતાની સાથે ભૂદાન ગંગોત્રીના શીતળ-પવિત્ર પ્રેમવારિનો

અમૃતકુંભ સાથે લઈને ઊગ્યો. અને ધીરે ધીરે એ અમૃતકુંભમાંથી ભૂદાનગંગા ભારતભરમાં રેલાઈ ગઈ, જેને પરિણામે ૫૦ લાખ એકર મળેલા ભૂમિદાનમાંથી ૩૨ લાખ એકર જમીનનું ગરીબોમાં વિતરણ થયું.

આ તો ભૂદાન-આંદોલનની એકદમ નરી આંખે દેખાય તેવી, ભારતમાતાની મુઠી ભરી દે તેવી સ્થૂળ ફલશ્રુતિ! માટીના જેવી જ નક્કર, ટકોરાબંધ! તે વખતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ કહેલું કે મારા કાર્યકાળ દરમ્યાન જમીન અંગેના કાયદાની ૭૦૦ કલમ પર હું સહી કરી ચૂકેલો અને એના પરિણામે ભારતમાં જેટલી જમીન ગરીબોમાં વહેંચાઈ, તેનાથી અનેક ગણી વધારે જમીન આ સંતપુરુષના કહેણ પર લોકોએ આપી. સામ્યવાદીઓએ હિંસાની હોળી પ્રગટાવી, લોહીની ધારા વહેવડાવી જેટલી જમીન ગરીબોમાં વહેંચી તે તો સાવ નગણ્ય. આમ ભૂદાનયાત્રાનાં ચૌદ વર્ષનું બીજું કશું જ જમાપાસું જોવા ના બેસીએ અને કેવળ ૩૨ લાખ એકર જમીનનું ભૂમિહીનોમાં હસ્તાંતરણ મૂલવીએ તોપણ માનવીય ઈતિહાસનું તે એક અદ્‌ભુત, અભૂતપૂર્વ અને ઉજ્જવળ પ્રકરણ સિદ્ધ થઈ શકે.

પરંતુ આ ઉપરાંત પણ આ ભૂદાનયાત્રાએ ઘણું ઘણું સાધ્યું. અહીં તો જે કાંઈ થયું તેનું વિહંગાવલોકન જ શક્ય છે. સ્વરાજ્યપ્રાપ્તિ પછી દેશમાં ફેલાઈ ગયેલા અરાજકતા, અવિશ્વાસ અને સ્વાર્થભર્યા વાતાવરણને બદલવામાં આ આંદોલને મહત્ત્વનો ફાળો આપ્યો. સ્વરાજ્ય પછી યુવાનોની જે નવી પેઢી તખ્તા પર આવી રહી હતી, તેની સામે વિનોબાએ યુગ-પડકાર રજૂ કર્યો અને એમની શક્તિને એક સાચી દિશા

આપી. સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે ગાંધીજીના પ્રયત્નો દ્વારા સ્વરાજ્યપ્રાપ્તિના સાધનરૂપે જેમ અહિંસાની શક્તિ પ્રગટી હતી, તેમ આર્થિક સ્વરાજ્યની સ્થાપના માટે પણ, દેશની વિષમતા હટાવવા માટે પણ કતલ નહીં, કાનૂન નહીં, પણ કરુણાનો રાજમાર્ગ જગત સમક્ષ રજૂ થયો. જેની પાસે ન કોઈ સત્તા છે, ન શક્તિ છે, ન કોઈ પદ છે, ન કોઈ પ્રતિષ્ઠા છે, છે તો કેવળ તપસ્યા અને સચ્ચાઈ, એવો માણસ પ્રેમપૂર્વક છઠ્ઠો ભાઈ થઈને લોકો પાસે જમીન માગે છે અને લોકો પ્રેમપૂર્વક તેની ઝોળી ભરી દે છે. સામાજિક પરિવર્તનની આવી એક માંગલ્યભરી, લાલિત્યમયી સુંદર પ્રક્રિયા કાર્યાન્વિત થઈને પ્રગટ થઈ. તદુપરાંત, સમગ્ર ગાંધીવિચારને, કહો કે સર્વોદયવિચારને એક શાસ્ત્રબદ્ધ, સુગઠિત સ્વરૂપ સાંપડ્યું. અત્યાર સુધી સર્વોદય વિચાર પાણી પરની રેખા જેવો અલપઝલપ સ્વરૂપનો હતો. હવે એને સ્પષ્ટ રેખાઓ સાંપડી. તે એક સુવ્યવસ્થિત શાસ્ત્ર બન્યો. આગળ જતાં ભૂદાનમાંથી ગ્રામદાનનો વિચાર પ્રસ્ફુટ થયો, જેને માટે લૂઈ ફિશરે કહ્યું કે, ''આ વિચાર પૂર્વમાંથી આવતો એક અત્યંત મહત્ત્વનો મહાન વિચાર છે.'' એક બાજુ ગ્રામસ્વરાજ અને બીજી બાજુ જયજગત્ - આમ વિરાટ-વ્યાપક વિશ્વને પામવા ઊભા રહેવા માટેનાં બે ચિંતનબિંદુ વિનોબાજીએ નક્કી કરી આપ્યાં. આ ઉપરાંત, શાંતિસેના, સર્વોદય-પાત્ર, આચાર્યકુળ, સ્ત્રી-શક્તિ-જાગૃતિ, સર્વ-ધર્મ-સાર. આવી તો અનેક શાખા-પ્રશાખા આ વિરાટ વૃક્ષને ફૂટી, જે સ્વયં વિશાળ વટવૃક્ષ બની જઈ શકે.

આ બધાનો ઉલ્લેખ થાય અને ચંબલના ડાકુઓના

હૃદયપરિવર્તનનો અને શસ્ત્ર-સમર્પણનો ઈશારોય ના થાય તો વાત અધૂરી જ રહે. બુદ્ધ ભગવાને એક અંગુલિમાલનું હૃદયપરિવર્તન કર્યું, વિનોબાના પ્રેમ-સંદેશે ચંબલ ઘાટીના અનેક ડાકુઓનાં હૃદય હલાવી નાખ્યાં. એ પણ માનવ-ઈતિહાસનું એક અદ્ભુત - અનોખું ઉજ્જ્વળ પ્રકરણ; એ ડાકુઓનું તો જે થયું તે થયું, પણ શસ્ત્ર-સમર્પણની એ ઘટનાની અસર વિનોબા પર અજબ પડી. કહે છે, ''ખબર નથી કે એ ડાકુઓ બદલાયા કે નહીં, પણ હું તો આખો બદલાઈ જ ગયો! આ ઘટનાએ મારી ભીતરના પાષાણને તોડી અંદરથી પ્રેમનું ઝરણું વહાવ્યું. આ ઘટનાએ મને એકદમ મૃદુ બનાવી દીધો! મારા માટે તો એ ચમત્કાર જ હતો!''

યાદ આવે છે વિનોબાની પાકિસ્તાન-યાત્રા, વળી પીરપંજાબની અતિદુર્ગમ પહાડ-યાત્રા, વૈદ્યનાથ ધામમાં પંડાઓએ કરેલો લાઠી-પ્રહાર અને પરિણામે ગુમાવેલી એક કાનની શ્રવણશક્તિ. ભગવાન રામજીનો વનવાસ યાદ અપાવે તેવો ચૌદ વર્ષનો 'જનવાસ'! જાણે એક હરતું-ફરતું વિશ્વવિદ્યાલય!

પરિવ્રાજકની આ ભારતયાત્રા દરમ્યાન દેશના જુદા જુદા વિભાગોમાં છ આશ્રમોની સ્થાપના પણ થઈ. દરેક આશ્રમની કાર્યપદ્ધતિ જુદી, પણ લક્ષ્ય એક જ. - अभिधेयं परमसाम्यम्! સામૂહિક મુક્તિ... પોતાની યાત્રાને પણ વિનોબા 'જંગમ બ્રહ્મવિદ્યામંદિર' જ કહેતા.

ચૌદ વર્ષ યાત્રા ચાલી. સર્વતોમુખી પ્રતિભા દ્વારા અનેકવિધ કામો થયાં. સામાજિક ક્ષેત્રમાં પ્રવેશ થયો ૧૯૧૬માં. હવે

૧૯૬૬નું વર્ષ ચાલતું હતું. પૂરાં પચાસ વર્ષ સમાજસેવા ચાલી. ગાંધીજી તો જીવ્યા ત્યાં સુધી સમાજકાર્ય કરતા રહ્યા, પણ વિનોબાનું એક સ્વતંત્ર ચિંતન, મનન હતું જે તેમને કહેતું હતું કે એક હદ સુધી કામ કર્યા બાદ ઈશ્વરને સોંપતાં આવડવું જોઈએ. એટલે ૧૯૬૬માં એમણે ગાંધીજીને મનોમન કહી દીધું કે પચાસ વર્ષ સુધી તમારી સેવામાં રહ્યો, હવે હું મુક્ત થાઉં છું. મારો અંતરાત્મા મને સાખ દે છે કે તમે જે અહિંસાનો - પ્રેમનો માર્ગ દેખાડ્યો તેના પર ચાલવાનો મેં પૂરેપૂરો પ્રયત્ન કર્યો. પ્રયત્નોની પરાકાષ્ઠા મેં કરી અને બાપુ નિરંતર મારી સાથે જ રહ્યા.

અને આમ ગાંધીચીંધ્યાં મૂલ્યોને સમાજમાં સ્થાપવાનો એક ભગીરથ પુરુષાર્થ ભૂદાન દ્વારા થયો.

## ૬. સૂક્ષ્મ પ્રવેશ અને કર્મમુક્તિ

સતત વિકસવું એ જીવનનો ધર્મ છે. વિનોબા જીવનધર્મી હતા, એટલે પ્રતિપળ એ વિકસતા રહ્યા. જીવનનાં વર્ષો તો મર્યાદિત પણ એ કાળમર્યાદામાં પણ યુગધર્મ રૂપે જે કાંઈ સામે આવ્યું, તે શિરોધાર્ય કરતા રહ્યા. પણ આ બધાની વચ્ચેય જીવનના પરમધર્મને એ કદી ભૂલ્યા નહોતા. જીવનમાં પરમસામ્યની સ્થાપના એ હતો એમનો પરમધર્મ! નિરંતર ગતિ કરતાં છેવટે પરમગતિને પામી પરમધામ પામવું એ હતું એમનું જીવનસ્વપ્ન! 'अथातो ब्रह्मजिज्ञासा'થી જન્મેલો એ જીવ વિકાસકૂચ કરતો કરતો 'સામૂહિક બ્રહ્મ-પ્રાપ્તિ'ના કાંઠે લાંગરવા ઉત્સુક હતો.

ચૌદ વર્ષની યાત્રા થઈ. અનેકવિધ કામો થયાં. હવે ઉંમર પણ બોંતેરની થવા આવી હતી. એક દિવસે સવારે પદયાત્રામાં ચક્કર આવ્યાં અને પડી ગયા. જીવનનું સુકાન પ્રભુને સોંપેલું હતું. આ ઘટનામાં પણ ઈશ્વરી સંકેત પામી પદયાત્રા સમેટી પાછા પરંધામ, બ્રહ્મવિદ્યામંદિરમાં આવી પહોંચ્યા. આશ્રમમાં આવ્યા તો ચાલો હવે, આશ્રમનું સુકાનપદ સંભાળ્યું તેવું નહીં. આમ તો પિતા, પ્રણેતા, માતા, માર્ગદર્શક જે કાંઈ કહો તે તેઓ જ હતા, પરંતુ હવે જે યાત્રા કરવાની હતી તે કશું થવાની નહીં, પણ જે કાંઈ થયા તે મટી જઈ કેવળ હોવાની દિશા પકડવાની હતી.

રામાયણમાં હનુમાન અને સુરસા નામની રાક્ષસીના યુદ્ધનો એક પ્રસંગ આવે છે. સીતાજીની ભાળ મેળવવા માટે હનુમાનજી લંકા જવા નીકળે છે ત્યારે રસ્તાનો રત્નાકર સાગર પાર કરતી વખતે સામે સુરસા આવીને ઊભી રહે છે અને હનુમાનને પડકારે છે. હનુમાનજી તો કૃતસંકલ્પ છે. ધીરે ધીરે રાક્ષસી માયાવી જાળ ફેલાવી મોટું ને મોટું, વધારે મોટું રૂપ ધારણ કરતી જાય છે, તો સામે હનુમાનજી પણ તેથીય મોટું સ્વરૂપ ધારણ કરે છે. છેવટે સુરસા વિકરાળ સ્વરૂપ ધારણ કરી હનુમાનજીને ગળી જવા કરે છે, ત્યાં 'अतिलघुरूप धरेउ हनुमाना...' એકદમ નાનું રૂપ ધારણ કરીને હનુમાનજી રાક્ષસીના મોં-નાક વાટે થઈ બહાર નીકળી જાય છે.

વિનોબાના જીવનમાં પણ કાંઈક આવું જ થયું. ઘરમાં સમાઈ ન શકે તેવડું વ્યક્તિત્વ થયું એટલે ઘર છોડ્યું, સંસ્થામાં સીમિત રહેવાનું અશક્ય લાગ્યું ત્યારે સંસ્થામુક્તિનો સંકલ્પ લીધો અને છેવટે વ્યાપક જનતા-જનાર્દનના પ્રજાસૂય યજ્ઞના અશ્વરૂપે એક

વ્યાપક જનઆંદોલન છોડી લોકાત્મા સાથે એકાકાર થઈ ગયા. છેવટે એ આંદોલનમાં પણ બદ્ધ ન રહ્યા. હકીકતમાં તો એમણે ભૂદાન ચળવળને કદી આંદોલન માન્યું જ નહોતું. એમને મન તો એ આરોહણ હતું, વ્યક્તિ અને સમષ્ટિ બંનેને પ્રતિક્ષણ ઉપર ચડાવતું આરોહણ.

પણ એક બિન્દુ આવ્યું જ્યારે अथातो ब्रह्मजिज्ञासा. ગૃહત્યાગ કરીને નીકળેલો બ્રહ્મજિજ્ઞાસુ એ આંદોલન-આરોહણ જગતની સ્થૂળ સીમાઓ છોડી સૂક્ષ્મમાં પ્રવેશવા ઉત્સુક બન્યો. ઘણાં વર્ષો પહેલાં બાળપણમાં એ પામી ગયો હતો કે ''જીવનનો એકમાત્ર હેતુ છે ઈશ્વર સાક્ષાત્કાર, અને એ હેતુ આ જન્મે જ સિદ્ધ કરવાનો છે.'' અત્યાર સુધીની સઘળી પ્રવૃત્તિ ઈશ્વર સાક્ષાત્કારની છબી ઝીલવા માટેની જ મથામણ હતી, પણ હવે તબક્કો આવ્યો હતો જ્યારે સ્થૂળ કર્મ છોડી સૂક્ષ્મમાં પ્રવેશવાની કળા સાધી વધારે સંન્યસ્ત ભૂમિકામાં પ્રવેશી અધ્યાત્મક્ષેત્રનાં સત્યો આત્મસાત્ કરવાં. વિનોબાનું એક સૂત્ર છે. क्रियोपरमे वीर्यवत्तरम् - ક્રિયા શમતી જાય તેમ કર્મ વધુ વીર્યવાન બને. કર્મ એટલે ક્રિયાનું પરિણામ. આ કર્મ જેટલું સૂક્ષ્મ હશે, સૌમ્યતર હશે તેટલું તેનું પરિણામ વધારે પ્રભાવકારી હશે.

વિનોબાની એક મહત્ત્વની દેણગી છે કે માણસે ઊડવાનું છે: વિજ્ઞાન અને અધ્યાત્મ તેવી બેવડી પાંખોથી. અધ્યાત્મવિદ્યાનું સત્યશોધન એ વિનોબાનો જીવનધર્મ - સ્વધર્મ હતો. અધ્યાત્મ હિમાલયની એકાંતવાસી ગિરિકંદરાઓમાં જ કેદ નથી; તે વ્યાપક જનસાગરમાં પણ હિલોળા મારે છે, તે તો સિદ્ધ થઈ ચૂક્યું હતું, પણ એ અધ્યાત્મશક્તિને વધુ કારગત કરવા

હનુમાનજીની જેમ હવે સૂક્ષ્મ અણુપ્રયોગ જરૂરી હતો. સામૂહિક સમાધિનું લક્ષ્ય નજર સામે હતું. તે માટે પોતાના કર્મયોગને હવે સ્થૂળ સરહદોની પાર સૂક્ષ્મ પ્રદેશમાં લઈ જવાની જરૂર હતી.

એટલે ૧૯૬૬ના જૂનમાં જાહેર કર્યું કે હું હવે સૂક્ષ્મ કર્મયોગમાં પ્રવેશું છું. અત્યાર સુધીની પ્રવૃત્તિઓ રાષ્ટ્રવ્યાપી રહેવાને લીધે પ્રવાહપતિત કેટલાંક કાર્યો પછી પણ કરવાં પડ્યાં. પણ એકંદરે સંકેલી લેવાનો પ્રયત્ન થયો. આશ્રમની બહેનોને પણ કહી દીધું કે હું અહીં શબ્દકોશની જેમ રહીશ. શબ્દકોશ સામે ચાલીને કોઈને શબ્દાર્થ બતાવવા જતો નથી, પણ કોઈને જરૂર પડે તો સેવામાં એકદમ હાજર! આ રીતે તમે મારો ઉપયોગ કરી શકશો. દેશવિદેશના સાથી-મિત્રોને પણ કહી દીધું કે હવે હું કોઈને પત્રોનો પ્રત્યુત્તર નહીં આપું પરંતુ જો તમે લોકો મને નિયમિત માસિક પત્ર લખતા રહેશો તો તમારા જીવનની ગાંઠ ઉકેલવામાં અભિધ્યાન દ્વારા હું જરૂર મદદ પહોંચાડવા પ્રયત્ન કરીશ. ધીરે ધીરે છાપાં, સામયિકો, વિવિધ પુસ્તકોનું વાચન પણ ઓછું થતું ચાલ્યું. ક્રમશઃ બોલવાની વૃત્તિ પણ ઘટતી ચાલી. પહેલાં જે પ્રશ્નોનો વિગતે જવાબ આપતા તે એકાદ-બે સાંકેતિક ગર્ભિતાર્થ વાક્યમાં આપી દઈ 'ગીતા-પ્રવચનો' વાંચવાનું સૂચવી દેતા. આ બધામાં રહી ગયો હોય તો કેવળ વિનોદ. પોતે જ કહેતા કે 'વિનોબા' હવે 'વિનોદા' બન્યો છે. એમની કુટિ પાસેથી પસાર થાઓ તોય હાસ્યના ફુવારાની છોળો જનારને ભીંજવતી જાય.

આમ તો ઘણાં વર્ષો પહેલાં એ કહી ચૂક્યા છે કે મારા માટે નિદ્રા એ એક નાનકડું મરણ છે. રોજ સાંજે દિવસ દરમ્યાન જે

કાંઈ યજ્ઞકર્મ કર્યું તે સઘળું ઈશ્વરનાં ચરણોમાં સોંપી દઈ પ્રભુના ખોળામાં માથું મૂકી સૂઈ જવાનું. કોઈ કર્તવ્ય શેષ નહીં, કોઈ સંકલ્પો, કોઈ એષણાઓ બાકી નહીં. સાવ ખાલીખમ. બસ, બીજે દિવસે સવારે પ્રભુ ઉઠાડે તો સમજવું કે પ્રભુએ કામ કરવા એક દિવસ વધુ આપ્યો અને પછી સહજ કર્મો કરવાં. જીવનની આ અંતિમ સાધનામાં મૃત્યુ પહેલાં મરી જવાનો અનુભવ લેવો હતો. અખાએ કહ્યું છે ને કે 'મરતાં પહેલાં જા ને મરી, વણહાલ્યાં જળ રહે નીતરી.' પોતે છે, છતાંય નથી. આવી શૂન્યાવસ્થામાં પ્રવેશવા માટે ધીરે ધીરે એમણે બધું સંકેલી લીધું. બીજી બાહ્ય ઉપાધિઓ તો ઠીક, એમને હવે જાણે 'વિનોબા' નામનોય ભાર લાગવા માંડ્યો. આમ તો ઘણાં વર્ષો પહેલાં વિચારપોથીમાં ટકિલું કે: 'मेरा नाम मिटे तेरा नाम रहे!' પરંતુ હવે વિનોબાને નામનો અંચળો ઓઢવાનો પણ ભાર લાગતો હતો. એટલે કોઈ સંદેશામાં કે અન્યત્ર સહી કરવી પડે તો 'વિનોબા'ને બદલે 'રામ-હરિ' લખવાનું શરૂ થયું. 'રામ-હરિ' વિનોબાનો પ્રિય મંત્ર છે. છેવટે એ ઠર્યા લોકદેવતાના ઉપાસક. 'ૐ' કે અન્ય મંત્રો પણ સૂચવી શક્યા હોત; પરંતુ એ માટે યોગ્યતા કે શુચિતા જોઈએ. જ્યારે સાધારણ જન માટે રામ-હરિનો મંત્ર શ્રેષ્ઠ મંત્ર છે. એટલે તેઓ સૌને કહેતા કે શ્વાસ અંદર લેતી વખતે 'રામ' ઉચ્ચારવું અને શ્વાસ બહાર કાઢતી વખતે 'હરિ' બોલવું. આ બંને શબ્દના ઉચ્ચારમાં પણ શ્વાસ-ઉચ્છ્વાસની આ પ્રક્રિયા તાલ મેળવે છે. જે કોઈ આવતા તેમને પ્રસાદીમાં આ 'રામ-હરિ'નો મંત્ર મળતો. આમ 'વિનોબા' વીસરાઈ જાય એવું એ ઈચ્છતા હતા. કહેતા પણ ખરા કે

વિનોબા મરી જાય તો એ સમાચાર સાંભળી લોકો કહે કે, ''અરે, એ જીવતો હતો? તેવું થવું જોઈએ.'' આમ મરતાં પહેલાં મરી જવાનો પૂર્વમરણનો પ્રયોગ ચાલ્યો.

શ્વાસે શ્વાસે પ્રભુસ્મરણ થતું રહ્યું.

अंतर राम ही, बाहिर राम ही,
जहां देखो तहां राम ही रामा!...'

પ્રભુમય થવું એટલે અંતરસ્થ થઈને પ્રભુને કેવળ અંદર પામવા તેવું નહીં, પણ બહારની સચરાચર સૃષ્ટિમાં પણ જે કાંઈ દેખાય તે સઘળાં રૂપોમાં પ્રભુને પામવા.

'हसी हसी सुंदर रूप निहारो.
खुले नयन पहचानो...'

આની પણ પ્રત્યક્ષ અનુભૂતિ થતી હોય એમ લાગ્યું. જે કોઈ એમની સામે આવતું, પછી તે ભારતના વડા પ્રધાન હોય કે સામાન્ય કોઈ ખેતમજૂર હોય! વિશ્વ-વિદ્યાલયના કોઈ ઉપકુલપતિ હોય કે ગામડાની કોઈ અભણ સ્ત્રી હોય! બધાં એમને માટે સમાન હતાં. આવડું મોટું વ્યક્તિત્વ છતાંય ખૂબી એ હતી કે વિનોબા-કુટિમાં ગમે તે વ્યક્તિ ગમે ત્યારે જઈ શકતી. કશી જ રોકટોક નહીં, કોઈ જ ચોકીદારી નહીં, કશું જ ખાનગી નહીં. તે ત્યાં સુધી કે અંતિમ માંદગીમાં ડૉક્ટરો કોટડીમાં શુદ્ધ હવા ખેલતી રહે તે માટે ઝાઝી અવરજવર પર નિયંત્રણ ઈચ્છતા હતા, પરંતુ તેય સંપૂર્ણતઃ શક્ય ના જ બન્યું. આ માણસ સંત હતો તો ગુફાનો સંત નહીં પણ લોકોનો સંત હતો તે દેખાઈ આવતું હતું. કોઈ પણ વ્યક્તિ પછી તે માણસ હોય, પશુ હોય, કીડી-મંકોડો હોય કે ઝાડવું હોય! એની સામે

જે કાંઈ વ્યક્ત થયું, પ્રગટ થયું તે એને મન હરિરૂપ બની જતું. પોતાની કુટિ આગળ ઊભેલા જાંબુના વૃક્ષને તેઓ સમાધિસ્થ વૃક્ષ કહેતા. બહેનોને કહી દીધું કે આ વૃક્ષનાં ફળ તમારા માટે નહીં, એ છે ચકલીઓ, કાગડાઓ, કોયલો અને વાંદરાં માટે. બહુ બહુ તો આશ્રમમાં દર્શનાર્થે આવતાં બાળકો માટે. સૌ કોઈ માટેની એમની આ સમાન દષ્ટિ, પાછળ પડી ગયેલા નબળા-દુર્બળ લોકો માટે કારુણ્યબુદ્ધિમાં પણ પલટાઈ જતી. અસમર્થ વ્યક્તિ વિનોબા પાસે વધારે લાડ પામતી, માની જેમ સ્તો! જીવનના અંતિમ પર્વમાં તો એમનું આ માતૃત્વ અન્ય લોકોમાં અસંતોષ ફેલાવે એ હદે પાંગર્યું હતું.

છેલ્લે છેલ્લે તો એવી સ્થિતિ થઈ ગયેલી કે જે કાંઈ જુએ તેમાં તેમને કશું ને કશું અભિવ્યક્ત થતું દેખાય! જ્યારે જ્યારે જઈએ ત્યારે નવીન સમાચાર આપે. ''તેં બુદ્ધ ભગવાનને જોયા?'' આપણે પ્રશ્નાર્થ દષ્ટિએ એમની સામે જોઈએ એટલે હાથ પકડીને બહાર લઈ જાય. ''જો, સામે દૂર પેલું ઝાડ દેખાય છે ને? એના છેડે જો! પાંદડાંઓ-ડાળીઓ જે રીતે ફેલાયાં છે તેમાં બુદ્ધ ઊપસતા હોય તેવું નથી લાગતું?'' ક્યારેક કહેશે, ''તેં જયપ્રકાશને જોયા?'' અને બહાર એમના ફરવાની ઓસરીની ભોંય પરની કોઈ લાદી પરની આકૃતિ દેખાડી કહેશે, ''જો આ નાક, બરાબર જે.પી. જેવું જ છે ને!''

આ બધું સૂચક હતું કે હવે છે તો કેવળ 'રામ!' ઘટ ઘટમાં હરિ વિલસતો અનુભવાઈ રહ્યો છે. આંખો તો એમની અદ્ભુત! નર્યો પ્રેમ જ નીતરે. મીઠું મીઠું, લુચ્ચું લુચ્ચું હસે. બુદ્ધિ તો પહેલેથી જ કુહાડાની ધાર જેવી સુતીક્ષ્ણ, એટલે જેને જાણે તેના માટે

માર્મિક ટકોરો તો કર્યા જ કરે, પણ એ બધું પ્રેમના ધોધમાં ભળીને આવે. અભિધ્યાન તો એવું પ્રચંડ અને સૂક્ષ્મ કે હૃદયનાં પાતાળી ઊંડાણો ભેદીને અંદર પહોંચી જઈ જે કાંઈ કહેવા-સૂચવવાનું અને કરવાનું હોય તે કરી દે. એ રીતે તેઓ કેવળ મર્મજ્ઞ નહીં, પણ મર્મને સ્પર્શનારા પણ હતા. પારસમણિનો એ સ્પર્શ સામેની વ્યક્તિના મર્મમાં સંક્રાન્તિ લાવવા પૂરતો સમર્થ હતો.

વેદાંતી તો તેઓ હાડે જ હતા. મૃત્યુયે એમને માટે કદી શોકનો વિષય બન્યું નથી. ગીતામાતાએ મૃત્યુને ફાટેલાં કપડાં બદલવા જેટલું સહજ ગણ્યું, તો ગીતાપુત્ર એથી ઓછું તો કેવી રીતે સમજે? એટલે જ કહેતા, ''મૃત્યુ આવે ત્યારે આપણે ઉત્સવ ઊજવવો જોઈએ'' અને તુકારામે ગાયું છે તેમ

'काक देहासी आला खाऊ
आम्हीं आनंदे नाचूं गाऊं।'

જન્મદિવસના ઉત્સવને દિવસે ભેગા થયેલા લોકોને અને આશ્રમની બહેનોને ખાસ કહેતા કે ''બાબાની જયન્તી મનાવવા આનંદપૂર્વક ભેગા થયા છો, બાબાની મયન્તી ઊજવવા પણ આટલા જ આનંદપૂર્વક ભેગા થજો.'' કોઈ ક્યારેક પૂછે કે બાબા, તમારી ઉંમર કેટલી તો કહે, ''દસ હજાર વર્ષ + આ જન્મનાં ૮૦, ૮૨ વર્ષ.'' જીવન એ એક જન્મજન્માંતરથી ચાલી આવતી ચિરયાત્રા છે. અખંડ ઝરણું છે, અતૂટ તંતુ છે. મૃત્યુ નામની ઘટનાથી ખંડિત થઈ જાય તેવું તકલાદી આ જીવન નથી. પણ આ જીવનનેય પેલે પાર એક મહાજીવન છે, જે આત્મસાત્ કરવાનું છે.

પણ જીવન મળ્યું, માનવજીવન મળ્યું એટલાથી જ બધું સાર્થક થઈ જતું નથી! કાયમ જગાડતા રહેતા, ''ઊઠો, જાગો, કૃતસંકલ્પ થાઓ. આવતો જન્મ પણ માણસનો જ મળશે તેવી ખાતરી છે ? આ જન્મારે મનખાદેહ મળ્યો છે તો એ દેહમાં પ્રભુને મેળવવાની જે ક્ષમતા છે તે સિદ્ધ કરો. શંકરાચાર્યે કહ્યું છે તેમ 'नरदेहातिक्रमणात्' અતિક્રમણ કરીને દેહને પેલે પાર વસતા પરમતત્ત્વમાં લીન થઈ જાઓ.'' સાથીઓને કહેતા, ''મરવું હોય તો મરો, પણ શરત એટલી જ છે કે વિકારમુક્ત થઈને મરો. તે પહેલાં મરવાની છૂટ નથી.''

વ્યક્તિગત જીવનની મુક્તિ, મોક્ષપ્રાપ્તિ એ વિનોબાનું પોતાનું અવતારકાર્ય રહ્યું જ નથી. એવી મુક્તિ તો તેઓ જીવનના પૂર્વાર્ધમાં જ સિદ્ધ કરી શક્યા હોત. તેટલી તેમની પૂર્વજન્મોની સંચિત મૂડી હતી. પણ ગાંધીજીના વિચારોના પ્રભાવ હેઠળ આવ્યા પછી એમના જીવનનું ધ્રુવપદ બન્યું હતું સામૂહિક મુક્તિ. પૃથ્વીનો કોઈ એક ભૂભાગ, કોઈ એક ખંડ ઊંચો ઊંચો આકાશે વધી જઈ ઉત્તુંગ ગગનગામી નગાધિરાજ હિમાલય બની જાય તેમ નહીં, પણ ધરતીમાત્ર, સમસ્ત ધરતીનો કણેકણ ઊંચો ઊઠે, ક્યાંય ખાડા-ટેકરા નહીં, સઘળે સમાન સપાટી! ઈશ્વરના દરબારમાં એકલા એકલા હાજર થઈ જવું એ એમને અભીષ્ટ નહોતું. તે તો તેઓ હતા જ. એમને માટે તો ધરતી પર આવવું એ પુરુષાર્થનો વિષય હતો. પરંતુ પૃથ્વી પરનો તુચ્છમાં તુચ્છ ગણાતો જીવ પણ પ્રભુતા પામે એ માટે મથવાનું એમનું જીવનકાર્ય હતું. એમને આ અશક્ય પણ નહોતું લાગતું, કારણ એમને પ્રતીતિ હતી કે પ્રત્યેકમાં આત્મા

છે. જરૂર છે કેવળ એ આત્મશક્તિના ભાનને જાગ્રત કરવાની. એટલે એ કદી ડાળ-પાંદડાં તોડવાના શાખાગ્રાહી કામમાં પડતા નહીં, मूले प्रहार- મૂળમાં જ ઘા કરતા.

'બ્રહ્મવિદ્યા'ના હમસફરોને એમણે કહી દીધેલું કે આપણે સૌ સાથે જ છીએ. હું કદીય તમને છોડવાનો નથી. મરી જઈશ તોપણ એકાદ ક્ષણ પ્રભુ પાસે જઈ આવીશ અને બીજી જ વળતી ક્ષણે તમારી પાસે પાછો આવતો રહીશ અને સૂક્ષ્મ સ્વરૂપે તમારી વચ્ચે રહીશ. દેહની સીમિત સરહદો તૂટશે પછી વ્યાપકતામાં હું વધારે કામ કરી શકીશ.

૧૯૭૪ના ડિસેમ્બરે એમણે એક વર્ષનું મૌન જાહેર કરતાં કહ્યું કે, ''બાબાની ધ્યાનયોગની સાધના ઘણાં વર્ષોથી ચાલે છે. સમાધિનો અનુભવ પણ બેત્રણ વખત પ્રત્યક્ષ થયો છે, પરંતુ આજકાલ તો રોજ રાત્રે જે ધ્યાનચિંતન ચાલે છે, તેમાં તો અનુભવ આવે જ છે. પરંતુ ધ્યાનયોગની જે અંતિમ સીડી છે, તેની અનુભૂતિ માટે વાણીનું વિસર્જન લાભદાયી થશે.''

સૂક્ષ્મ પ્રવેશની અનિવાર્યતા રૂપે વિનોબા ચિત્તશુદ્ધિ અને નિરહંકારિતાને ગણે છે. ચિત્તશુદ્ધિ એ તો વિનોબાની સાધનાનો એકડે એક. ચિત્તશુદ્ધિને પરિણામે બીજું જે કાંઈ સિદ્ધ થાય તે પેલા એકડા પડખેનાં મીંડાં, જેટલાં વધારવાં હોય તેટલાં વધારો. પણ આદરવું હોય તો પહેલાં એકડો તો શીખો જ. સૂક્ષ્મનો આ પ્રવેશ એટલે સ્થૂળમાંથી વિદાય તેવું નથી. સૂક્ષ્મમાં રહી સ્થૂળ જગત માટે અભિધ્યાનની, અભિમુખતાની ભૂમિકા. જેટલું ચિત્ત વધુ શુદ્ધ તેટલું આ અભિધ્યાન વધુ અસરકારી. એક હદ સુધી સૂક્ષ્મ કર્મમાં અકર્મ સાધવાની

સાધના ચાલી પણ ત્યાર પછી હજી તો અકર્મમાં કર્મ સાધવાની એક નવી ભૂમિકા આવી. બ્રહ્મવિદ્યામંદિરમાં નિવાસ હતો. આશ્રમના એક ખૂણે, ભરત-રામ-મંદિરના સાંનિધ્યમાં નાનકડી વિનોબા-કુટિ. દેશવિદેશના લોકો ત્યાં આવે. કોઈ દર્શનાભિલાષી હોય, તો કોઈ વળી જીવનની આંટીઘૂંટી પણ ઉકેલવા આતુર હોય.

પણ ૧૯૭૫ના ડિસેમ્બરે એમની સાધનાએ વળી એક નવી દિશામાં પદાર્પણ કર્યું. અત્યાર સુધી જે પ્રયોગ ચાલ્યો તે હતો સૂક્ષ્મપ્રવેશનો, સૂક્ષ્મ કર્મયોગનો, પણ આ નવા સાધનાક્રમમાં તો હવે કર્મ જ નહીં, સ્થૂળ પણ નહીં અને સૂક્ષ્મ પણ નહીં. વિનોબાજીએ આ ભૂમિકા સમજાવતાં કહ્યું કે, ''પહેલાં હતો એ સૂક્ષ્મ કર્મયોગ હતો. હવે કર્મમુક્તિ એટલે કે સૂક્ષ્મ અકર્મયોગ. આ સંન્યાસની ભૂમિકા છે.''

સામાન્ય જન માટે તો 'સૂક્ષ્મ કર્મયોગ' તે પણ એક શબ્દ, અને 'સૂક્ષ્મ અકર્મયોગ' તે પણ એક શબ્દ! પરંતુ અધ્યાત્મસાગરના આ ખેડુને તો એ શબ્દોને આરપાર વીંધી પેલે પાર જઈ અનુભૂતિ લેવાની હતી. બ્રાહ્મી સ્થિતિનો અલપઝલપ આભાસી સાક્ષાત્કાર થઈ જાય તેમ નહીં, પણ તેમાં સ્થિર થવું હતું. એટલે કર્મમુક્તિ જાહેર કરતાં કહ્યું કે હવે બાબા વાતો કરશે તો કેવળ વિજ્ઞાન અને અધ્યાત્મની. વળી એ કોઈની સાથે ખાનગીમાં વાતો નહીં કરે. વિજ્ઞાનની વાતોમાં પણ મુખ્યત્વે શારીરિક આરોગ્ય અંગેની વાતો રહેશે અને અધ્યાત્મ એટલે બ્રહ્મ, માયા, જીવ વગેરે પારિભાષિક તત્ત્વજ્ઞાનની ચર્ચા નહીં, પરંતુ 'हृदयग्रंथेर् विच्छेदकरं अध्यात्मम्' એટલે કે જે હૃદયની ગ્રંથિઓ

છેદી શકે તેવા અધ્યાત્મની ચર્ચા કરશે. આ ઉપરાંત પોતે કોઈ પણ સંસ્થાના સંરક્ષક કે સલાહકાર સુધ્ધાં નહીં રહે તેવું પણ જાહેર કરી દીધું. આમાં એમની પોતાની સ્થાપેલી છ આશ્રમસંસ્થાઓનો સમાવેશ પણ કરી લીધો.

આ જ દિવસો દરમ્યાન એમણે એક વાર अध्यात्मनी વ્યાખ્યા કરતાં કહી દીધું કે ગીતામાં કહ્યું છે કે स्वभावो अध्यात्मं उच्यते અધ્યાત્મ એટલે કે સ્વભાવ. સ્વભાવ એટલે કે આત્માનો ભાવ. ઊંઘી જઈએ છીએ ત્યારે જે તત્ત્વને શરણે સઘળું સોંપી દઈ સૂઈ જઈએ છીએ તે શરણું તે અધ્યાત્મ. આવું જ જાગ્રતાવસ્થામાં થાય તે સમાધિ. એટલે કે જાગ્રત અવસ્થામાં ગાઢ નિદ્રા.

## ૭. પવનારી વાણી-દિલ જોડો

બ્રહ્મવિદ્યામંદિરના પ્રાંગણમાં જ વિનોબા-કુટિર પાસે એક સાદું પણ સુંદર મંદિર છે, જેમાં પવનારની ભૂમિમાંથી જ મળેલી બીજી અનેક મૂર્તિઓ સહિત એક પ્રમુખ મૂર્તિ 'ભરત-રામ'ની મૂર્તિ છે. 'ગીતા-પ્રવચનો'માં વિનોબાજીએ સંયોગ-વિયોગ ભક્તિના વિવરણમાં ચૌદ વર્ષના વનવાસ પછી રામ અને ભરત મળે છે તેનું ચિત્ર દોર્યું હોય તો તે કેવું હોય, એનું જે વર્ણન કર્યું, બરાબર તેવી જ ભાવમુદ્રાવાળી ભરત-રામ-મિલનની એક સુંદર, કળામય પાષણ-પ્રતિમા વિનોબાજીને પોતાને આશ્રમભૂમિ ખોદતાં મળી આવી. વિનોબાએ આ ચમત્કૃતિને ઈશ્વરપ્રસાદી સમજી આશ્રમમાં જ મૂર્તિની સ્થાપના કરી અને બજાજ પરિવારે પાછળથી ત્યાં સુંદર મંદિર પણ

બંધાવી આપ્યું.

આ શ્યામલ મૂર્તિનું વર્ણન કરતાં ગુજરાતના એક સંત કવિએ લખ્યું છે કે:

'ધબકે હૈયું રે ધીંગી આ ભોમનું
કાળી કાળી શિલાઓને પ્રાણ
જુગ જુગ સૂતી ફૂટે વાણ
જુગના વછોયા ભવે ભેળાં થઈ રહો!'

આ ગીતની છેલ્લી કડી છે:

'પવનારી વાણી આ પાષાણની
કે પરગટ કરો પંડિપંડ
ભાઈ સું મિલાવો બિછડિત ભાઈને
અને ઓચ્છવ ઊજવો અખંડ
ભવના વછોયા ભવે ભેળાં થઈ રહો...'

શું પવનારી ભૂમિનો, શું પવનારી પાષાણનો કે શું પવનારી સંતનો જીવનમર્મ સદાકાળ એક જ રહ્યો છે, અને તે 'મૈત્રી'. વિનોબાજીએ અનેક વાર આ વાત કહી છે કે, ''મારી જિંદગીનાં બધાં કામ દિલોને જોડવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરિત છે.'' ભુદાનયજ્ઞે તો દિલોને જોડવાનો એક મંગલોત્સવ જ ભારતભૂમિ પર રચી આપ્યો. ધરતીમાતાના જ સંતાન, પણ એક કહેવાયો ભૂમિમાલિક અને બીજો કહેવાયો ભૂમિહીન ખેતમજૂર! બંને ભૂમિપુત્ર! પણ ૩૬ના આંકડાની જેમ બંનેના જીવનમાં પરસ્પર

હિતવિરોધ સ્થપાઈ ગયો, અમાનવીય સમાજરચનાનું એક વિકૃત સ્વરૂપ! વિનોબાએ આ બંને ભૂમિપુત્રો વચ્ચે હિતસામ્ય સ્થાપી હૃદય જોડવાનો પ્રયત્ન કર્યો. એ કહેતા પણ ખરા કે, ''હું જમીનનો ટુકડો માગવા નથી આવ્યો, હું તો દિલોને જોડવા માટે આવ્યો છું.''

ચંબલ ઘાટીનું સંતનું બહારવટું પણ આ જ તથ્ય પર મહોર મારે છે. સમાજમાં અન્યાયનો શિકાર થયેલા વિદ્રોહી બાગીઓને લાખો રૂપિયા ખર્ચવા છતાં જે સરકાર પકડી શકતી નહોતી તેમનામાંથી એકવીસ બહારવટિયાઓએ વિનોબા સમક્ષ સ્વેચ્છાપૂર્વક શસ્ત્ર-સમર્પણ કર્યું. વિનોબાએ ડાકુક્ષેત્રમાં પ્રવેશતાં જ કહ્યું, ''તમે બાગી છો તો હું પણ બાગી છું. વર્તમાન સમાજનાં ગલત મૂલ્યો સામે મારું આ બંડ છે. તમે પણ તમારા અપરાધ સ્વીકારી મૂલ્ય-પરિવર્તનના આ કામમાં સાથ આપો. જે ખોટાં કાર્યો થયાં તેની માફી ન માગતાં જે કાંઈ સજા થાય તે ભોગવી લો.'' વિનોબાની પ્રેમયાત્રાનું આ પતિતપાવન તીર્થધામ સમું પ્રકરણ છે. આમ પહેલેથી છેવટ સુધી વિનોબા દ્વારા જે કાંઈ કામો થયાં તેમાં ધ્રુવપદ રહ્યું - 'દિલ જોડો'. એટલા જ ખાતર એ હંમેશાં કહેતા રહ્યા કે પુરાણા જમાનાનાં આ રાજકારણ અને સંપ્રદાય તો હવે સાવ પુરાણાં પડી ગયાં છે કારણ કે રાજનીતિ હંમેશાં તોડવાનું કામ કરે છે. એટલે આપણે જો ખરેખર કાંઈ કરવા માગતા હોઈએ તો આવી તોડનારી રાજનીતિ અને સંપ્રદાયને સ્થાને જોડનારી લોકનીતિ અને ધર્મની સ્થાપના કરવી પડશે.... તેઓ એમ પણ કહેતા કે સૌથી શ્રેષ્ઠ ગુણ છે - મૈત્રી. એટલે બીજાત્રીજા ભેદોને ઓછા આંકી

મૂળભૂત વાત સિદ્ધ કરવા આપણે એક થવું જોઈએ. ગીતામાં કહ્યું જ છે કે અનેકત્વમાં, વિવિધતામાં એકતા જોવી એ સાત્ત્વિક જ્ઞાન છે.

આવી જીવનદૃષ્ટિ હોવાને લીધે મહાવીર સ્વામીની સ્યાદ્વાદની વિચારધારા વિનોબાજીને ખૂબ ગમતી હતી. એ કાયમ કહેતા કે સત્યાગ્રહમાં મુખ્ય ચીજ છે – સત્યનું ગ્રહણ; પછી તે પોતાના પક્ષનું હોય કે સામાના પક્ષનું. સત્ય ગ્રહણ કરવા માટેનું મુક્ત મન હશે ત્યાં જ સત્યાગ્રહ માટે કોઈ અવકાશ રહેશે. સત્યાગ્રહ એ અત્યંત સૂક્ષ્મ શસ્ત્ર છે. એનો ઉપયોગ અણુશસ્ત્રના ઉપયોગ જેટલી સાવધાની માગી લે છે. એક વખતે કોઈકે કહ્યું કે, ''સત્યાગ્રહમાં મોટા લોકો હોય તે સૌમ્યતમ સાધન વાપરી શકે પણ અમારા જેવા સાધારણ લોકો માટે તો તીવ્ર સાધનો જ કામ લાગે ને?'' ત્યારે એમણે કહેલું કે, ''ના, તેથી તદ્દન ઊલટું છે. અહિંસક સત્યાગ્રહમાં સાધારણ માણસે સૌમ્યતમ સાધન જ વાપરવું જોઈએ. કોઈ અસાધારણ સંજોગોમાં સ્થિતપ્રજ્ઞ હાથમાં તલવાર લઈ શકે, સાધારણ મનુષ્ય ના લઈ શકે.''

આવી વિચારધારા સાથે જે વ્યક્તિએ વર્ષો સુધી સામાજિક કાર્ય કર્યું તે વ્યક્તિ સામે પોતે જ્યારે સૂક્ષ્મપ્રવેશ કર્યો ત્યાર પછી એક ધર્મસંકટ જેવું ખડું થયું. ૧૯૭૪ના અરસામાં ભારતમાં ઠેર ઠેર જે આંદોલનો થયાં, તેમાં ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેકારી વગેરે સામે લોકોએ માથાં ઊંચક્યાં. આખા દેશમાં આ બધી પરિસ્થિતિ સામે અગ્નિ ધૂંધવાયેલો હતો અને સર્વ સેવા સંઘ જે અત્યાર સુધી વિનોબાજીના પ્રત્યક્ષ માર્ગદર્શનમાં રહી કામ કરતો હતો તે પણ તેમના પ્રત્યક્ષ માર્ગદર્શનના અભાવમાં થોડી

નિરાશા અને વિફલતાની મનઃસ્થિતિમાં હતો. આવા સંદર્ભમાં જયપ્રકાશજીની રાહબરી હેઠળ 'બિહાર આંદોલન' શરૂ થયું. એ બધો ઈતિહાસ તો અહીં અપ્રસ્તુત છે, પણ જયપ્રકાશજી જેવું નિર્મળ, પારદર્શક, સચ્ચાઈભર્યું અને અત્યંત સંવેદનશીલ હૃદયવાળું, જીવતુંજાગતું વ્યક્તિત્વ દેશની અંધાધૂંધ પરિસ્થિતિ જોઈ હાલી ઊઠે અને એ પરિસ્થિતિને પલટવાની હાકલ કરી બેસે તે તદ્દન સ્વાભાવિક, યથાર્થ અને તાર્કિક હતું. આ હાકલના અનુસંધાનમાં જ જયપ્રકાશજીએ બિહારની ધારાસભાનું વિસર્જન માગ્યું અને પછી તો ધીરે ધીરે એ આંદોલન દેશભરમાં ફેલાયું. જે.પી. માટે તો આ પગલું પ્રવાહપતિત સ્વધર્મ રૂપ હોઈ શકે, સવાલ હતો સર્વ સેવા સંઘનો. વિનોબાજીની આગેવાનીમાં વર્ષો સુધી આ સંસ્થા સત્તા અને પક્ષના રાજકારણથી સદંતર મુક્ત રહીને 'હિંસાશક્તિથી વિરોધી અને દંડશક્તિથી ભિન્ન તેવી લોકશક્તિ'ના નિર્માણકાર્યમાં તલ્લીન રહી. જ્યારે જયપ્રકાશજીના આંદોલને જે વળાંક લીધો તેમાં પ્રત્યક્ષ રાજકારણમાં ભાગ લેવાની વાત આવતી હતી, જે વિનોબાની અત્યાર સુધીની વિચારધારામાં બેસતું નહોતું, એટલે વિનોબા આ પગલામાં પોતાની સંમતિ આપી શક્યા નહીં અને એક તબક્કે તો પોતાની અસંમતિ દાખવવા સર્વ સેવા સંઘને જે ઉપવાસદાન આપતા તે પણ બંધ કર્યું.

આ સમગ્ર વિવાદનો પ્રાણપ્રશ્ન હતો - સ્વધર્મ. સ્વધર્મ પ્રત્યેક વ્યક્તિનો આગવો ધર્મ છે અને એ સમાન રીતે પવિત્ર છે, આદરણીય છે. અનુસરણ તો પોતાના જ ધર્મનું કરવાનું હોય, પણ આદર સૌ કોઈના સ્વધર્મ માટે. આ દષ્ટિએ દરેક

પોતપોતાનો સ્વધર્મ નક્કી કરવાનો હતો. વિનોબાનો સ્વધર્મ તો સ્પષ્ટ હતો જ. અત્યાર સુધી સર્વ સેવા સંઘનો સ્વધર્મ પણ નક્કી હતો – 'ત્રીજી શક્તિની સ્થાપના'. હવે વિનોબાને તો સક્રિયપણે તેમાં કશું કરવાપણું નહોતું. આ ત્રીજી શક્તિના નિર્માણ માટે સૂક્ષ્મ કર્મયોગ દ્વારા જ યથાશક્ય મદદ પહોંચાડવાની હતી. એટલે તો છેલ્લાં વર્ષોમાં એમનું આ એક ધ્રુવપદ હતું, ''કોઈ પણ એક જિલ્લો લઈ તેમાં ગાંધીજીએ ચીંધેલાં રચનાત્મક કાર્ય પૂરાં કરો.'' એમની કાર્યપદ્ધતિ પણ આ આંદોલનથી જુદા પ્રકારની હતી. પરસ્પર વિરોધી દેખાતા વર્ગોના નિરાકરણ માટે પણ ભૂદાનમાં એમણે સંઘર્ષ પદ્ધતિ ન અપનાવતાં પરસ્પર સહયોગની પદ્ધતિ અપનાવી હતી. સ્વરાજ્યની લડાઈમાં વિદેશી સરકાર સામે 'અહિંસક પ્રતિકાર નું સાધન અજમાવ્યું, પણ સ્વરાજ્ય મેળવ્યા પછી દેશની આંતરિક લડાઈમાં સંઘર્ષ કરવાનો આવે તો સૌ પહેલાં પોતાની જાત સામે જ કરવાનો હોય. આમ એમનું ચિંતન, વલણ, પ્રતિકાર નહીં પણ ઉપહાર(No Resistance but assistance)ની દિશાનું હતું. આવા સંજોગોમાં સાથીઓએ સંઘર્ષ માટે, તે પણ રાજકીય સંઘર્ષ માટે, સંમતિ વાંછી જે તે ન આપી શક્યા. આમ છતાંય કામ કરનારા બે સક્રિય જૂથના પરસ્પર સંબંધો તૂટી ન પડે તે માટે તેમણે જીવ પર આવી જઈને પ્રયત્નો કર્યા.

આમ વિનોબાની ભૂમિકા સૂરજના પ્રકાશ જેવી સાફ હતી. સંઘર્ષની પ્રક્રિયાપૂર્વકના રાજનૈતિક ક્ષેત્રમાં પ્રવેશ માટેની પોતાની સ્પષ્ટ અસંમતિ, છતાંય દરેક પોતપોતાનો સ્વધર્મ સમજી પોતપોતાનો પંથ નક્કી કરે, પણ પરસ્પર હૃદય એક અને

અભિન્ન રાખે તેવી અભિલાષા, ભારતદેશની અખંડિતતા નંદવાય તેવું કશું ન થઈ જાય તેની સાવધાની રાખવાની ચેતવણી, સત્તાધારી તત્ત્વોને પણ પોતાની મર્યાદામાં રહી શક્ય તેટલું સમજાવી, મનાવી, ખાળવાની-વાળવાની કોશિશ, રાષ્ટ્રભરની નૈતિક શક્તિને સર્વોપરી સિદ્ધ થવા માટેનું આવાહન, આચાર્ય-કુળ-સંમેલન બોલાવી રાષ્ટ્રના નૈતિક અવાજને વાચા અપાવવાનો પ્રયત્ન... આ અને આવું ઘણું બધું સ્વયંસ્પષ્ટ હતું. તેમ છતાંય જાહેર નેતાઓની રીતભાતથી જુદી એવી 'નિવેદન-પ્રતિનિવેદન, સફાઈ' વગેરેમાં ન પડવાની વૃત્તિને કારણે રાષ્ટ્રભરમાં સારી પેઠે ગેરસમજ પણ ફેલાઈ અને વિનોબા પર સારી એવી તડી પણ પડી. ગાંધીજીનું અંતિમ પર્વ યાદ આવી જાય તેવો જ આ ગાળો! હજુ તો મૂછનો દોરોય ફૂટ્યો ના હોય, વિનોબાના સમગ્ર જીવનની એકવાક્યતાને સાચવી લેતી આ અંતિમ કાર્યશૈલી જાણવા-સમજવાનુંય જેનું ગજું ના હોય તેવો જુવાનિયો બસ, ટ્રેનમાં કહેતો સંભળાતો, ''વિનોબા? પેલો સરકારી સંત?''

બાબાને જઈને કહેતા તો એ મીઠું સ્મિત વેરતા એ બોલતા, ''મારું એવું ભાગ્ય ક્યાંથી કે યાજ્ઞવલ્ક્ય, વશિષ્ઠમુનિ જેવાઓની હારોહાર મને સ્થાન મળે?'' પરંતુ ખુલ્લી આંખે જોનારને સ્પષ્ટ સમજાય કે વિનોબાના જીવન આખાની કાર્યશૈલી, વિચારશૈલીથી ભિન્ન તેવું અપ્રસ્તુત કશું જ નહોતું. બલકે પહેલેથી માંડી ઠેઠ સુધી આ સળંગસૂત્રતા જ જોવા મળે છે. 'ભારત એક રહેવો જોઈએ, દિલ તૂટવાં ન જોઈએ.'

આ જ વાત એમણે મૌન લેતાં પહેલાં ભારતભરના એકઠા

થયેલા સાથીઓને કહી હતી. વાત ખૂબ દર્દભરી હતી, પણ વાસ્તવિક હતી. એમણે રાષ્ટ્રીય એકતાના સંદર્ભમાં કહ્યું કે, ''વિજ્ઞાન ખૂબ આગળ વધી રહ્યું છે, હજુ પણ આગળ વધશે, પરંતુ એ ગમે તેટલું આગળ વધે તોપણ એ આગળ વધેલા વિજ્ઞાનને દિશા દેખાડવા માટે અધ્યાત્મવિદ્યાની જરૂર પડશે.'' આ અધ્યાત્મવિદ્યા એટલે સૌને જોડવાની પ્રક્રિયા હૃદયંગમ થવી તે. એ સમજાવતાં આગળ કહ્યું, ''ઈતિહાસ તરફ તટસ્થ દૃષ્ટિએ હું જોઉં છું તો વૈદિક યુગ કરતાં ઉપનિષદ યુગમાં આપણે આગળ વધ્યા, ઉપનિષદ યુગ પછી ગીતા વગેરે, અને ત્યાર બાદ બુદ્ધ, મહાવીર, શંકર, રામાનુજ, કબીર એમ એકેક યુગમાં આપણે આગળ વધતા ગયા અને આધુનિક કાળમાં તુકારામ, રામદાસ, નરસિંહ મહેતા વગેરે ૩૦૦-૪૦૦ વર્ષ પહેલાં જે સંતો થઈ ગયા એમનાથી પણ આપણે આગળ વધી ગયા, તેવું માનવાનું મને મન તો ખૂબ થાય છે, પણ તટસ્થ બુદ્ધિથી જોઉં છું તો સંતોના યુગ કરતાં આપણે આગળ વધ્યા છીએ તેવો નિશ્ચિત ભાસ મને નથી થતો. સંતોના યુગ કરતાં આપણે આગળ વધ્યા છીએ તેવું માનવાની ખૂબ ઇચ્છા છતાં પણ, એવું માની લેવા બાબા પોતાને સમર્થ નથી જોતો. સંતોએ સતત ફરીને દેશના હૃદયને જોડવાનું કામ કર્યું, જે આજે આપણે નથી કરી શકતા.'' આખા વક્તવ્યમાં ફરી ફરી આ એક વાત ઊઠતી રહી કે સંતોએ ભારતભરમાં ફરી ફરીને રાષ્ટ્રને એક અને અખંડિત રાખવાનું જે સ્નેહન કાર્ય કર્યું તે કાર્ય આપણે ટકાવી ન રાખી શક્યા. ગાંધીજીના ૧૯૪૮ના ૨૯મી જાન્યુઆરીના શબ્દો યાદ આવી જાય તેવા જ આ વેદનામય

ઉદ્‌ગાર હતા. ગાંધીજીએ કહેલું: ''મેં જે સ્વરાજનું સપનું સેવ્યું હતું તે આ સ્વરાજ છે? આજે શેનો ઉત્સવ? આપણી આશાઓ ખોટી ઠરી તેનો ઉત્સવ ઊજવવા બેઠા છીએ! તમારો ભરમ ન ભાંગ્યો હોય તો કાંઈ નહીં, મારો તો ભ્રમ ભાંગી ચૂક્યો છે!''

સંતયુગ પછીના કાળમાં રામ-કૃષ્ણ, વિવેકાનંદ, રાજા રામમોહનરાય, લોકમાન્ય ટિળક, શ્રી અરવિન્દ, ગાંધીજી જેવી વ્યક્તિઓએ આપેલાં મહામૂલાં પ્રદાનોનું યોગ્ય મૂલ્ય સમજનારો વીસમી સદીનો એક સંત પોતાની વેદના વ્યક્ત કરે છે કે ઘણી ઈચ્છા હોવા છતાં કબૂલવું પડે છે કે આપણે સંતયુગ કરતાં આગળ ન વધી શક્યા.

વિરાટ ભારતની રાષ્ટ્રીય અખંડિતતા એ સંતોનું સહજ કાર્ય રહ્યું છે. રાષ્ટ્રની નસેનસમાં એકતાનું રક્ત વહેતું રહે એ માટે તેમણે કન્યાકુમારીથી કાશ્મીરની ભારતયાત્રાઓ પગપાળા કરી, ભારતીય સંસ્કૃતિના દીવાને ઝળહળતો રાખ્યો. આપણા સૌ સમક્ષ વિનોબાએ પોતાની અંત:વેદનાને વાચા આપી તે આ જ કે આ દેશને એક, અવિભાજિત, અખંડિત કોણ રાખશે? તેઓ હંમેશાં કહેતા કે બે કામ ઓછાં થશે તો વાંધો નહીં, પણ હૃદય નંદાવાં ન જોઈએ. પવનારના સંતનું છેવટ સુધી આ જ સૂત્ર રહ્યું.

આ જ ગાળા દરમિયાન આખા ભારતમાં ગોવધબંધી થાય તે માટે તેમણે ઉપવાસની જાહેરાત કરી, પરંતુ ઉપવાસ જાહેર થાય તે પહેલાં જ કેન્દ્ર સરકાર તરફથી કેરળ તથા પ. બંગાળ સિવાયના ભારતના તમામ પ્રાંતોમાં ગોવધબંધી જાહેર થઈ.

સવાલ થાય કે કર્મમુક્તિ પછીનું આ કર્મ કેમ? આ અભિક્રમ કેમ લેવો પડ્યો? સ્થૂળ ચક્ષુથી દેખાય અને સ્થૂળ કાનોથી

સંભળાય તેટલી જ સૃષ્ટિની કલ્પના હોય તો આ વાત નહીં સમજાય, પણ વિનોબા કહે છે કે કર્મમુક્તિના આ ગાળામાંય એક વખત મા આવીને મને કહેવા લાગી કે, ''અરે વિન્યા, મેં તને શિખવાડ્યું નહોતું કે તુલસીને પાણી અને ગાયને ખાવાનું દઈને પછી જ જમવું! અત્યારે દેશમાં ગાયો કપાઈ રહી છે. શું ગાયો કપાતી રહેશે અને તું ખાતો રહીશ?''

અનંતોપકારી, પરમકૃપાળુ માની આ વાતે વેદના પ્રગટ થઈ એટલે વિનોબાને આ સંકલ્પ જાહેર કરવો પડ્યો. ફરી વાર ૧૯૭૯માં પણ આ જ બાબતસર પાંચ દિવસના ઉપવાસ કરવા પડ્યા અને અંતે બીજું સઘળું છોડ્યું ત્યારે પણ પોતાના અંતેવાસી શ્રી અચ્યુતરાવ દેશપાંડેને દેવનાર કતલખાના સામે સત્યાગ્રહ કરવા મોકલે છે અને એમને 'काम करो'નો મંત્ર આપે છે. આમ ગોમાતા દ્વારા સકળ પશુસૃષ્ટિ સાથે પ્રેમસંબંધ જોડવાની ભારતીય સંસ્કૃતિની દીક્ષા તે વિનોબાના જીવનમંદિરનું અંતિમ ચરણ સિદ્ધ થાય છે.

## ૮. दरिया लहर समाई

પરંધામ આશ્રમને પેલે પાર ધામ નદીના પુલ પર પ્રવેશો અને સૌ પહેલી નજર પડે ઊજળા દૂધ જેવા ભરત-રામ-મંદિર પર અને એની પાસે જ આવેલી પેલી નાનકડી ખોલી પર. અને હૃદયના ધબકારનો કાંઈ જુદો જ સૂર સંભળાવા લાગે છે.

બ્રહ્મવિદ્યામંદિરનો ઢાળ ચડવા માંડો છો અને એક મહેક તમને ઘેરી વળે છે, પવનની સુરખીથીય સૂક્ષ્મ એવો કોઈ સ્પર્શ તમને

વીંટળાઈ વળે છે અને જાણે તમે ધરતીથી એક તસુ ઊંચા ઊડી રહો છો.

હા, ખૂણાની પેલી ઓરડીમાં બેઠું છે, કોઈક છે અને છતાં નથી. કાંઈક બોલે છે અને એ શબ્દ વહેતો વહેતો આપણી પાસે પહોંચે તે પહેલાં તો બોલનારો નિ:શબ્દતામાં સરી પડે છે. કબીરે ગાયું છે તેમ:

बिनु पग चलना, बिनु पर उडना, बिना चूंच का चुगना।
बिना नैन का देखन-पेखन, बिन सरवन का सुनना॥

એક જમાનામાં એ હજારો માઈલ ચાલી વિશ્વવિક્રમ પ્રાપ્ત કરી ચૂક્યો છે, પણ આજે એના પગ સ્થિર છે, અને છતાંય એની ગતિ તો એવી પ્રબળ છે કે એને કોઈ પહોંચી ન શકે. એક જમાનામાં એની વાક્ધારા અવિરત વહેતી, આજે એ મૌન છે અને છતાંય એ મૌનને જાણે વાણી ફૂટી છે. અનાક્રમક, શીતળ, સૌમ્ય, નિર્મળ પ્રેરણાપ્રવાહ! શરીર, વાણી, મન, બધું જ જાણે શાંત થઈ ગયું છે, છતાંય એ સ્થગિત નથી થયું, થીજી નથી ગયું. એ વહેતું પાણી છે. मन ऐसो निर्मल भयो जैसो गंगा नीर... આવું કહેવાયું છે, પણ અહીં તો મન જ નથી. વર્ષોથી એમનો મનોમય કોશ જાણે ઓગળી ગયો છે. હવે તો છે કેવળ મૌનમય છંદ, જે જીવનરસથી છલોછલ છલકાઈ ઊઠ્યો છે.

અત્યાર સુધીની એમની યાત્રામાં ભલે એમની સાથે નહીં, પણ પાછળ પાછળ તો જવાતું. 'સંતને પગલે' ડગ માંડી શકાતાં. પરંતુ હવે આ અંતિમ પર્વમાં તો એ એવા પ્રદેશમાં પ્રવેશી ગયા છે, જ્યાં આપણી કોઈ ગતિ કામ ન લાગે. તેઓ નજર સામે છે, પણ પકડમાં નથી આવતા. 'વિનોબા' એટલે

હવે જાણે કોઈ વાતાવરણ, કોઈ આબોહવા, કોઈ સંદર્ભ... કદીય ન અનુભવેલો એવો એ સંદર્ભ.... એમની સમીપ પહોંચીએ ન પહોંચીએ ત્યાં જાણે આપણું કશું બદલાવા માંડે.

આમ એમની ગતિ અકળ હતી, તેમની હસ્તિ અપ્રાપ્ય હતી, તેમ છતાંય એમની આંખોમાં છલકાતો પ્રેમ એટલો જ ભર્યોભર્યો હતો. સદેહે જાણે એ દૂર દૂર ચાલી ગયા હતા, પરંતુ ભીતરમાં એ ઊંડા ઊંડા ઊતરી આવ્યા હતા. અસીમ ક્ષિતિજોની પેલે પાર પહોંચી જઈને પણ પોતાનાં મૂળિયાં, સામે ઊભેલી વ્યક્તિના હૃદયમાં ઊંડાં ધરબી દીધાં. પકડમાં ન આવવા છતાંય એમનું આ સાથે હોવું, અંદર હોવું એ જ એમનો વારસો! એમને અનુભવવા એ જ હતો જીવનલહાવો. એટલે 'तद् दूरे तदु अन्तिके' દૂર, છતાંય નિકટતા અનુભવાતી. હૈયે એક ઊંડી ધરપત કે બાબા આપણને છોડશે નહીં.

જીવનના પ્રારંભકાળમાં હિમાલય જવાની ઉત્કટ ઝંખના હતી. પછી તો ગાંધીનો હિમાલય સેવ્યો, પણ ત્યાર પછીની સાધનામાં તો 'ચિત્તની સ્થિરતા એ જ હિમાલય'નો પર્યાય સાકાર કર્યો, અને ધીરે ધીરે પરંધામના આ પરમહંસે એક જ રટ લીધી - રામ-હરિ, રામ-હરિ, રામ-હરિ! ક્યારેક સંથારાની વાત કરતા. ઈચ્છા-મૃત્યુ, પ્રાયોપવેષન આદિ આત્માહુતિની પ્રક્રિયા એમના ધ્યાનમાં હતી. આમ મૃત્યુને બે ડગલાં આગળ જઈને જીવન ભેટ ધરવાની તૈયારી થઈ ગયેલી.

સાંજનો સૂરજ હવે એનું અંતિમ કિરણ પણ સમેટી લેવા તરફ જાણે ગતિ કરી રહ્યો છે... ચાહ-અચાહની પેલે પાર તો ક્યારનું પહોંચી જવાયું છે. ચિત્તની ક્ષિતિજમાં ક્યાંય નાની સરખીય

વાદળી નથી. નિરભ્ર ચિદાકાશ છે. હા, ક્યારેક એક નાનકડી કાળી વાદળી જોર કરીને ધસી આવતી દેખાય છે ખરી, અને એ છે ગાયમાતાને બચાવી લેવાની વાદળી! આટલી નાનકડી વાદળી બાંધવાય જાણે સાત સાગર પરની વરાળ એકઠી કરવી પડી હશે. પણ ક્વચિત્ આ વાદળી દેખા દે છે. જે કોઈ આવે છે તેને કહેવાનું હોય તો આટલું જ કહેવાનું છે – ''દેવનાર જાઓ, અચ્યુતકાકાને મદદ કરો.'' ગાયબળદ કપાઈ પરદેશ માંસ મોકલી વિદેશી હૂંડિયામણ કમાઈ લેવાની સરકારી આંધળી દોટમાં દેશનું અંધકારમય ભાવિ આ ઋષિને સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, એટલે પોતાના અભિન્ન અંગ સમા સાથીને 'કરો યા મરો'ની આજ્ઞા આપી મુંબઈ મોકલે છે. અને પોતાને મળવા જે કોઈ આવે છે તે સૌને દેવનારની રાહ ચીંધે છે. આમ છેવટે કોઈ ગતિ રહી હોય તો તે આ 'પવનારથી દેવનાર'ની, બાકી બીજું બધું ધીરે ધીરે નિઃશેષ થઈ રહ્યું છે.

'સ્થિતપ્રજ્ઞદર્શન'ના દર્શકે નોંધ્યું છે કે, ''શરીરનો પડદો રાખીને બધાં ભૂતો સાથે પૂર્ણ સમરસ થઈ જવું શક્ય નથી. આમ તો દેહ એક સાધન છે, જે સાધના માટે ઉપયોગી છે. પરંતુ જેમ જેમ વ્યાપક સ્થિતિ થતી જાય છે તેમ દેહ પાછળ પડતો જાય છે અને એક બિન્દુ આવે છે જ્યારે દેહ વિઘ્નરૂપ લાગે છે... એટલે છેવટે દેહભાવ ફોડીને સર્વભૂતહૃદય સાથે તાદાત્મ્ય પામવું, અનંતમાં લીન થવું, બ્રહ્મમાં ભળી જવું – આને જ બ્રહ્મનિર્વાણ કહે છે.''

પરંતુ શરીરને ખરવા માટે કદાચ કોઈક નિમિત્ત જોઈતુ હશે. જિજીવિષાની જેમ મુમૂર્ષા હોય તો તો માણસનો દેહ એમને

એમ ખરી જઈ શકે, પરંતુ જ્યારે જીવવા-મરવાની ઇચ્છા જ મરી પરવારી હોય ત્યારે, ઇચ્છામૃત્યુ જ થઈ ગયું હોય ત્યારે, કદાચ કોઈ નિમિત્ત જરૂરી બનતું હશે અને આવું એક નિમિત્ત આવીને ઊભું રહ્યું.

આમ તો છેલ્લા છએક મહિનાથી શરીરમાં નબળાઈ વધી રહી હતી. મોં ઉપરનું તેજ ઉત્તરોત્તર વધુ ને વધુ ઊજળું થતું જવાને લીધે અજાણ્યાને એમની આ નબળાઈનો ખ્યાલ આવતો નહોતો. બેઠા હોય ત્યારે તો જાણે તાજાતર, મસ્ત ફકીર જ લાગે, શરીરની ચામડી પણ એકદમ બાળકના જેવી સ્નિગ્ધ, મૃદુ અને નરવી! પણ જેવા ઊભા થાય તેવો ખ્યાલ આવે કે ઊભા થવા માટે પણ જય-વિજયના ટેકાની જરૂર પડે છે. પહેલાં પોતાની મેળે જ નાહી લેતા. હવે નવડાવવા પડે છે. બોલવાનું પણ ખૂબ ઓછું અને અવાજ અત્યંત ક્ષીણ થઈ ગયો હતો. મનુષ્યના ચહેરા-મોહરાની ઉપર ઉપરના સ્થૂળ પરિચયની સ્મૃતિ પણ હવે વિદાય લઈ રહી હતી. સ્મૃતિ છે કેવળ પ્રભુની. ડાબા પગ પર સોજો પણ હતો. ઑગસ્ટ મહિનાથી નાડી પણ થોડી અનિયમિત થઈ રહી હતી, હૃદય પણ થોડું નબળું પડ્યું હતું. પેશાબ કરવા પણ વારંવાર જવું પડતું હતું. હૃદયમાં પેસ-મેકર યંત્ર બેસાડવાની સલાહને એમણે ન સ્વીકારી. આમ એક તરફથી શરીર પોતાની મર્યાદા-રેખા સુધી પહોંચી ગયું હતું અને બીજી તરફથી 'મારું કર્તવ્ય પૂરું થયું'નું ભાન પણ જાગી ગયેલું, 'एक दिन जाना है रे भाई।' ગાતા રહેતા, અને ધીરજપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા હતા.

પણ હવે જાણે એ પ્રતીક્ષાનો અંત આવતો હોય તેમ ૩૦મી

ઑક્ટોબરે રાત્રે પેશાબ જવા માટે ઊઠ્યા, ત્યારે શરીરમાં થોડો પરસેવો હતો. ચોથી નવેમ્બરે થોડો તાવ આવ્યો અને પાંચમી નવેમ્બરે રાત્રે સવા આઠ વાગ્યે નાડી અનિયમિત બની, છાતીમાં બેચેની થઈ, શરીર ધ્રૂજવા લાગ્યું. ડૉક્ટરોએ હાર્ટઍટેકનું નિદાન કર્યું... સમાચાર ફેલાયા અને આશ્રમમાં દેશભરના લોકોનો અવિરત પ્રવાહ શરૂ થયો. નિષ્ણાત ડૉક્ટરોની ટુકડી પણ મુંબઈથી આવી પહોંચી. બાબા-કુટિને ઈન્ટેન્સિવ-કેર-યુનિટ બનાવવું પડ્યું, કારણ કે વિનોબા કોઈ દવાખાનામાં જાય તે તો બને તેમ નહોતું. જે નાનકડી ૧૪' X ૧૪'ની ઓરડીમાં બાબાની પાટ માત્ર પડી રહેતી હતી, એ પાટ પર 'ગીતાઈ', ચશ્માં, ઘડિયાળ અને કલમ પડ્યાં રહેતાં હતાં. બાકી આખી ઓરડી ખાલીખમ... એને બદલે ઑક્સિજનના બાટલા, કાર્ડિઓગ્રામનું મશીન, શ્વાસ ફૂંકવાનું મશીન અને એવું બધું તો ઘણું...ઘણું જાણે બાબાની ઓરડી જ નહીં... બધું ખૂબ અડવું અડવું લાગતું હતું. ઈલાજો તો ઉત્તમ ચાલતા હતા, નિષ્ઠાવાન સેવકોની માતા સમી અપલક સાવધાન અને સ્વસ્થ સેવા-શુશ્રૂષા પણ હતી, હજારો ભાવિક જનોએ દેશભરમાંથી પ્રાર્થનામય શુભેચ્છાઓ પાઠવી હતી.

પણ આખા વાતાવરણમાં જાણે વિષાદ, વ્યગ્રતા અને ચિંતા ફેલાઈ ગયાં હતાં. શેનો હતો આ શોક? બાબા હવે જતા રહેશે એનો? તો તો બાબાનું જીવ્યું જ ફોગટ જાય ને! વિષાદ એ બાબતનો હતો કે આંગણે રોગ આવ્યો હતો. જ્યારે વિનોબા તો કાયમ કહેતા આવ્યા છે કે યોગી કદી રોગથી મરે નહીં. અને આ શું? આ રોગ બાબાના દેહને ગ્રસી જવા આવ્યો છે?...

પરંતુ સારવાર શરૂ થઈ. પહેલો દિવસ; બીજો દિવસ... અને બાબા-કુટિમાંથી બહાર નીકળતા ચિકિત્સકોના ચહેરા રોજેરોજ ખુશીથી ખીલતા ગયા, ચમકતા ગયા... ''સારું છે, તબિયત સુધરી રહી છે, દર્દી ખૂબ સાથ આપી રહ્યો છે...બસ...આમ ને આમ ૯૬ કલાક પૂરા થઈ જાય તો ખતરો પાર!'' આમ ને આમ સાતમી નવેમ્બર વીતી, આઠમી નવેમ્બર આવી. ડાક્તરોના સંતોષજનક બુલેટિનો બહાર પડતાં રહ્યાં. બાબા પણ ધીરે ધીરે વિનોદ-મજાક કરવા લાગ્યા. વચમાં વચમાં ગીતાના શ્લોકો તથા ઋગ્વેદના મંત્રો પણ ગણગણતા હતા.

૮મીએ સાંજે છ વાગ્યે ૧૫ તોલા દૂધ અને ૨ તોલા મધ લીધું. સવારથી અત્યાર સુધી કુલ ૪૫ તોલા દૂધ, ૮ તોલા છનો તથા ૧૦ તોલા મધ લેવાયું હતું. રાત્રે સવા આઠ વાગ્યે જયદેવભાઈ મધપાણી લઈને ગયા, તો હાથથી પાછું ઠેલી દીધું. રાત્રે સવા દસ વાગ્યે દવા સાથે થોડુંક પાણી પીધું...રોજના નિયમ મુજબ રાત્રે બે વાગ્યે ફરી દવા-પાણી લેવાનાં હતાં, પણ ત્યારે ના પાડી દીધી.

નવમીએ સવારે દવા, આહાર, પાણી વગર એકેક ટંકનો સમય વીતતો ચાલ્યો અને અંતેવાસીઓને વહેમ પડ્યો કે દવા, પાણી, આહારના આ ત્યાગને તબિયત સાથે સંબંધ લાગતો નથી. આશ્રમમાં જ વિનોબાજીના ભાઈ તથા દાદા ધર્માધિકારી હાજર હતા. તેમણે આવીને બાબાને સમજાવ્યા. દાદા કહે, ''બાબા, કમ સે કમ ગંગાજળ તો લો જ!'' ત્યારે હસતાં હસતાં કહે, ''દાદા, હવે તમે ધર્માધિકારી મટી મોક્ષાધિકારી બનો.''

તબિયત ધીરે ધીરે સુધરતી જઈ ગાડી પાટા પર આવી રહી હતી, ત્યાં અચાનક આ નવો પલટો આવેલો જોઈ દાક્તરો તો ડઘાઈ જ ગયા. શારીરિક રોગોના ઈલાજની ચિકિત્સા એમની પાસે હતી, પણ આ તો આધ્યાત્મિક બાબત, અને તે પણ વિનોબા જેવી વ્યક્તિ દ્વારા આચરાતી બાબત. પણ એમની જવાબદારી હતી. રાષ્ટ્રને જવાબ આપવો પડે તેમ હતો એટલે ડૉક્ટરોની ટુકડીએ જાહેર કર્યું કે, ''આચાર્યજીની તબિયતમાં ઉત્તરોત્તર સંતોષજનક પ્રગતિ થઈ રહી હતી અને સંપૂર્ણપણે સાજા થઈ જવાની પૂરી સંભાવના હતી. પરંતુ આજથી એમણે દવા-પાણી-આહાર ન લેવાનો નિશ્ચય કરવાથી તબિયત માટે ભારે મોટો ખતરો ઊભો થયો છે.''

અને વાયુવેગે સમાચાર દેશભરમાં ફેલાઈ ગયા. જે ક્ષણે આ નિર્ણયનો મતલબ બધાને સમજાયો તે જ ક્ષણે જાણે વીજળીનો ઝબકારો થયો. રોગ વખતનો વિષાદ તો ક્યારનોય હઠી ગયો હતો પણ હવે તો એકદમ થયું કે, 'બસ, આ છે વિનોબા.' પાણી સુધ્ધાં છોડવાનો અર્થ સાફ હતો કે બાબા હવે જશે. પણ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો અને એક બાજુ બાબા-કુટિમાંથી ઈન્ટેન્સિવ-કેર-યુનિટનાં સાધનો એક પછી એક બહાર નીકળવા માંડ્યાં અને જોતજોતામાં તો એ નાનકડી કુટિર પાછી સાદી, ચોખ્ખી, ખાલીખમ એવી બાબા-કુટિ બની ગઈ અને બહાર પ્રાંગણમાં એક વિશાળ મંડપ પણ ખોડાઈ ગયો. જેમ જેમ લોકોને ખબર પડતી ગઈ તેમ લોકસાગર ઊમટતો ગયો. આશ્રમમાં અખંડ ધૂન, ભજનકીર્તન, વિષ્ણુસહસ્ર નામ, કથા-રામાયણ-પારાયણ ચાલુ થઈ ગયાં અને જાણે કોઈ મંગળ

ઉત્સવ ઊજવાતો હોય તેવું વાતાવરણ થઈ ગયું. સવારના પાંચ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી દર્શનાર્થીઓની પંક્તિ અખંડ ચાલુ રહેતી. દૂર દૂરથી મોટા ભાગે ગામડાંના લોકો 'મહારાજ'ના દર્શન માટે આવતા હતા. અંદરની ઓરડી સુધી તો બધાને જવા દેવાય તેમ હતું નહીં, એટલે જાળીમાંથી દર્શન કરી શકાય એ રીતે બાબાનો ખાટલો ગોઠવ્યો હતો.

દેહ દેહનું કામ તો કરે જ. પાણીનું ટીપુંય ના જવાથી હાથ-પગ તૂટતા હતા. કાનમાં પણ તીવ્ર પીડા શરૂ થઈ ગઈ હતી. પણ તેમ છતાંય એકંદર સ્વાસ્થ્ય સારું હતું. નાડી પણ નિયમિત, પેશાબ ઓછો થતો ગયો, પણ એસીટોન બિલકુલ નહીં. ડૉક્ટરોને તો ખૂબ નવાઈ લાગતી હતી. હૃદયગતિ, શ્વાસગતિ, બ્લડપ્રેશર, ઉષ્ણતા વગેરે બધું જ નોર્મલ. નિર્જલા ઉપવાસને ત્રણ દિવસ થઈ ચૂક્યા હતા. દેશમાંથી દૂર દૂરથી આવતી વ્યક્તિઓને થતું કે બાબાને આહાર-પાણી લેવા સમજાવવા જોઈએ. તેઓ પોતાના સમાધાન ખાતર પ્રયત્ન કરી લેતા, પણ બાબા તો મક્કમ જ રહ્યા. ઈંદિરાજી પણ આવી ગયાં. પણ એ બાબાને પાણી આપી શકે તેવું ક્યાં હતું? બાબાએ સામેથી તેમને જીવનજલ આપ્યું, ''હંમેશાં રામ-હરિ જપતાં રહેજો.''

આશ્રમની બહેનો તથા સર્વોદય પરિવાર પોતાના આ પરમપ્રિયને ઉત્તરોત્તર પરમગતિ તરફ જતો જોઈ રહ્યાં હતાં. વિરહવેદના જાગે તે તદ્દન સ્વાભાવિક હતું, તેમ છતાંય એક પ્રકારની તટસ્થતા ચિત્તમાં પ્રવર્તતી હતી અને બાબાની આ અંતિમ મહાયાત્રામાં શક્ય હોય તેટલું ડગલેડગલું સાથે રહેવાની

સૌની લાગણી હતી.

કુટિરમાં શય્યા પર લેટેલો માણસ હવે 'રોગી' નહોતો, યોગી હતો, પરમયોગી. ઉપવાસથી ઉત્તરોત્તર શુદ્ધિ વધતી ચાલી, મોઢા ઉપર એનું તેજ હતું. આંખો તો એવી તગતગ ચમકી રહી હતી કે જાણે પ્રેમનો દરિયો. નર્યું વહાલ એમાંથી ઝરતું હતું. હોઠો પર અને હાથપગની આંગળી પર નાચતો એક લય સતત જોવા મળતો. તે હતો 'રામહરિ'ના નામનો જપ, નામસ્મરણનો લય. ૧૪મીએ રાત્રે આઠ વાગ્યે તો મહાસંકટ સામે પ્રત્યક્ષ આવીને ઊભું રહ્યું. હાથમાં નાડી ન પકડાય, લોહીનું દબાણ ૬૦ની આસપાસ!...ડૉક્ટરોએ કહ્યું કે Now he has entered into dangerous zone, ઘડી બે ઘડીનો પ્રશ્ન છે. પણ તે જ વખતે બાબાના સેવકે ડૉક્ટરને પગ તરફ ઈશારો કર્યો. હાથમાં નાડી પણ પકડાતી નહોતી, તે ક્ષણે પણ એમનો પગ 'રામ-હરિ'ના જપનો ઠેકો લેતો હતો! ડૉક્ટરથી બોલાઈ ગયું.

"This is beyond our medical science."

વળી આશ્ચર્ય. થોડી વારમાં તો બધું પાછું નૉર્મલ થઈ ગયું. આખી રાત સૌ ઊભા ઊભા મહાપ્રયાણની આ અંતિમ અવસ્થા જોતા રહ્યા. 'રામ-હરિ ભજો મન, સીતારામ ભજો રે'ની ધૂન આકાશને ભરી દેતી હતી. પરોઢિયે ચાર વાગ્યે બાબાએ બેસવાની ઈચ્છા વ્યક્ત કરી. થોડી વાર બેઠા, પાછા આડા પડ્યા. દિવાળીનો આ દિવસ હતો. રાત્રે જ એમની એક ફ્રેંચ કન્યા ફ્રાંસથી આવી પહોંચી હતી. સવારે સાડા છ વાગ્યે એણે પણ પાણી પીવા આગ્રહ કર્યો, પણ બાબાએ એને પણ સંકેતથી 'રામ-હરિ' ચીંધ્યું. આઠેક વાગ્યે મોં સાફ કરાવ્યું, શરીર ગરમ

પાણીથી લૂછ્યું, કપડાં બદલાવ્યાં, ખાટલા પરની ચાદર પણ બદલાવી...આ બધી ક્રિયાઓ દરમિયાન તેઓ પૂરા સચેત. પછી સીધા સૂતા. બંને હાથ છાતી પર. ચહેરા પર પૂર્ણ શાંતિ, હવામાં કેવળ શ્વાસોશ્વાસની જ હલચલ! પગના પેલા ઠેકા સિવાય બાકી બધું જ સ્તબ્ધ હતું, શાંત હતું, નિશ્ચલ હતું. ઘડિયાળનો કાંટો આગળ વધી રહ્યો હતો. નવ વાગ્યા પછી શ્વાસની ગતિ થોડી ઓછી થઈ. મહાશિખરનું અંતિમ આરોહણ ધીરે ધીરે ડગભેર ચડાઈ રહ્યું હતું. સાડા નવ વાગ્યા અને અત્યંત સહજતાથી ગયેલો શ્વાસ પાછો ન ફર્યો. ન માથું હાલ્યું, ન આંખો ફાટી, ન કોઈ ચિત્કાર નીકળ્યો. અત્યંત સહજતાપૂર્વક, પવિત્રતાપૂર્વક મૃત્યુદેવતાના કરકમળમાં જીવનભર ધોઈ ધોઈને વધુ ઊજળી કરેલી જીવનચાદર જાણે સોંપી દીધી.

જાબાલોપનિષદમાં એક શ્લોક આવે છે:

जातरूपधरो निर्द्वंद्वो निष्परिग्रहः
ब्रह्ममार्गे सम्यक् संपन्नः शुद्धमानसः
प्राणसंधारणार्थम् भैक्षमाचरन्
अनिकेतवासी अप्रयत्नो निर्ममः
शुक्लध्यानपरायणः अध्यात्मनिष्ठः
अशुभकर्म - निर्मूलनपरः
संन्यासेन देहत्यागं करोति
स परमहंसो नाम।

જન્મ વખતે જેવો હતો તેવો જ, નિર્દ્વંદ્વ, અપરિગ્રહી, બ્રહ્મમાર્ગમાં સારી રીતે સંપન્ન, શુદ્ધ ચિત્તવાળો, પ્રાણ ધારણ કરવા પૂરતું જ ભિક્ષા માગનારો, અનિકેત, કાંઈ પણ પ્રયત્ન ન

કરવાવાળો, મમત્વમુક્ત, નિરુપાધિક ધ્યાન કરનારો, આત્મનિષ્ઠ, અશુભ કર્મોને છેદનારો, જે સંન્યાસપૂર્વક દેહત્યાગ કરે છે તે પરમહંસ છે.

સાધારણ લોકો માટે પ્રાણત્યાગની ઘટના એ જીવનમાંથી મૃત્યુ તરફની પ્રયાણગતિ છે, પરંતુ અહીં અનુભવાયું કે જાણે મૃત્યુમાંથી અમૃત તરફનો મહાપ્રયાણોત્સવ ઊજવાયો અને એ અમૃતપ્રદેશમાં પરમતત્ત્વની સાથે એકાકાર થઈ ગયા. બ્રહ્મ અને પરબ્રહ્મ, જીવ અને શિવનું એ મિલન, એ તાદાત્મ્ય જીવનની પરમ દુર્લભ અનુભૂતિ હતી. દિવાળીઓ તો અનેક ઊજવી, પણ દીપાવલીની કાજળકાળી આ અમાવાસ્યા જીવનનો એક અભૂતપૂર્વ ઉઘાડ લઈને પ્રગટી. આ જ દીપાવલીના શુભ મુહૂર્તે ઉઘાડ લઈને પ્રગટી. આ જ દીપાવલીના શુભ મુહૂર્તે ભારત દેશના મહાન આત્મા દયાનંદ સરસ્વતી, સ્વામી રામતીર્થ, મહાવીર સ્વામીએ પણ આત્મસંકલ્પપૂર્વક દેહવિસર્જન કર્યું હતું, એમની પુનિત યાદ વાતાવરણના કણેકણમાં વિલસી રહી હતી. પૃથ્વી અને આકાશનું એક અનુપમ, અદ્‌ભુત મિલન યોજાયું અને તે ક્ષણે કબીરની સાખી સાકાર થઈ સામે નાચવા લાગી...

लिखालिखी की है नहीं, देखादेखी बात।
दुल्हादुल्हन मिल गये, फीकी परी बारात॥
कहना था सो कह दिया, अब कछु कहा न जायी।
एक रहा दुजा गया, दरिया लहर समायी॥

# વિનોબાની વાણી

ત્યાગ$^{2}$ + ભોગ$^{1}$ = જીવન

*　　　*　　　*

वेदांतो विज्ञानं विश्वास: चेति शक्तय: तिस्र:।
यासाम् स्थैर्य नित्यं शांतिसमृद्धो भविष्यति जगति॥

*　　　*　　　*

वेद-वेदांत-गीतानां विनुना सार उद्धृतो।
ब्रह्म सत्यं जगत्-स्फूर्ति जीवनं सत्यशोधनम्॥

*　　　*　　　*

काल-जारणम् स्नेह साधनम्
कटुक-वर्णनम् गुण-निवेदनम्
त्वकर्मणि समाधानम् परदु:खनिवारणम्।
नामनिष्ठा, सतां संग: चारित्र्य-परिपालनम्।

જીવનની આ ચાર સંહિતા. કાળ પ્રતિક્ષણ વહે છે. ગઈકાલનો મનુષ્ય આજે નથી. માટે સ્નેહ કરવો એ જ સાધન. કટુતા છાંડી કેવળ ગુણો ગ્રહણ કરવા.

*　　　*　　　*

વર્તનમાં બંધન હોવું જોઈએ જેથી વૃત્તિ મોકળી રહે.

*　　　*　　　*

ગીતામાં હિમાલયને સ્થિરતાની વિભૂતિ કહી છે. જેની બુદ્ધિ સ્થિર છે તે હિમાલયમાં જ છે.

મહાપુરુષો જ્યારે શરીરમાં વસતા હોય છે ત્યારે તેઓ વિશિષ્ટ હોય છે અને વ્યાપક બનવાનો પ્રયત્ન કરતા રહે છે. પરંતુ દેહ છોડી દીધા બાદ તેઓ વ્યાપક તો બની જ ગયા હોય છે,

પાછળથી વિશિષ્ટ બનવાનો પ્રયત્ન કરતા રહે છે. પોતાની વ્યાપક અવસ્થામાંથી કોઈ વિશિષ્ટ મનુષ્યને પ્રેરિત કરીને એની પાછળ પોતાની શક્તિ સીંચીને એ મહાન સંકલ્પ પૂરો કરાવવા ઇચ્છે છે.

* * *

પ્રારબ્ધનો ક્ષય થાય પછી જ માણસ મરે છે. મૃત્યુની ક્ષણ અટલ છે.

* * *

જૈન ધર્મે દુનિયાને ઘણી દેણો આપી. એમાં સૌથી મહત્ત્વની છે - અત્યંત અપરિગ્રહ અને દર્શનની દષ્ટિએ મધ્યસ્થ દષ્ટિ.

* * *

हिंसया दूयते चित्तम्-इति हिन्दु। જેનું ચિત્ત હિંસાથી દુભાય છે, તે હિન્દુ.

* * *

રામ=સત્ય, કૃષ્ણ=પ્રેમ, બુદ્ધ=કરુણા.

* * *

ઉપાસના અને સત્કર્મ આ બંનેમાં અંતર છે. બધાં સત્કર્મો ચામડી પરનાં અસંખ્ય છિદ્રો જેવાં છે, જેના દ્વારા માણસને હવા તો ચોક્કસ મળતી રહે છે પરંતુ ઉપાસના તો નાકના સ્થાને છે. નાકના શ્વાસોશ્વાસ દ્વારા જે રીતે હવા મળે છે તે બાકીનાં છિદ્રો દ્વારા નથી મળતી.

* * *

ભૂતમાત્રમાં ભગવાન દેખાવા માંડશે ત્યારે સંતો સેવા માટે શું

કામ તરસે છે, તેનું રહસ્ય ધ્યાનમાં આવશે.

*　　*　　*

લોકો બૌદ્ધ ધર્મનો મુખ્ય વિચાર કારુણ્ય ગણે છે, પરંતુ સૂક્ષ્મતાપૂર્વક જોઈશું તો બુદ્ધની કરુણા એ ગૌણ વસ્તુ છે, એમની મુખ્ય ચીજ છે તૃષ્ણાક્ષય. આપણે જો કરુણાનું કામ કરવું હોય તો તૃષ્ણાક્ષયની વાત કહેવાની હિંમત નહીં કરીએ તો કામ અધૂરું જ રહેશે. તૃષ્ણાક્ષય વગર અહિંસા ટકી જ ના શકે.

*　　*　　*

વિજ્ઞાનમાં જ્યારથી અણુશક્તિ શોધાઈ ત્યારથી ધ્યાનમાં આવ્યું કે સ્થૂળ શસ્ત્રો કરતાં સૂક્ષ્મ શસ્ત્રો વધારે પરિણામકારક હોય છે. આ જ રીતે અધ્યાત્મના ક્ષેત્રમાં પણ સૂક્ષ્મ-શોધન થઈ શકે છે એ દષ્ટિએ મેં સૂક્ષ્મ કર્મયોગમાં પ્રવેશ કર્યો છે.

*　　*　　*

આગામી યુગમાં બે જ શક્તિઓનું વર્ચસ્વ રહેશે, આત્મજ્ઞાન અને વિજ્ઞાન. આજ સુધી રાજનીતિ અને સંપ્રદાયનું જોર રહ્યું, પણ હવે આવનાર યુગમાં આ શક્તિ ખતમ થવાની છે. આત્મજ્ઞાન અને વિજ્ઞાન આ બંને શક્તિઓને જોડનારી જે ત્રીજી શક્તિ છે, તે છે સાહિત્યની શક્તિ. એટલા માટે સાહિત્યનું ભવિષ્ય ઉજ્જવળ છે, એટલું જ નહીં, એ થરમૉમિટરની જેમ માનવસમાજને માપનારું યંત્ર સિદ્ધ થશે.

*　　*　　*

અધ્યાત્મમાં પાંચ મૂળભૂત શ્રદ્ધા છે:

૧. નિરપેક્ષ નૈતિક મૂલ્યોમાં શ્રદ્ધા

૨. પ્રાણીમાત્રની એકતા તથા પવિત્રતામાં શ્રદ્ધા

૩. જીવનની મરણોત્તર અખંડિતતા

૪. કર્મવિપાક

૫. વિશ્વમાં વ્યવસ્થા અને રચના

જેવી રીતે અલ્લાહ એક છે, એવી રીતે માનવ પણ એક છે. જાતિ, ધર્મ, પંથ, દેશ આ સૌથી માનવતા શ્રેષ્ઠ છે.

*　　　*　　　*

જેવી રીતે એક નદીમાં ઘણી બધી નદીઓ ભળી જવાથી નદી ખૂબ મોટી અને તેજીલી બને છે, તેવી જ રીતે વૈદિક ધ્યાનયોગ, બૌદ્ધોની અહિંસા, વૈષ્ણવોનો પ્રેમધર્મ અને ઈસ્લામની સત્યનિષ્ઠા મળવાથી સંસ્કૃતિ સમૃદ્ધ થઈ છે.

*　　　*　　　*

સાહિત્ય શબ્દ જ સૂચવે છે કે હું સહિત ચાલનારો છું. કોની સહિત? મનુષ્યના પાયામાં સત્ય છે. સત્યનો અર્થ જ છે કે તે છે. રામજીની સાથે લક્ષ્મણ જાય છે, એ રીતે સત્ય સાથે સાહિત્ય જશે. જેટલો વ્યાપ રામનો તેટલો જ લક્ષ્મણનો. સત્ય જેટલું વ્યાપક, તેટલું જ વ્યાપક સાહિત્ય થશે. ઋગ્વેદમાં એક વાક્ય આવે છે: यावत् ब्रह्म वेष्टितं तावती वाक्! બ્રહ્મ જેટલું વ્યાપક છે, તેટલી જ વાણી વ્યાપક છે.

સંન્યાસમાં બધા પ્રકારની આસક્તિઓ તજવાની હોય છે, જેથી ચિત્તનું સમત્વ સધાય. યોગમાં બધા પ્રકારનાં સાધનોનું સંતુલન જળવાય છે, એટલે ચિત્તમાં સમત્વ આવે છે. તો આ સમત્વ એક એવી વસ્તુ છે, જ્યાં યોગ પણ પહોંચે છે અને સંન્યાસ પણ પહોંચે છે. એ એક એવું કેન્દ્રસ્થાન છે, જ્યાંથી

બધે સંબંધ રાખી શકાય. એટલા માટે મેં ગીતાને સામ્યયોગ કહી.

*　　　*　　　*

જેવી રીતે વિજ્ઞાનમાં શુદ્ધ અને પ્રાયોગિક એમ બે વિજ્ઞાન આવે છે, તેવું જ અધ્યાત્મમાં હોવું જોઈએ એવું હું નાનપણમાં વિચારતો હતો. પછી ગીતા તથા ગીતાભાષ્યો વાંચ્યા પછી ધ્યાનમાં આવ્યું કે ગીતામાં Pure અધ્યાત્મ અને Applied અધ્યાત્મ - આ બંને છે. પહેલાને ગીતા સાંખ્ય કહે છે, બીજાને યોગ કહે છે.

*　　　*　　　*

આ ચાર વાતોનો મનુષ્ય વિચાર કરે તો એનો બેડો પાર થઈ જાય:

૧. ગૃહસ્થાશ્રમમાં સંયમ ૨. દઢ કર્મયોગ-નિરંતર જાગૃતિપૂર્વક ૩. ભક્તિગુણદર્શન, ક્યારેક શ્રદ્ધા! ૪. ચિંતન-શીલતા. ચિંતન માટે રોજ થોડું લખવું. શું જોયું, શું સાંભળ્યું, શું વાંચ્યું, શું વિચાર્યું. ચિંતનની ટેવ નહીં પડે તો બુદ્ધિ મંદ થઈ જશે.

*　　　*　　　*

સંતો કરતાંય સત્ય શ્રેષ્ઠ છે. સત્યના અંશમાત્રમાંથી સંતો નિર્માણ થયેલા છે.

*　　　*　　　*

શ્રદ્ધા + પ્રજ્ઞા + વીર્ય = સત્ય

સત્ય એટલે બધા ગુણોનો ગુણાકાર.

*　　　*　　　*

જે વાણી સત્યને સંભાળે છે, એ વાણીને સત્ય સંભાળે છે.

* * *

'સંન્યાસ લેવો' આનો કાંઈ અર્થ જ નથી. કારણ સંન્યાસનો અર્થ જ છે - 'ન લેવું'.

* * *

સ્વધર્મ પ્રત્યે પ્રેમ, પરધર્મ પ્રત્યે આદર અને અધર્મ પ્રત્યે ઉપેક્ષા - આ બધું મળીને ધર્મ.

* * *

દરેક ધર્મ સત્યનો અંશાવતાર છે.

* * *

સેવા નજીકથી, આદર દૂરથી, જ્ઞાન અંદરથી.

* * *

રામ મર્યાદાભૂમિ, કૃષ્ણ પ્રેમસમુદ્ર, હરિ જે કંઈ બાકી રહ્યું તે - અનંત આકાશ!

રસ તો એ છે, જે સનાતન તથા એકરસ હોય. ઉપનિષદોમાં રસની વ્યાખ્યા - रसो वै सः । જેમાંથી જીવ ઉત્પન્ન થાય છે, કાયમ ટકે છે અને જેમાં જીવ લીન થાય છે. એટલે આપણે પણ જીવન અને મરણ બંનેમાં સમાન આનંદપૂર્વક મસ્ત રહેવું જોઈએ. જીવનના પ્રત્યેક કાર્યમાં ચાલતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં આનંદનો અનુભવ થવો જોઈએ. ત્યારે આપણને જીવનનો સાચો રસ ચાખવા મળશે. ચિત્તમાં સમાધાન તે મુખ્ય વસ્તુ છે. અસલી ચીજ છે - આ ચિત્તની પ્રસન્નતા!

* * *

ચિત્ત ધોવા માટે ઉપયોગી -

માટી = તપસ્યા

પાણી = હરિપ્રેમ.

શોધનત્રયી: ૧. વિચાર-શોધન, ૨. વૃત્તિ-શોધન, ૩. વર્તન-શોધન.

અહંકાર ત્રણ રીતે દૂર થઈ શકે. ૧. જે સમાજે આપણને વિવિધ પ્રકારનું જ્ઞાન આપ્યું, તે સમાજનો ઉપકાર આપણા કર્તવ્યનું કારણરૂપ છે, આનું ભાન થઈ જાય. ૨. દેહ, ઇંદ્રિય, મન અને બુદ્ધિથી આપણે વેગળા છીએ, એટલે કર્તવ્ય બધું એ ઇંદ્રિયોનું છે, આપણું નહીં, એ વાતનું ભાન થઈ જાય. ૩. કરનારો અને કરાવનારો પરમેશ્વર છે, આપણે તો કઠપૂતળી સમાન છીએ, આવી શ્રદ્ધા રાખવી.

* * *

વાસનાઓના નિરાકરણનો ક્રમ આવો રહેશે: ૧. કુવાસના ત્યાગ, ૨. સદ્‌વાસના પણ જે બધાને મળતી ના હોય, તો તેનો પણ ત્યાગ, ૩. સદ્‌વાસના હોય, પણ એના ભોગમાં પ્રમાણ રહે અને ૪. વ્યાકુળતાને કાબૂમાં રાખવા માટે સદ્‌વાસના ત્યાગ.

અપરિગ્રહી સમાજનાં પાંચ લક્ષણ: (૧) સમાજની લક્ષ્મી ખૂબ વધશે, સમૃદ્ધિનું પ્રાચુર્ય થશે, (૨) પણ એ લક્ષ્મી ઘેરેઘેર વહેંચાયેલી હશે, એટલે કે એની સમ્યક્ વહેંચણી થઈ હશે, (૩) નિરર્થક ચીજોનો સંગ્રહ નહીં થાય, (૪) ક્રમ મુજબનો સંગ્રહ થશે, (૫) પૈસા ઓછામાં ઓછા રહેશે.

જનસંપર્ક અને જનસંસર્ગમાં ફેર છે. જનસંસર્ગમાં જનોનો રંગ આપણા પર ચડે અને જનસંપર્કમાં આપણો એટલે કે

બ્રહ્મવિદ્યાનો રંગ જનો પર ચડશે.

* * *

બાપુના શિક્ષણનું તારતમ્ય મેં ત્રણ શબ્દોમાં મેળવ્યું.

૧. સત્ય - જીવનનું લક્ષ્ય

૨. સંયમ - જીવનની પદ્ધતિ

૩. સેવા - જીવનનું કાર્ય

આ બધું આચરણમાં ઊતરે, એ જ પ્રાર્થના ભગવાનને નિરંતર કરું છું.

* * *

મારા પગ જમીન પર છે, પણ આંખો તો ચંદ્ર સુધી પહોંચી જશે. આંખો વ્યાપક છે, પગ સેવક છે. પંખીની આ બે પાંખ છે - વ્યાપક ચિંતન અને વિશિષ્ટ સેવા. ચિંતન બ્રહ્માંડથી ઓછું નહીં, પણ સેવા મારા ગામની.

* * *

ભક્તિ એટલે સમાજથી વિભક્તિ નહીં. સમાજ, સૃષ્ટિથી અલગ થવું તે ભક્તિ નથી. બલકે આપણું જીવન જ સમાજ માટે, સૃષ્ટિ માટે, ઈશ્વર માટે છે. આવું જે સમજ્યા, તે જ ભક્ત થયા. જીવનમાં અખંડ આમરણ સેવા થતી રહે, આ સાતત્ય એ જ ભક્તિની કસોટી છે.

દુનિયા ગુણદોષમય છે. એમાંથી ગુણોને ખેંચવાના છે. જમીનમાં અનેક પ્રકારના કણ પડ્યા હોય છે, પણ લોહચુંબક લોખંડના કણને ખેંચી લે છે. એવી જ રીતે આપણી ગુણચુંબકવૃત્તિ ગુણોને જ ખેંચી લેતાં શીખશે તો વસ્તુમાત્રમાંથી ગુણો ખેંચાઈ એક શક્તિ પ્રાપ્ત થશે અને ત્યારે ધ્યાનશક્તિ પણ

પેદા થશે.

*   *   *

મનુષ્ય-જીવન ઘર છે, દોષ ભીંત છે અને ગુણ બારણાં છે. માણસના જીવનમાં દાખલ થવું હોય તો ભીંત દ્વારા જશો તો અથડાશો, એટલે ગુણો દ્વારા પ્રવેશ કરો. જ્યાં સુધી ગુણ ગ્રહણ નહીં થાય ત્યાં સુધી ભક્તિ નહીં સધાય.

*   *   *

અધ્યાત્મની કસોટી છે - સંપૂર્ણ સૃષ્ટિ પર વિશ્વાસ રાખવો. જે વ્યક્તિ સૃષ્ટિ પર વિશ્વાસ કરશે, તેના મનની ગાંઠો એની મેળે જ ખૂલતી જશે અને પછી એના હૃદયમાં ભગવાનનો પ્રવેશ થશે.

*   *   *

શ્રદ્ધાથી બેડો પાર થઈ શકે, પણ એ શ્રદ્ધા સાત્ત્વિક હોવી જોઈએ. સાત્ત્વિક એટલે કે વિવેકયુક્ત. બુદ્ધિ અને ભાવનાનો સમન્વય એટલે જ વિવેક.

*   *   *

કર્તવ્યત્રયી - ૧. સત્યનિષ્ઠા, ૨. ધર્માચરણનો પ્રયત્ન, ૩. હરિસ્મરણરૂપ સ્વાધ્યાય.

*   *   *

મરણ કોઈ આપત્તિ નથી. એ તો દુઃખથી મુક્ત કરનારી ચીજ છે. મૃત્યુ સમયે જે દુઃખ થાય છે, તે તો જીવન આખાના દોષોના પરિણામે થતું દુઃખ છે. એટલા માટે તો એ દુઃખોમાંથી છોડાવવાનું સામર્થ્ય મૃત્યુ સિવાય બીજા કોઈનામાં નથી. આવા મહામિત્રને શત્રુ સમજવો એ આશ્ચર્ય છે.

*   *   *

જે ક્ષણે ચિત્તમાં વિકાર આવ્યો, તે ક્ષણ વેડફાઈ તેમ સમજવું. જે ક્ષણે ચિત્તમાં વિકાર ન ઊઠ્યો, તે ક્ષણ સાર્થક થઈ. બહારથી તો આપણે અનેક કામ કરવાના છે, કારણ કે શરીરનું પ્રયોજન જ એ છે. એટલે એ તો આપણે કરીશું જ, પરંતુ આપણો સમય સાર્થક થયો કે નહીં, તેની કસોટી આપણે બાહ્ય પરિણામથી નહીં કરતાં, આંતરિક કરીશું. એટલે કે જે ક્ષણે ચિત્ત નિર્વિકાર રહ્યું, તે ક્ષણ સાર્થક.

* * *

વ્યાપારની સાથે નિર્વ્યાપાર આત્મતત્ત્વનું ચિંતન કરવાની ટેવ જો રોજ પાડી હશે તો વ્યાપાર પણ ઉપાસનારૂપ થઈ જશે.

* * *

જીવનમાં ભય રાખવાથી મરણ નિર્ભય થશે.

* * *

શ્રમ-સાધના આશ્રમનો પાયો છે. એની સાથે હું સ્વચ્છતા, સજ્જન-સંગતિ અને ચિંતન આ ત્રણ ચીજો જોડવા માગું છું. આ યુગમાં શ્રમનિષ્ઠાયુક્ત સાધના જ ટકી શકશે, તેમાં મને જરીકે શંકા નથી.

* * *

સમાધિમાં અત્યંત સમત્વ હોય છે, એમાં સઘળા ભેદ મટી જાય છે. આપણે તો સામાજિક સમાધિ સાધવી છે, અભેદના તત્ત્વ પર આખી સમાજરચના ઊભી કરવી છે. લોકો અદ્વૈત અને અભેદને સારાં તો ગણે છે, પણ જેવાં અમલમાં મૂકવાની વાત થાય છે તેવાં તેને સમાજ માટે ઉપયોગી નથી ગણતા. આપણે

વ્યવહારમાં અદ્વૈત અને અભેદની સ્થાપના કરવાની હિંમત કરવી જોઈએ.

* * *

સમત્વનો આદર્શ સામે રાખીને વ્યવહાર કરવાથી સમત્વનું ક્ષેત્ર ઉત્તરોત્તર વ્યાપક અને ઊંડું થતું જઈ છેવટે જીવનમાં બ્રહ્મસામ્યનો અનુભવ આણી શકાશે. એવું થયું તો તો જન્મ જિતાઈ ગયો.

જેમણે સમત્વ પર જીવન રચ્યું, તેઓ બ્રહ્મમાં જ સ્થિર થઈ ગયા, કારણ કે સમત્વની અવ્યંગ પરિપૂર્ણતા એ જ છે - બ્રહ્મ

આ અણુયુગમાં કોઈ વિદ્યાની અત્યંત તાતી આવશ્યકતા હોય તો તે બ્રહ્મવિદ્યાની છે. આજે બ્રહ્મવિદ્યાનો વિશ્વવ્યાપક ઉપયોગ છે. બ્રહ્મવિદ્યા બે પ્રકારે પ્રાપ્ત થઈ શકે. એક તો, સમાજમાં રહી સમાજની સેવા કરતાં કરતાં અંતર્મુખ થવું અને બીજી પદ્ધતિ છે એકાંતમાં મર્યાદિત સમૂહ સાથે રહી, થોડો શરીરશ્રમ કરીને સાધના કરવી. પહેલા પ્રકારમાં રજોગુણ જોર કરી શકે. મત્સર, સ્પર્ધા, આગ્રહ વધી શકે. બીજામાં તમોગુણની વૃદ્ધિ થઈ શકે. જડતા, આળસ, સ્વચ્છંદતા વધી શકે. સાધનામાં આ ભયસ્થાનો છે, તેનાથી સાવધાન રહી જે-તે સાધના કરવી જોઈએ.

* * *

અધ્યયનમાં લંબાઈ, પહોળાઈ અને ઊંડાણ એ ત્રણે જોઈએ. લંબાઈ - દીર્ઘકાળ; પહોળાઈ - નિરંતર; ઊંડાણ - સત્કાર્ય.

* * *

રાધા એટલે નિષ્કામ આરાધના.

* * *

જ્યાં પાવિત્ર્ય ત્યાં સૌંદર્ય, જ્યાં સૌંદર્ય ત્યાં કાવ્ય.

* * *

આત્મદર્શન એ જીવનનું કાવ્ય છે.

* * *

કાવ્યના હેતુ: (૧) હરિનો યશ ગાવો, (૨) જીવનનો અર્થ કરવો, (૩) કર્તવ્યની દિશા બતાવવી, (૪) ચિત્તનો મેલ ધોવો.

* * *

સ્ત્રીઓનો ઉદ્ધાર ત્યારે જ થશે, જ્યારે સ્ત્રીઓ જાગશે અને તેમનામાંથી શંકરાચાર્ય જેવી કોઈ પ્રખર જ્ઞાન-વૈરાગ્ય-સંપન્ન, ભક્તિમાન અને નિષ્ઠાવાન સ્ત્રી પેદા થશે. દુનિયામાં અત્યાર સુધી જેમનો પ્રભાવ પડ્યો છે, તે પુરુષોનો જ પડ્યો છે. ધર્મ પર પણ એમનો જ પ્રભાવ છે. આ જ રીતે સ્ત્રીઓનો પણ ધર્મ પર પ્રભાવ પડશે, ત્યારે એમનો ઉદ્ધાર થશે.

* * *

સ્ત્રીમાં 'સ્તૃ' ધાતુ છે. 'સ્તૃ' પરથી 'વિસ્તાર' શબ્દ આવ્યો. જે વિસ્તાર પામે છે તે સ્ત્રી. એકમાંથી અનંત સુધી પહોંચવાનું છે.

* * *

બ્રહ્મચારી એટલે સ્ત્રી અને પુરુષ એકસ્થ.

* * *

હું જો સ્ત્રી હોત તો કોણ જાણે કેટલુંય બંડ પોકારત. હું ઇચ્છું છું કે સ્ત્રીઓ તરફથી બંડ પોકારાય. પરંતુ બંડ તો એ સ્ત્રી પોકારી શકશે, જે વૈરાગ્યની મૂર્તિ હશે. વૈરાગ્ય-વૃત્તિ પ્રગટ થશે, ત્યારે તો માતૃત્વ સિદ્ધ થશે. સ્ત્રીઓ જો સ્વતંત્રતા ઇચ્છતી હોય તો

એમણે વાસનાની તાણમાં તણાવા માંડવું ના જોઈએ.

'ત્રીજી શક્તિ'નો મારો અર્થ છે કે એવી શક્તિ જે હિંસા-શક્તિની વિરોધી હોય અને દંડશક્તિથી ભિન્ન હોય. એ છે લોકશક્તિ. આપણે એને માટે કોઈ અલગ સંપ્રદાય બનાવવાનો નથી, બલકે લોકોમાં એકરૂપ થઈ ભળી જઈ, કેવળ માનવમાત્ર બનવાથી જ આ કામ થઈ શકશે.

* * *

ભૂદાનયજ્ઞમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસ ક્રાન્તિ માટે મારું જીવન સમર્પણ.

* * *

આપણને કોઈ પણ દેશવિશેષનું અભિમાન ન હોય, કોઈ પણ ધર્મવિશેષનો આગ્રહ નહીં, કોઈ પણ સંપ્રદાય કે જાતિવિશેષમાં બદ્ધ નહીં, વિશ્વમાં ફેલાયેલા સદ્‌વિચારોના ઉદ્યાનમાં વિહાર કરવો એ આપણો સ્વાધ્યાય.

સદ્‌વિચારોને આત્મસાત્ કરવા એ આપણો ધર્મ, વિવિધ વિશેષતાઓમાં સામંજસ્ય સ્થાપવું, વિશ્વવૃત્તિનો વિકાસ કરવો, આ છે આપણી વૈચારિક સાધના.

* * *

એક ગણું વાંચવું, બમણું વિચારવું, ચાર ગણું આચરવું.

ખાદીનાં બે પાસાં છે – આર્થિક અને આધ્યાત્મિક. સ્વરાજ્ય પછી એનું આધ્યાત્મિક મૂલ્ય પરવારી ગયું નથી. આજે પણ એનું ક્રાન્તિકારી મૂલ્ય એટલું જ છે. ખાદી ઉત્પન્ન કરીને ગામડાં સ્વાવલંબી બને તો દેશમાં સંરક્ષણની બીજી હરોળ બની શકે.

* * *

માતામાં વાત્સલ્ય, સંતમાં શીલ અને વિદ્વાનમાં જ્ઞાન હોય છે. આચાર્ય એ છે, જેમાં આ વાત્સલ્ય, શીલ અને જ્ઞાનનો ત્રિવેણીસંગમ થયો હોય.

* * *

શિક્ષણ એટલે ત્રિવિધ યોગ - યોગ, ઉદ્યોગ અને સહયોગ.

* * *

સંસ્કૃતિનો ઉછેર broadcast(વ્યાપક-પ્રસારણ)થી નહીં, deep cast(ગહન-પ્રસારણ)થી થશે.

* * *

હિમાલય એટલે ચિત્તની સ્થિરતા.

राजनीति राक्षसेर शास्त्र: - આસામની કહેવત છે કે રાજનીતિ એ રાક્ષસોનું શાસ્ત્ર છે કારણ કે તે તોડે છે. બાબા આમાં જોડે છે. लोकनीति देवतार शास्त्र - લોકનીતિ દેવતાઓનું શાસ્ત્ર છે, કારણ કે તે જોડે છે.

* * *

મોટરમાં જે રીતે ગતિવર્ધક અને દિશાસૂચક એમ બે યંત્રો હોય છે, તેમ માનવજીવનને પણ બે યંત્રો જોઈએ, વિજ્ઞાન એ ગતિવર્ધક, તો અધ્યાત્મ એ દિશાસૂચક. અધ્યાત્મે ચીંધેલી દિશામાં વિજ્ઞાન આગળ વધશે તો પૃથ્વી પર નંદનવન રચાશે. અધ્યાત્મ વગરનું વિજ્ઞાન પૃથ્વીને સ્મશાન બનાવશે.

---

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)